બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**જુલાઈ-૨૦૨૧**

ઝિલ કૃઅદ-ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૭, સળંગ અંક : ૨૧૦



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧

9427464411 PhonePe/Paytm/Googl Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈસ્લામમાં કુર્બાનીનું મહત્વ તથા વિવિધ વાંધાઓના જવાબો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 04 | હદાઈકે બખ્શિશ | 16 |
| 05 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 19 |
| 06 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 07 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 28 |
| 08 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 30 |
| 09 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 32 |
| 10 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 36 |
| 11 | આવો એક પ્લેટફોર્મ પર થઈ જઈએ ! | 39 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


### જબ ભી કોઈ પૂછતા હૈ અહલે સુન્નત કી સનદ

જબ ભી કોઈ પૂછતા હૈ અહલે સુન્નત કી સનદ
પેશ કર દેતે હૈં હમ તો આ'લા હઝરત કી સનદ
નફ્સી નફ્સી હશ્ર મેં હોગા રસૂલોં કા જવાબ
મુસ્તફા કે હાથ મેં હોગી શફાઅત કી સનદ
નક્શ કર લો નામે અહમદ અપને દિલ પર સુન્નીયો
હાં યહી હૈ નારે દોઝખ સે હિફાઝત કી સનદ
ખાનદાને મુસ્તફા કા મર્તબા ક્યા પૂછના
હૈ કુર્આને પાક મેં ઉનકી તહારત કી સનદ
ઈસ લિયે પઢતે હૈં હમ સુન્ની ખડે હો કર સલામ
હૈ યહી સરકારે તયૂબહ્ સે મહબ્બત કી સનદ
હૈ **અલિફ** મિષ્લે કૃયામ **હ** હૈ રુકૂઅ સજદહ હૈ **મીમ**
**દાલે** અહમદ હૈ મુસલમાં કી ઈબાદત કી સનદ
હિંદ મેં હૈ સુન્નીયોં કે જિતને ભી દારુલ ઉલૂમ
સબ કે સબ હૈં સૈયદુલ્ ઉલ્મા કી મેહનત કી સનદ
શૈખ નજદી તુમ કો હમ કિસ તૌર સે અપના કહે
જાઓ પહલે લાઓ તુમ સુન્ની જમાઅત કી સનદ
જિસ કા ચેહરા ખિલ ઉઠે 'અહમદ રઝા' કે નામ પર
ગોયા ઉસકો મિલ ગઈ જીતે જી જન્નત કી સનદ
ઈસ લિયે **નઝમી** પઢા કરતા હૈં ના'તે મુસ્તફા
મિષ્લે હસ્સાં ઉસકો ભી મિલ જાએ કુર્બત કી સનદ

# ઈસ્લામમાં કુર્બાનીનું મહત્વ તથા વિવિધ વાંધાઓના જવાબો

*તંત્રી લેખ......*

વર્તમાનકાળમાં એક હવા કેટલાક સમયથી ચાલી છે કે ઈસ્લામના કાયદા ક઼ાનૂન તથા નીતિ નિયમોમાં ઈસ્લામ વિરોધી તત્વો ફણગા કાઢતા રહે છે અને આશ્ચર્ય તો એ કે ઉપરથી મુસલમાનોને સમજાવવા કોશિશ કરે છે કે આવુ કુર્આનમાં નથી, અને હદીષમાં તો આવું છે ! વગેરે. તેમને અમારું કહેવું છે કે ભાઈઓ ! તમે કુર્આન હદીષનો ઈન્સાફની દષ્ટિએ અભ્યાસ કર્યો હોત તો તમો પણ મુસલમાન હોત ! નહીં તો કમસે કમ ઈસ્લામના વિરોધી તો ન જ હોત. ઈસ્લામી કાયદા ક઼ાનૂનો તથા રીત રિવાજોમાં અનેક હિકમતો તથા ભલાઈઓ છુપાયેલી છે. એવા **ઈસ્લામોફોબિયાથી** પીડાતા લોકોની જાણકારી માટે તેમજ મુસલમાનોના ઈમાનમાં પુખ્તગી લાવવા માટે અત્રે આ લેખ ઈસ્લામ ધર્મની વિશ્વસનીય કિતાબોના આધારે રજૂ કરીએ છીએ.

## ★ કુર્બાની શું છે અને તેના માટે ખુદાનો શું હુકમ છે ? ★

ખાસ પ્રકારના જાનવરને ખાસ દિવસમાં રબને રાજી કરવાની નિય્યતે ઝબહ કરવાને કુર્બાની કહે છે. કુર્બાની હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે જે આ ઉમ્મતના માટે બાકી રાખવામાં આવી. અને નબી કરીમ صلی اللہ علیہ وسلمને કુર્બાની કરવાનો હુકમ આપવામાં આવ્યો. રબ તઆલાનું ફર્માન છે : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ۝ **"તમે તમારા રબના ખાતર નમાઝ પઢો અને "કુર્બાની" કરો."** *(સૂ. કૌષર, ૧૦૮/૨)*

અને કુર્આનમાં જાનવરની કુર્બાની સંબંધી અન્ય આયતો પણ છે. જેમ કે :–

وَلِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا لِّيَذْكُرُوا اسْمَ اللّٰهِ عَلٰى مَا رَزَقَهُمْ مِّنْۢ بَهِيْمَةِ الْاَنْعَامِ ط "અને દરેક ઉમ્મતના માટે અમે એક "કુર્બાની" નિશ્ચિત કરી કે અલ્લાહનું નામ લે તેનાં આપેલાં બેઝબાન ચોપગાંઓ પર." *(સૂ. હજ્જ, ૨૨/૩૪)*

એક ઠેકાણે આદેશ છે : هُمُ الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَالْهَدْىَ مَعْكُوْفًا اَنْ يَّبْلُغَ مَحِلَّهٗ ط "તે તેઓ છે જેમણે કુફ્ર કર્યું અને તમને મસ્જિદે હરામથી રોકયા અને **'કુર્બાનીનાં જાનવર'** રોકાયેલાં રહ્યાં પોતાની જગાએ પહોંચવાથી." *(સૂ. ફતહ, ૪૮/૨૫)* આ સિવાય પણ કુર્બાની વિશેનું વર્ણન કુર્આનમાં છે. તો જે ગૈરો એવું કહે છે કે કુર્આનમાં કુર્બાનીનું વર્ણન નથી તેમને બતાવો કે જુઓ અને ગલત પ્રોપેગન્ડા ન કરો.

## ★ આવો ! નબીપાક صلی اللہ علیہ وسلمનાં ફર્માનોમાં કુર્બાનીનું મહત્વ જુઓ ★

કુર્બાનીમાં જાનવરના ઝબહ કરવાનું એટલું મહત્વ છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ૧૦મી ઝીલ હજ્જમાં આદમની ઔલાદનો કોઈ અમલ ખુદાની નજીક લોહી વહાવવા (કુર્બાની કરવા)થી અધિક પ્યારો નથી. અને તે જાનવર ક઼યામતના દિવસે પોતાની શીંગ તથા વાળો તથા ખરીઓ સાથે આવશે. અને કુર્બાનીનું લોહી જમીન પર પડવાથી પહેલાં ખુદાની નજીક ક઼બૂલિયતના મક઼ામે પહોંચી જાય છે, જેથી એને ખુશદિલીથી કરો. *(અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, બહવાલા બહારે શરીઅત)*

જેથી કુર્બાનીને બોજ સમજીને નહીં બલ્કે ખુશી ખુશી કરવામાં આવે એ જ ઈમાનનો તક઼ાઝો છે. જેમ કે બીજી હદીષમાં છે : હઝરત ઈમામ હસન ઈબ્ને અલી رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે ફર્માવ્યું, જેણે ખુશદિલી

Web: www.barkatekhwaja.net

સાથે સવાબનો તાલિબ થઈને કુર્બાની કરી તે જહન્નમની આગથી આડ બની જશે. *(તિબ્રાની)* બીજી હદીષ છે : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે રૂપિયા ઈદના દિવસે કુર્બાનીમાં ખર્ચ કરવામાં આવે તેનાથી અધિક કોઈ રૂપિયો (રબની નજીક) પ્યારો નથી. *(તિબ્રાની)* જેથી કોઈ અધર્મી એમ સમજાવે કે કુર્બાનીને બદલે રકમ ગરીબોમાં વહેંચી દેવામાં આવે તો એ વાત તેની સડેલી ખોપરીની પેદાશ છે. અલ્લાહ વ રસૂલનાં ફર્માનો પર આપણે ઈમાન રાખવાનું છે કેમ કે શક્તિ હોવા છતાં કુર્બાની ન કરવાથી અલ્લાહના રસૂલ કેવી નારાઝગી દર્શાવે છે તે જુઓ. હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "જે શક્તિ હોવા છતાં કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક પણ ન આવે." *(ઈબ્ને માજહ, અબૂ હુરૈરહ)* અને યાદ રાખશો કે ગરીબોની મદદ માટે પણ જે હુકમો ઈસ્લામમાં સદકા, ઝકાત, ખયરાતના છે તે ક્યાંય મળશે નહીં. બધું જ છે ઈસ્લામમાં !

ઉપરોક્ત નબવી ફર્માનોથી જાનવરની કુર્બાનીનું મહત્વ સમજી શકાય છે. અને એમાં કેટલો સવાબ છે તે જુઓ. ઈબ્ને માજહએ ઝયદ ઈબ્ને અરકમ رضی اللہ عنہથી રિવાયત કરી કે, સહાબીઓએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા માટે એમાં શું સવાબ છે ? ફર્માવ્યું, દરેક વાળના બદલામાં નેકી છે. અર્ઝ કરી, ઉનનો શો હુકમ છે ? ફર્માવ્યું, ઉનના દરેક બાલના બદલામાં નેકી છે.

સારાંશ કે કુર્બાની એ ઈસ્લામમાં કુર્આન હદીષથી સાબિત છે અને ૧૪૦૦ વરસો ઉપરાંતથી રસૂલે પાક ﷺ તથા સહાબીઓ તથા તાબઈન તબે તાબઈન તથા અવલિયા, ઉલમા, મુસ્લિમો તેને કરતા આવ્યા છે, અને ઈસ્લામનો એ અતૂટ હિસ્સો છે.

## ★ કુર્બાનીને સ્વપ્નની બિન ભરોસાપાત્ર વાત કહેનારને જવાબ ★

કેટલાક કહેવાતા એજ્યુકેટેડ પણ દીની રીતે અન એજ્યુકેટેડ નામના મુસલમાન અથવા ગૈરમુસ્લિમ લોકો કુર્બાનીના સંબંધે ગુમરાહીભરી વાતો વહેતી કરતા રહે છે. એવા જ એક ગુમરાહે કહ્યું કે કુર્બાનીનો પાયો હઝરત ઈબ્રાહીમ علیہ السلامના ખ્વાબ (સ્વપ્ન) પર છે અને ખ્વાબ તથા ખયાલની વાતો ભરોસાપાત્ર નથી જેથી કુર્બાની કરવી નાદાની છે. એના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : કુર્આને પાકમાં છે : "હે મારા પુત્ર ! મેં સ્વપ્ન જોયું છે કે હું તને ઝબહ કરું છું." *(પારા–૨૩, સૂ. સાફ્ફાત, આયત–૧૦૨)* આ આયતની તફસીરમાં અલ્લામા શયખ સુલૈમાન જુમલ رحمۃ اللہ علیہ લખે છે, (અર્થ) : "હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ૮ ઝીલ હજ્જની રાતમાં ખ્વાબ જોયો કે કોઈ કહેનારો કહી રહ્યો છે કે અલ્લાહ તઆલાએ આપના પુત્રને ઝબહ કરવાનો તમને હુકમ આપ્યો છે. જ્યારે સવાર થઈ તો આપ ફિકરમાં પડયા કે આ હુકમ અલ્લાહ તરફથી જ છે કે શૈતાનના તરફથી ?! જ્યારે બીજી રાત્રે એ જ પ્રમાણેનો ખ્વાબ જોયો તો યકીન થઈ ગયું કે પુત્રના ઝબહનો હુકમ અલ્લાહ તરફથી જ છે. ત્રીજી રાત્રે એ જ પ્રમાણેનો ખ્વાબ આપે ફરી જોયો તો હઝરત ઈસ્માઈલ علیہ السلامની કુર્બાનીનો આપે નિશ્ચય કર્યો અને તેમને કહ્યું, "હે મારા પુત્ર ! હું ખ્વાબ જોઉં છું કે હું તમને ઝબહ કરી રહ્યો છું." *(તફસીરે જુમલ, ભાગ–૩, પેજ–૫૪૭)* અને એ જ પ્રમાણે આરિફ બિલ્લાહ હઝરત અહમદ બિન મુહમ્મદ સાવી رحمۃ اللہ علیہએ પણ તફસીરે સાવી, ભાગ–૩, પેજ–૩૨૦માં લખ્યું છે. અને હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ આ જ આયતની તફસીરમાં જણાવે છે : "અંબિયાનો ખ્વાબ (સ્વપ્ન) હક્ક હોય છે અને તેમનાં કામો અલ્લાહ તઆલાના હુકમથી થાય છે."

જેથી જ્યારે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامનો ખ્વાબ હકીકત પર આધારિત હોય છે અને તેમનું દરેક કામ અલ્લાહ તઆલાના હુકમથી જ થાય છે તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હઝરત ઈસ્માઈલને ઝબહ કરવું અલ્લાહ તઆલાની વહી અને તેના હુકમથી હતું. **તેમના મુબારક ખ્વાબને પોતાના ખ્વાબો ખયાલની જેમ સમજીને અવિશ્વસનીય ઠરાવવું ઉઘાડી ગુમરાહી તથા બદ્મઝહબી છે.**

અને વળી ખુદા તઆલાએ આપણા નબી ﷺને હુકમ ફર્માવ્યો, فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ''તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો.'' *(પા. ૩૦, સૂ. કૌષર)* એટલા માટે હુઝૂર ﷺ, સહાબાએ કિરામ, તાબઈને એઝામ, ઈસ્લામના ઈમામો, મહાન ફકીહો, મુફસ્સિરો, મુહદ્દિષો رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ કુર્બાનીઓ કરી, બલ્કે આખા જગતના મુસલમાન ૧૪૦૦ ઉપરાંત વરસોથી કુર્બાની કરતા આવ્યા. અને કેમ ન કરે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''જેનામાં શક્તિ હોય અને કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક હરગિઝ ન આવે.'' *(ઈબ્ને માજહ, અન્વારુલ હદીષ–૩૬૨)*

જેથી કુર્બાનીને ખ્વાબો ખયાલની વાત કહીને તેને અવિશ્વસનીય ઠરાવનાર તથા કુર્બાનીને નાદાની ઠરાવનાર ગુમરાહ તથા બદ્ઝહબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** (મુફતી) જલાલુદ્દીન અહમદ અમજદી *(૨૨ ઝીલ કઅદા, હિ.સ. ૧૪૧૯)*

## ★ કુર્બાની વિશે વર્તમાન યુગની શંકાઓ તથા નિવારણ ★

અમુક અજ્ઞાનીઓ ઈસ્લામના આ મહત્વના તથા ઐતિહાસિક શિઆર (નિશાની) પર આક્ષેપ લગાડતાં કહે છે કે ત્રણ દિવસોમાં એટલી સંખ્યામાં પ્રાણીઓ ઝબહ કરવામાં આવે છે કે માનવ દુનિયાના માટે દર વરસે પશુઓની ઉણપનો પ્રશ્ન ખડો થઈ જાય છે !

જુઓ ! કે આ વાંધામાં કેટલી જાન છે ? જરા ઠંડકથી વિચાર કરો. **દરેક દેશ અને કૌમમાં ઝબહ કરવાનો રિવાજ છે અને તે આખુ વરસ ચાલુ રહે છે.** પશુઓની ખોટ પડવાનો પ્રશ્ન એના પ્રતિ ઉભો થવો જોઈએ, ન કે કુર્બાનીની તરફ. અને જો કુર્બાની બંધ પણ કરાવી દેવામાં આવે તો શું આ મસ્અલો હલ થઈ શકે છે ? હરગિઝ નહીં ! આ ત્રણ દિવસોમાં ભલે કાંઈક અધિક જાનવરો કામમાં લેવાય છે પરંતુ તેની સાથે એ પણ હકીકત છે કે કુર્બાની પછી અમુક દિવસો સુધી ઝબહનુ કામ પણ ઓછુ કરવામાં આવે છે. જો આપણે થોડીવાર માટે માની લઈએ કે કુર્બાનીની ઈદ પર ઝબહ કરવા પર પાબંદી લગાડી દેવામાં આવે તો શું તેનાથી જાનવરોની ઓછપનો પ્રશ્ન હલ થઈ શકે છે ? જ્યારે આખુ વરસભર વિશ્વભરમાં ધામધુમથી ગોશ્ત ખાવાનો ક્રમ ચાલુ રહે છે !

બીજી બાજુ માંસાહાર માનવ ખોરાકના પ્રશ્નનો એક ઘણો જ મહાન ઉકેલ પણ છે. તમે વિચારો કે જો માણસ ગોશ્ત ખાવાનુ છોડી દે તો ખાવાની ચીજોના ભાવમાં કેટલો વધારો થઈ જશે. વિશ્વ સ્તરે જોનારાઓ સમક્ષ આ હકીકત છુપી નથી.

પ્રાણીઓની અધિકતા ખરેખર વિશ્વ માટે અલ્લાહની મહાન નેઅમત છે. તેનાથી ઘી, દૂધ, દહીં વગેરે ઘણા ફાયદાઓ પ્રાપ્ત કરવામાં આવે છે. પણ તેમનામાં એક મોટી સંખ્યા તેવાં પ્રાણીઓની પણ છે જેમનાથી ફાયદો થોડો અને નુકસાન વધારે થાય છે. જેમ કે અમુક ગાયો અને ભેંસો દૂધ નથી આપતી અથવા વૃધ્ધાવસ્થાના કારણે તેમના થકી કશો ફાયદો પ્રાપ્ત કરવો શકય નથી થતો. તો આવા સંજોગોમાં તેમના પર જે ખર્ચા થાય છે

Web.: www.barkatekhwaja.net

તે નિરર્થક માલને વેડફવા સમાન છે. આ પ્રકારનાં જાનવરોનુ અસ્તિત્વ માલિકોના માટે એક બોજ રૂપ બની જાય છે. પરંતુ જો તેને બજારમાં વેચી દેવામાં આવે તો તે કામ વિનાનાં પ્રાણીઓ થકી એકી સાથે કાંઈ કેટલાય ફાયદા પ્રાપ્ત થાય છે. દા.ત. જાનવરોનાં માલિક એક બોજથી છૂટકારો મેળવી લે છે તેમજ યોગ્ય રકમ પણ મળી જાય છે. કસાઈઓને એક રોજીનો ઝરીયો હાંસલ થઈ જાય છે અને પ્રાણીઓ જે નકામાં હતાં તે સેંકડો માનવોનો ખોરાક બની જાય છે. તેમજ તેમનાં શીંગડાં, હાડકાં અને ચામડાં ઘણા કામોમાં આવી જાય છે. આ સૌ કટીંગને જાઈઝ રાખવાની તથા કુર્બાનીની બરકત છે.

જો કટીંગ તથા કુર્બાની પર પાબંદી લાગુ કરવામાં આવે તો તે જાનવરોના માલિકો તે જાનવરોને કયાં તો આઝાદ છોડી મૂકશે અને રસ્તા પર એવાં જાનવરો અડીંગો જમાવીને અત્યારે પણ બેસે છે અને અકસ્માતો પણ સર્જે છે. વળી આવાં છૂટાં ઢોરોથી ફસલો (ખેતીના પાકો)ની બર્બાદીનો એક અવિરત ચાલનારો ક્રમ શરૂ થઈ જશે. બીજુ એ કે તેમને કોઈ રીતે નષ્ટ કરી દે અથવા નદીમાં ફેંકી દેશે. અને આ સર્વ કાંઈ ફાયદા વિનાનું માલનુ નુકસાન છે, અને જો એને પોતાની પાસે રાખશે તો જાનવરોના માલિક જેઓ સામાન્યતઃ ગરીબ હોય છે તેમના માટે ખાવાનો સામાન પૂરો પાડવામાં તબાહ થઈ જશે. વધુમાં એ કે જાનવરો વૃધ્ધ થવાથી બીમાર પડશે જેના લીધે અન્ય લાભદાયી પ્રાણીઓને પણ અસર થયા વિના રહેશે નહીં તેમજ તેનાથી સામાન્ય વાતાવરણ પણ બગાડશે જે પોતે ખુદ માનવ દુનિયા માટે એક સમસ્યા બનશે.

માનવના દિલો દિમાગ તથા શરીરની તંદુરુસ્તીના પોષણ માટે પ્રોટિનયુકત ખોરાક આજે આખા વિશ્વનો વાસ્તવિક પ્રશ્ન બની ચૂકયો છે. દુનિયાભરના ડોકટરો તથા તબીબો દરેક યુગમાં પ્રોટિનયુકત ખોરાકની જરૂરત તથા તેના મહત્વ પર જોર દેતા આવ્યા છે. પણ આશ્ચર્ય છે કે આજે પણ કેટલાય લોકો કુર્બાની અને કટીંગને જુલ્મ (ક્રુરતા, ઘાટકીપણા) સાથે સરખાવે છે ! તેમણે વિચારવું જોઈએ કે જો કુર્બાની જુલ્મ છે તો હર્યા ભર્યા ઝાડોનાં ફળો તોડવાં અને લહલહાતી ખેતીઓને કાપવી પણ જુલ્મ જ ગણાશે. હરીયાળી શાકભાજીથી ફાયદો ઉઠાવવાનો મશ્વરો પણ બકવાસ જ ઠરશે, આ હૃદયાકર્ષક હરીયાળા નઝારા પણ સૃષ્ટિના સૌંદર્યની તસ્વીરો હોય છે અને તેમનામાં પણ એક પ્રકારની જિંદગી જોવામાં આવે છે.

અને માનવ દુનિયા એ દ્રષ્ટિ બિંદુથી અમલ કરતી થઈ જાય તો તેના માટે રણની રેતી તથા ધૂળ ફાકવાના સિવાય કોઈ માર્ગ નથી ! યાદ રાખશો કે ઈસ્લામે કુર્બાનીનો હુકમ આપીને તેનાથી ઘણા બધા ફાયદા હાંસલ કરવા અને અન્યોને ફાયદો પહોંચાડવાનો પણ હુકમ આપ્યો છે. ઈસ્લામનો કોઈ હુકમ હિકમતોથી ખાલી નથી, એ અલગ વાત છે કે આપણી ખામીયુકત દિમાગી શકિત ત્યાં સુધી પહોંચ પ્રાપ્ત ન કરી શકે. એના અનુસંધાનમાં કુર્આની ફર્માનો જોઈ લો : فَكُلُوا مِنْهَا وَأَطْعِمُوا الْبَائِسَ الْفَقِيرَ "તો એ કુર્બાનીઓમાંથી પોતે પણ ખાવ અને **મોહતાજ ગરીબને પણ ખવડાવો."** *(સૂરએ હજ્જ, ૨૨/૨૮)*

## ★ એક વર્તમાન પત્રમાં ઉઠાવેલ વાંધાના જવાબો ★

જેવું કે હાલ ગુજરાત સમાચાર દૈનિકમાં કુર્બાની વિરૂદ્ધ *"મેનકા ગાંધી"*નો લેખ તા. ૧૭–૫–૨૦૨૧ના આવેલો એ જ પ્રમાણે થોડાક વરસો પહેલાં *એસ.એમ. સલ્માન નામના એડવોકેટ*નું એક લખાણ "શું ખરેખર ઈસ્લામ જાનવરોને ઝબહ કરવાનો હુકમ આપે છે ?" એ શિર્ષક હેઠળ શાહજહાંપૂરથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્ર *"દિશા સંકેત"* ૧૫ તથા ૨૧ માર્ચ ઈ.સ. ૧૯૯૯ના પેપરમાં પ્રસિધ્ધ થયું. લખાણનાં અમુક વાકયો આ પ્રમાણે છે :–

**૦૧.** કહેવામાં આવે છે કે ઈસ્લામ માંસાહારની ઈજાઝત આપે છે, શું ખરેખર એવું જ છે ? શું પયગંબર હઝરત મુહમ્મદ ﷺ દુનિયાના મહાપુરૂષોથી અલગ હટીને આ પ્રમાણે વ્યવસ્થાને બગાડવાની ઈજાઝત આપી શકે છે ?

**૦૨.** ઈદુદ્દોહા (બકરી ઈદ) એક એવો તહેવાર છે જેમાં કુર્બાની કરવું અનિવાર્ય (વાજિબ) બતાવવામાં આવે છે. શું સચમુચ એવું જ છે ? જે કુર્આનના થકી ખુદા આપણને મહોબ્બત, પ્યાર, દયા, રહમદિલીનો સંદેશો આપે છે અને દરેક જાનદારથી રહમ તથા પ્યારથી વર્તવાની તાકીદ કરે છે, શું તે જ કુર્આન થકી ખુદા આપણને કોઈ જાનદારને કત્લ કરવાની ઈજાઝત પણ આપી શકે છે ?

**૦૩.** કુર્બાની ખલીલનો પ્રસંગ રજૂ કર્યા બાદ લેખક લખે છે : "વિચારવાની વાત છે કે જાનવરોને એ આધારે કત્લ કરીને આપણે કઈ ઈમ્તેહાન આપી રહ્યા છીએ ? જ્યાં આ બનાવથી આપણે દુનિયાની મહોબ્બતને છોડવા અને આખેરતના ઈશ્કમાં મશ્ગૂલ થવાનો સબક લેવો જોઈએ, ત્યાં આપણે જાનવરોને કત્લ કરીને કયાંક આપણી આખેરતને તો નથી બગાડી રહ્યા ?! આમ પણ ઈસ્લામ કોઈ પણ સ્થિતિમાં લોહીના ઉપયોગની વિરૂધ્ધ છે. એ એક સચ્ચાઈ છે કે લોહીને સંપૂર્ણપણે ગોશતથી અલગ નથી કરી શકાતુ. એનાથી સાફ જણાય છે કે અલ્લાહ નથી ચાહતો કે આપણે જાનવરોને કત્લ કરીએ." *(દિશા સંકેત)*

હવે પૂછવાની વાત એ છે કે લેખકના લખ્યા મુજબ શું સચમુચ ઈસ્લામ આપણને ગોશ્ત ખાવાની ઈજાઝત નથી આપતો ? શું ખરેખર ખુદા આપણને કોઈ જાનદારના કત્લની ઈજાઝત નથી આપતો ? શું ખરેખર કુર્બાની જાનવરોનું કત્લ છે ? અને તેની આપણને ઈસ્લામ ઈજાઝત નથી આપતો ? એવો શખ્સ જે આવા ખયાલો ધરાવતો હોય તેના બારામાં શરીઅતનો શું હુકમ છે ? આ તમામ સવાલોને જ્યારે **ફકીહે આ'ઝમે હિંદ મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી** رحمۃ اللہ علیہની બારગાહમાં રજૂ કરવામાં આવ્યા તો આપે ખૂબ જ ચિંતનાત્મક અને સમૃધ્ધ જવાબ લખ્યો જે નીચે પ્રમાણે છે :–

અમારે કોઈ ખાસ વ્યકિત સાથે બહષ નથી. સવાલમાં જે વાતો વર્ણન કરવામાં આવી છે તેને કહેનારો લખનારો કોઈ પણ હોય **અમ્ર** હોય કે **બક્ર** પણ તે **મુસલમાન નથી.** એટલા માટે કે તેણે કુર્આને કરીમની મોટાભાગની આયતોનો ઈન્કાર કર્યો છે, કે જો તે સૌને એકત્ર કરવામાં આવે તો એક જાડી કિતાબ તૈયાર થઈ જાય. રબ તઆલાનો ઈર્શાદ છે : فَكُلُوْا مِمَّآ اَمْسَكْنَ عَلَيْكُمْ "શિકારી જાનવર મારીને તમારા માટે રહેવા દે, તે જાનવરને ખાવ." *(સૂ. માઈદા, ૫/૪)* અને ફર્માવ્યું : فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ "તે જાનવરોને ખાવ જેના પર અલ્લાહનુ નામ લેવામાં આવ્યું." *(સૂરએ અન્આમ, ૬/૧૧૮)* અને ફર્માવ્યું : وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ "અને તમને શું થઈ ગયું છે કે તે જાનવરોને નથી ખાતા જેના પર અલ્લાહનુ નામ લેવામાં આવ્યું છે." *(સૂરએ અન્આમ, ૬/૧૧૯)* કુર્બાનીના બારામાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમારા રબને માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." *(સૂરએ કૌષર, ૧૦૮/૨)*

તે શખ્સે એક નહીં હજારો હદીષોનો ઈન્કાર કર્યો છે. તે માણસે જાણીબૂજીને કુર્આન મજીદના ઈર્શાદો અને હજારો હજાર મુબારક હદીષોની સ્પષ્ટતાનો ઈન્કાર કર્યો. એવું કહેવું કે, "ઈસ્લામ ગોશ્ત ખાવાની ઈજાઝત નથી દેતો" એ સૂર્યને જૂઠલાવવા બરાબર છે. દલીલોને જોતાં ડંકાની ચૌટ પર હલાલ તથા પાક જાનવરોને અલ્લાહના

નામ પર ઝબહ કરીને ખાવાની ઈજાઝત આપે છે અને તેને કુદરતના બંધારણની વિરૂધ્ધ સમજવું જેહાલત છે અને કુદરતના બંધારણથી આંખો બંધ કરી લેવું છે.

દ્દષ્ટાંત રૂપે તમે કેવળ એક સરખામણીનો અભ્યાસ કરો. કૂતરુ હરામ છે અને એ કૂતરી ચાર ચાર છ છ બચ્ચાંને જન્મ આપે છે તેને કોઈ નથી ખાતુ. તેની સંખ્યાની ગણત્રી ભેગી કરો. બીજી બાજુ બકરી હલાલ છે અને કેવળ હિંદુસ્તાનમાં જ લાખો બકરીઓ રોજ ઝબહ થાય છે. જ્યારે કે બકરી વધુમાં વધુ બે બચ્ચાંને જન્મ આપે છે. ખૂબ જ ઓછી એવી બકરીઓ છે જે ત્રણ બચ્ચાં જણતી હોય છે. **તેમ છતાં બકરીઓની સંખ્યા ભેગી કરો તો કૂતરાં કરતાં સેંકડો ગણી વધારે છે !** તે મૂર્ખાઓને કોઈ પૂછે કે આ કેવું કુદરતનું બંધારણ છે કે જે જાનવરોને કોઈ ખાતુ નથી, જેની માદા વધુ બચ્ચાં પણ જણે છે તેઓ સંખ્યામાં થોડાં છે ! પરંતુ જે જાનવરોને ખાવામાં આવે છે જેની માદા બચ્ચાં પણ પેલાની નિસ્બતે ઓછાં જણે છે તેની સંખ્યા ઘટતી નથી ! અને કુદરતના ગૈર માલૂમ બંધારણ (નિઝામ)ના પ્રમાણે તેમની વધારે ને વધારે સંખ્યા મૌજૂદ રહે છે.

જાનવરોને ઝબહ કરીને ખાવું જુલ્મ નથી પણ તેમના પર રહમ છે. યકીનન ! ઝબહમાં તકલીફ થાય છે પણ તે તકલીફ અમુક જ સેકંડોની છે. જો જાનવરને ઝબહ ન કરવામાં આવે અને છોડી દેવામાં આવે તો તે કેટલી તકલીફની સાથે પોતાની જિંદગીના દિવસો પસાર કરશે એ વિચારવાની વાત છે ! શું ખાશે, બીમાર થશે તો કેટલી તકલીફ ઉઠાવશે, હાથ પગો તૂટી જશે, આંખો જતી રહેશે તો તેમના માટે એ સિવાય કોઈ માર્ગ નથી કે એક જગાએ પડયા પડયા ભૂખ્યા તરસ્યાં ઘુટાઈને તડપી તડપી દમ તોડી દે. આ સતત તકલીફો તથા પીડાઓના મુકાબલામાં ઝબહમાં અમુક સેકંડની તકલીફ શું હેસિયત ધરાવે છે ?! ઈન્સાનથી ઉલ્ટુ કે ઈન્સાન સમજદાર છે, બોલવા માટે શકિતમાન છે અને તેનું કુટુંબ છે, ખાનદાન છે, ઈલાજના માટે ડોકટર છે, દવા છે, અશકત થયા બાદ ખિદમત માટે પુત્રો છે, પૌત્રા છે...વગેરે. (તેની વાત અલગ છે.)

જ્યારે બીચારાં જાનવરોને કોણ પૂછવાવાળુ છે. મેં ખૂદ એવી ગાયના હાલ જોયા છે જેના હાથ પગો તૂટી ગયા હતા, ન ઉઠી શકતી હતી, ન હરી ફરી શકતી હતી. તેને કૂતરાં ચૂંથી રહ્યાં હતાં અને કૂતરાં હટી જાય તો કાગડા તેના ઝખ્મને ખાતા. વિચારો કે આ ગાયનો શું હાલ હશે ! જે ગાયો દૂધ આપવાને લાયક નથી રહી તેને ગૌશાલાએથી પણ બહાર કાઢી નાખવામાં આવે છે, બલ્કે અમુક ગુપ્ત માહિતી પ્રમાણે સસ્તા ભાવ પર ગોશ્ત ખાનારાઓને વેચી દેવામાં આવે છે !

વળી, એવું કહેવું કે ગોશ્ત ખાવો મહાપુરૂષોનો તરીકો નથી, તો એ પણ ગલત છે. અબુલ અંબિયા સૈયેદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام અને સૈયદના ઈસ્માઈલ, સૈયેદના ઈસ્હાક, સૈયેદના મૂસા عَلَيْهِمُ السَّلَامُ સર્વ માન્ય મહાપુરૂષો છે. હઝરત ઈસા علیہ السلامના અનુયાયીઓની સંખ્યા હાલમાં આખા વિશ્વમાં સૌથી અધિક છે. **આ સૌ ગોશ્ત ખાતા હતા.** વળી, આ લેખ લખનાર પોતાના જ મહાપુરૂષોને જુએ ! શું તેની નજીક રામચંદ્ર અને લક્ષ્મણ મહાપુરૂષ ન હતા ? શું એ લોકો ગોશ્ત ખાતા ન હતા ? મામલો એક એવી કૌમ સાથે છે જે પોતાના ધર્મના ચોખ્ખા આંતરિક ભેદોને ઉઘાડવાને સહન કરી શકતી નથી ! નહીં તો હું એવાં એવાં રહસ્યો બહાર પાડતે કે મોટા મોટા એડવોકેટ સાહેબો મોઢું તાકતા રહી જાત ! ભલે, સારાંશ કે આ લખનારનો લેખ સેંકડો આયતોની વિરૂધ્ધ છે અને સેંકડો હદીષોને જૂઠલાવે છે. તે ઉપરાંત દુનિયાના ઈતિહાસ, મહાપુરૂષોના જીવનના ઉસૂલો અને ફિતરતના ઉસૂલની વિરૂધ્ધ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી,
એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

لَا یُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا مَنْ ظُلِمَ ؕ
وَ كَانَ اللّٰهُ سَمِیْعًا عَلِیْمًا (١٤٨) اِنْ تُبْدُوْا خَیْرًا اَوْ تُخْفُوْهُ اَوْ
تَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا قَدِیْرًا (١٤٩) اِنَّ
الَّذِیْنَ یَكْفُرُوْنَ بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ یُرِیْدُوْنَ اَنْ یُّفَرِّقُوْا
بَیْنَ اللّٰهِ وَ رُسُلِهٖ وَ یَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّ نَكْفُرُ
بِبَعْضٍ ۙ وَّ یُرِیْدُوْنَ اَنْ یَّتَّخِذُوْا بَیْنَ ذٰلِكَ سَبِیْلًا ۙ (١٥٠)
اُولٰٓىٕكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَ اَعْتَدْنَا لِلْكٰفِرِیْنَ عَذَابًا
مُّهِیْنًا (١٥١) وَ الَّذِیْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ لَمْ یُفَرِّقُوْا
بَیْنَ اَحَدٍ مِّنْهُمْ اُولٰٓىٕكَ سَوْفَ یُؤْتِیْهِمْ اُجُوْرَهُمْ ؕ وَ
كَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِیْمًا (١٥٢) یَسْــٴَـلُكَ اَهْلُ الْكِتٰبِ اَنْ
تُنَزِّلَ عَلَیْهِمْ كِتٰبًا مِّنَ السَّمَآءِ فَقَدْ سَاَلُوْا مُوْسٰۤى
اَكْبَرَ مِنْ ذٰلِكَ فَقَالُوْۤا اَرِنَا اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْهُمُ
الصّٰعِقَةُ بِظُلْمِهِمْ ۚ ثُمَّ اتَّخَذُوا الْعِجْلَ مِنْۢ بَعْدِ مَا
جَآءَتْهُمُ الْبَیِّنٰتُ فَعَفَوْنَا عَنْ ذٰلِكَ ۚ وَ اٰتَیْنَا مُوْسٰى
سُلْطٰنًا مُّبِیْنًا (١٥٣)

## સૂરએ નિસાઅ્ની તફસીર

અલ્લાહ ખરાબ વાતની જાહેરાત પસંદ કરતો નથી[૧] સિવાય કે જેના પર જુલ્મ થયો હોય.[૨] અને અલ્લાહ સાંભળનાર, જાણનાર છે (૧૪૮) જો તમે કોઈ ભલાઈ જાહેરમાં કરો, અથવા છુપી રીતે, યા કોઈની બુરાઈથી દરગુજર કરો, તો બેશક ! અલ્લાહ માફ કરનાર, શક્તિશાળી છે[3] (૧૪૯) તેઓ જે અલ્લાહ અને તેના રસૂલોને માનતા નથી, અને ઈચ્છે છે કે અલ્લાહથી તેના રસૂલોને જુદા પાડી દે,[૪] અને કહે છે, અમે કોઈના પર ઈમાન લાવ્યા, અને કોઈના ઈન્કારી બન્યા,[૫] અને ઈચ્છે છે કે ઈમાન અને કુફ્રની વચમાં કોઈ માર્ગ કાઢી લે (૧૫૦) એ જ છે સાચે સાચ કાફિર[૬] અને અમે તૈયાર કરી રાખ્યો છે. કાફિરો માટે અપમાનજનક અઝાબ (૧૫૧) અને તે જેઓ અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન લાવ્યા, અને તેમનામાં કોઈ પર ઈમાન બાબત ભેદભાવ ન કર્યો, તેમને નજીકમાં જ અલ્લાહ તેમનો સવાબ આપશે[૭] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૮] (૧૫૨) હે મહબૂબ ! કિતાબવાળાઓ[૯] તમને પૂછે છે કે, તેમના પર આકાશમાંથી એક કિતાબ ઉતારી દો[૧૦] તો તેઓ તે મૂસાને એનાથી પણ

*મોટો સવાલ પૂછી ચૂક્યા[૧૧] કે બોલ્યા : અમને જાહેરમાં અલ્લાહ દેખાડી દો. તો તેમને વીજળીના કડાકાએ પકડી લીધા, તેમના ગુનાહો બદલ. પછી વાછરડું લઈ બેઠા[૧૨] એ પછી કે સ્પષ્ટ આયતો[૧૩] તેમની પાસે આવી ચૂકી. તો અમે એ માફ કરી દીધું,[૧૪] અને અમે મૂસાને સ્પષ્ટ ચઢતી આપી[૧૫] (૧૫૩)*

## :: સમજૂતી ::

**૧** : એટલે કે કોઈની છુપી હાલતને જાહેર કરવી, એમા નિંદા પણ આવી ગઈ અને ચુગલખોરી પણ. બુધ્ધિમાન તે છે જે પોતાની ઐબોને જુએ. એક કથન એવું છે કે ખરાબ વાતથી ગાળ મુરાદ છે.

**૨** : કારણ કે જાલિમના જુલ્મનું વર્ણન કરવું તેના માટે જાઈઝ છે. તે ચોર અથવા ઝુંટવી લેનાર વિશે કહી શકે છે કે તેણે મારો માલ ચોર્યો અથવા ઝુંટવી લીધો છે.

**શાને નુઝૂલ** : એક માણસ એક કબીલાનો મહેમાન બન્યો હતો. તે લોકોએ તેની સારી મહેમાનગતી ન કરી. જ્યારે પેલો ત્યાંથી ગયો, ત્યારે તેમની શિકાયત કરતાં કરતાં નીકળ્યો તે બાબત આ આયત ઉતરી.

અમુક તફસીરકારોએ કહ્યું છે કે, આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રضی اللہ عنہ બાબત ઉતરી, એક માણસ હુઝૂર ﷺના રૂબરૂમાં તેમના વિશે અજુગતુ બોલી રહ્યો હતો. તેમણે ઘણીવાર સુધી ચુપકીદી સાધી પણ પેલો માણસ રોકાયો નહીં ત્યારે તેને એક વાર જવાબ આપ્યો. એ જોઈ હુઝૂર ﷺ ત્યાંથી ઉભા થઈ ગયા. ત્યારે હઝરત સિદ્દીક અબૂબક્રએ વિનંતી કરી કે "યા રસૂલલ્લાહ ! આ માણસ ક્યારનો મને ભાંડતો હતો, ત્યારે આપે એને કશું ન કહ્યું, અને મેં એક જ વાર જવાબ આપ્યો તો આપ ઉભા થઈ ગયા ?!" હુઝૂરે ફર્માવ્યું, "તમારા તરફથી એક ફરિશ્તો જવાબ આપી રહ્યો હતો, જ્યારે તમે જવાબ આપ્યો ત્યારે ફરિશ્તો નાસી ગયો અને શયતાન હાજર થઈ ગયો." તે બાબત આયત ઉતરી.

**૩** : તમે તેના બંદાઓને દરગુઝર કરો, તે (ખુદા) તમને દરગુઝર કરશે.

**હદીષ** : તમે પૃથ્વીવાળાઓ પર રહમ કરો, આકાશવાળો તમારા પર રહમ કરશે.

**૪** : એવી રીતે કે અલ્લાહ પર ઈમાન લાવે અને તેના રસૂલો પર ન લાવે.

**૫. શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિશે ઉતરી. **યહૂદીઓ હઝરત મૂસા** علیہ السلام **પર ઈમાન લાવ્યા, અને હઝરત ઈસા તેમજ હુઝૂર** ﷺ **સાથે તેમણે કુફ્ર કર્યું.** નસરાનીઓ **હઝરત ઈસા** علیہ السلام **પર ઈમાન લાવ્યા,** અને **હુઝૂર** ﷺ**નો ઈન્કાર કર્યો.**

**૬ : અમુક રસૂલ પર ઈમાન લાવવું તેમને કુફ્રથી બચાવતું નથી, કારણ કે એક નબીનો ઈન્કાર તમામ નબીઓના ઈન્કાર જેવો છે.**

**૭** : કબીરા ગુનાહ કરનાર પણ એમાં સામેલ છે, કારણ કે તે અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન ધરાવે છે. મુઅતઝિલા ફિર્કાવાળાઓ કબીરા ગુનાહ કરનાર માટે કાયમી અઝાબની માન્યતા રાખે છે. આ આયતથી તેમના આ અકીદાનું ખંડન સાબિત થયું.

**૮** : આ આયત એ બાબત પ્રતિ સૂચન કરે છે કે (અલ્લાહના) કર્તવ્ય સંબંધી ગુણો (દા.ત. મગફિરત અને રહમત) હમેશાં હમેશથી છે. કારણ કે (એ ગુણોને નવજન્મિત કહેનારને કહેવું પડે છે કે અલ્લાહ તઆલા (મઆઝલ્લાહ) સહુ પ્રથમ ગફૂર અને રહીમ ન હતો, પાછળથી થયો. તેના એ કથનને આ આયત ખંડિત કરે છે.

Web : www.barkatekhwaja.net

૯ : અવળચંડાઈની રાહે.

૧૦ : એકી સાથે.

**શાને નુઝૂલ** : યહૂદીઓમાંથી કઅબ બિન અશરફ અને ફહહાસ બિન આઝુરાએ સૈયદે આલમ ﷺને કહ્યું "જો તમે નબી હોઉ તો અમારી પાસે આકાશમાંથી એકી સાથે કિતાબ લાવો, જેમ કે મૂસા علیہ السلام તવરાત લાવ્યા હતા."

તેમનો આ સવાલ સત્ય પ્રાપ્તિ માટે ન હતો, પણ અવળચંડાઈ અને તાબેદારી ફગાવવા માટે હતો તે બાબત આ આયત ઉતરી.

૧૧ : અર્થાત તેમનો આ સવાલ હદ દરજ્જાની અજ્ઞાનતાને લીધે છે. અને આ પ્રકારની અજ્ઞાનતામાં તેમના બાપ–દાદાઓ પણ સપડાએલા હતા. જો સવાલ સત્યની તલબ માટે હોત તો પૂરો કરત, પણ તેઓ તો કોઈ રીતે ઈમાન લાવનાર ન હતા.

૧૨ : તેને પૂજવા લાગ્યા.

૧૩ : તવરાત, અને હઝરત મૂસા علیہ السلامના મોજિઝા, જે અલ્લાહના એક હોવા અને હઝરત મૂસાના સત્ય હોવા બાબત સ્પષ્ટ સૂચન કરનાર હતા, અને જો કે તવરાત અમે એકી સાથે જ ઉતારી હતી. પણ 'ભૂંડી ટેવને ઘણા બહાના' અનુસાર તાબેદારી સ્વીકારવાને બદલે ખુદાને જોવાનો સવાલ કરી નાખ્યો.

૧૪ : જ્યારે કે તેઓએ તૌબા કરી. આમાં હુઝૂર ﷺના સમયના યહૂદીઓ માટે આશા છે કે જો તેઓ પણ તવબહ કરે તો તેમને પણ અલ્લાહ પોતાની કૃપાથી માફ કરી દે.

૧૫ : એવો કાબૂ આપ્યો કે જ્યારે આપે બની ઈસરાઈલને તૌબા ખાતર પોતાનાંને જ કત્લ કરવાનો આદેશ આપ્યો ત્યારે તેઓ નકાર ન કરી શક્યા, અને તેમણે તાબેદારી સ્વીકારી. *(ક્રમશઃ)*

## સૈયદ ઈકબાલહુસૈન અલવીયુલ હુસૈનીનો ઝાંબિયા ખાતે ઈન્તેકાલ

**અમદાવાદ** : ખાતેની શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہની ગાદીના ચશમો ચિરાગ હઝરત સૈયદ પીર ઈકબાલ હુસૈનબાવાનું જુમેરાતના રોજ આફ્રિકાના ઝાંબિયા ખાતે હૃદયરોગના હુમલાથી નિધન થયું. મળતી જાણકારી મુજબ નબીપુરના માંજરા પરિવારમાં રમઝાન માસ બાદ શાદીના પ્રસંગમાં ખાસ હાજરી આપવા ગયા હોય બે જ દિવસના રોકાણ બાદ તા. ૧૫મી એપ્રિલ ૨૦૨૧ના રોજ સાંજના સુમારે તેમના ઈન્તેકાલ કરી જવાના સમાચાર વહેતા થતા ગુજરાતભરમાંથી તેઓના ચાહકો તરફથી જાણકારી માટે આફ્રિકા ખાતે સતત ટેલીફોનની ઘંટડી રણકતી રહી. રાત્રિના ૧.૩૦ કલાકે મીમ પરિવારના ફાર્મમાં ભરૂચ, ટંકારીયા, નબીપુર, સાંસરોદ, દયાદરા સહિત પટેલ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં સુપુર્દે ખાક કરાયા હતા. હઝરતની દફનવિધિમાં સંખ્યા અધિક જનમેદની ઉમડી પડી હતી. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકે મર્હૂમના દર્જાતમાં બુલંદી ફર્માવે. (આમીન) –*તંત્રી*

## ઉર્સે સૈયદુશ્શોહદા હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہ મનાવાયો

**દયાદરા** : તા. ૩૦–૫–૨૦૨૧ રવિવારના રોજ અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં ૧૬ શવ્વાલના રોજ હુઝૂર ﷺના ચહીતા કાકા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہની શહાદત જંગે ઓહદમાં થઈ હતી જેની યાદમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપની નબી પાક ﷺ સાથેની મહોબ્બતના પ્રસંગો વર્ણવ્યા તથા આપના ઈમાન લઈ આવવાના પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો. તેમજ આપની ઈસ્લામ માટેની કુર્બાનીઓ તથા આપની બહાદુરીના વાકિઆ વર્ણવ્યા હતા. દીન ઈમાન માટે કુર્બાનીનો જઝબો પેદા કરવા તાકીદ કરી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

દર્સે હદીષે પાક એટલે

## મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં રેશમી કુબા હદિયા રૂપે પેશ કરવામાં આવી. આપે તેને પહેરી[૧]. પછી તેમાં નમાઝ પઢી. પછી ફારિગ થયા તો સખ્તીથી ઉતારી નાખી તેને નાપસંદ કરતાં. પછી ફર્માવ્યું કે* ***આ પરહેઝગારોને શોભા નથી*** *દેતું[૨]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** ફર્રૂજ તે સિરવાનીને કહે છે જેનો છૂટો રાખેલો ભાગ પાછળથી ખુલ્લો હોય. એ સિરવાની દૂમતુલ જંદલના બાદશાહ અકીદર્યા સિકંદરિયહના બાદશાહે હદિયા રૂપે પેશ કરી હતી. આપનુ પહેરી લેવું તેને રાજી કરવા માટે હતું. અમુકનું કહેવું છે કે આ બનાવ નબુવ્વતના ઝહૂર પહેલાંનો છે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ વખતે પણ નમાઝો પઢતા હતા. પણ અધિક સહીહ એ છે કે રેશમના હરામ થતા પહેલાંનો છે, નહીં તો હુર્મત બાદ હુઝૂર صلی اللہ علیہ وسلم એ રેશમ કદી પહેર્યું નથી. યાદ રાખશો કે પુરૂષે ખાસ રેશમનુ કપડુ પહેરવું મના છે, દરિયાઈ તથા સણનું બનાવટી રેશમ પહેરવું હલાલ છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! આ છે હુઝૂર صلی اللہ علیہ وسلم ની સલીમ ફિતરત કે હજી રેશમ હરામ નથી થયું પણ પવિત્ર તબીઅતમાં નફરત પહેલેથી જ હતી.

**(વિભાગ : ૨)** : *હઝરત સલમા ઈબ્ને અકૂઅ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું શિકારી માણસ છું[૨] તો શું એક કમીસમાં નમાઝ પઢી શકુ છું ? ફર્માવ્યું, હા ! બટન લગાડી દેજો, ભલે કાંટાથી જ હોય[૩]. (અબૂ દાઊદ) નિસાઈએ એના જેમ રિવાયત કરી.*

**૧.** આ અસ્લમી છે. મદની છે. કુન્નિયત અબૂ મુસ્લિમ છે. આપ તે સહાબીઓમાંથી છે જેમણે બયઅતે રિદવાનના મોક઼ા પર બીજી વાર બયઅત કરી. મશહૂર બહાદુર છે. પગપાળા લડનારાઓમાં અજોડ હતા. ૮૦ વરસની ઉમરે હિ.સ. ૭૪માં મદીનાપાકમાં વફાત થઈ.

**૨.** અને શિકારમાં ભાગદોડ ખૂબ કરવી પડે છે અને તેહબંદ (લુંગી) ભાગવામાં રુકાવટ નાખે છે.

**૩.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે લાંબી ખમીસમાં તેહબંદ તથા પાયજામા વિના નમાઝ જાઈઝ છે. બીજુ એ કે કમીઝના બટન લગાડી રાખવા એ સુન્નતે મુસ્તહબહ છે. અને જો ગરિવાનમાંથી સતર નજર આવે તો વાજિબ છે. ત્રીજુ એ કે નમાઝમાં પોતાનાથી પણ સતર છુપાવવું ફર્ઝ છે. એનાથી ઘણા ફિક઼્હી મસાઈલ કાઢી શકાય છે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ તેહબંદ લટકાવીને નમાઝ પઢી રહ્યો હતો[૧]. તેને હુઝૂરે અન્વર એ ફર્માવ્યું, જાવ ! વુઝૂ કરો. તે ગયો, વુઝૂ કર્યું પછી આવ્યો. એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપે એને વુઝૂ કરવાનો હુકમ શાથી આપ્યો, ફર્માવ્યું કે તે તેહબંદ લટકાવીને નમાઝ પઢી રહ્યો હતો. અલ્લાહ તે શખ્સની નમાઝ ક઼બૂલ નથી કરતો જે તેહબંદ લટકાવેલ હોય[૨]. (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે ફેશન અને ઘમંડના તરીકા પર તેનું તેહબંદ ઘૂંટીઓની નીચે હતું જેમ કે આજકાલ ચૌધરીઓનો પહેનાવો છે, એ મકરૂહે તહરીમી છે. જો **ફેશન (ઘમંડ)થી ન હોય તો વાંધો નથી** જેમ કે હઝરત અબૂ બક્ર સિદીક્ رضی اللہ عنہથી નકલ થયેલ છે કે આપના પેટ પર તેહબંદ રોકાતું ન હતું, સરકી જતુ હતું જેથી ઘૂંટીઓ નીચે થઈ જતુ. એના વિશે હુઝૂર ﷺને સવાલ કર્યો તો ફર્માવ્યું, તમે ફેશનવાળા ઘમંડીઓમાંથી નથી. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી.

**૨.** તેહબંદ લટકાવવાથી વુઝૂ વાજિબ નથી થતું. અહીં વુઝૂનો હુકમ આપવું ક્યાં તો એટલા માટે હતું કે એના કારણે તે શખ્સને આ બનાવ યાદ રહે અને ભવિષ્યમાં કદી નીચુ તેહબંદ ન પહેરે. કેમ કે કાંઈક અંશે સજા આપી દેવાથી વાત યાદ રહી જાય છે. અથવા એટલા માટે કે એમના દિલમાં ફેશન તથા ઘમંડ હતો જેથી જાહેરી પાકીના ઝરીયા બાતિની પાકી હાંસલ થાય, હાથ પગો ધોવાથી દિલ ગુરૂર તથા તકબ્બુરથી ધોવાય જાય છે. **અમુક સૂફીઓ ફર્માવે છે કે પાક કપડાંમાં રહેવું, પાક બિસ્તર પર સૂવું, હમેશાં બાવુઝૂ રહેવું એ દિલની સફાઈનો ઝરીયો છે.** તેમનો માખઝ આ હદીષ છે.

*હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બાલિગા સ્ત્રીની નમાઝ દુપટ્ટા વિના કબૂલ નથી થતી[૧]. (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** خمار، خمرةથી બન્યુ, ઢાંકવાના અર્થમાં. એટલા માટે શરાબને خمر (ખમ્ર) કહે છે કે તે બુધ્ધિને ઢાંકી લે છે. અમામાને પણ خمار (ખમાર) કહી દેવામાં આવે છે. અહીં માથુ ઢાંકવાવાળુ કપડુ મુરાદ છે. ઓઢણી, ચાદર અથવા મોટો રુમાલ. આ પરથી જાણવા મળ્યું કે બાલિગા સ્ત્રીનું સતર માથુ છે જેને ઢાંકવું નમાઝમાં ફર્ઝ છે. જેથી એવી બારીક ઓઢણીમાં નમાઝ થશે નહીં જેનાથી માથુ દેખાય આવે. આ હુકમ આઝાદ સ્ત્રી માટે છે. લોંડીનુ માથુ સતર નથી.

*હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺને પૂછયું, શું સ્ત્રી કમીઝ તથા દુપટ્ટામાં નમાઝ પઢી શકે છે તેહબંદ વિના ? ફર્માવ્યું, જો કુર્તો એટલો લાંબો હોય કે તેના પગોની પીઠને ઢાંકી લે[૧]. (અબૂ દાઊદ) અને એક જમાઅતે એને ઉમ્મે સલમા પર મૌકૂફ કરી[૨].*

**૧.** સ્ત્રીના પગની પીઠ (પાટલી) સતર નથી અને ન એને છુપાવવું નમાઝમાં ફર્ઝ છે. પગનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કે અહીં ગુજરનાર કપડુ પૂરી પિંડલીને ઢાંકી લેશે.

**૨.** એટલે કે તેને હઝરત ઉમ્મે સલમાનો પોતાનો કૌલ ઠરાવ્યો ન કે હુઝૂર ﷺનું ફર્માન શરીફ, પરંતું આ પ્રકારની હદીષ મૌકૂફ મરફૂઅના હુકમમાં હોય છે, કેમ કે આ અહકામ બુધ્ધિ વડે નથી કહી શકાતા.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوۃ والسلامએ નમાઝમાં કપડુ લટકાવવાથી[૧] અને પુરૂષના મોં ઢાંકવાથી મના કર્યું[૨]. (અબૂ દાઊદ, તિર્મિઝી)*


**૧.** કપડુ માથા કે ખભા પર રાખવું અને તેના બંનેવ છેડા આમ જ લટકતા છોડી દેવાને સદલ કહે છે. સિરવાની અથવા કોટના બટન લગાડયા વિના પહેરવુ પણ સદલમાં દાખલ છે. સદલ નમાઝમાં મકરૂહ છે. જો નીચે કોઈ અન્ય કપડુ ન હોય તો મકરૂહે તહરીમી છે, નહીં તો તન્ઝીહી છે, કેમ કે એમાં કપડુ સંભાળવામાં દિલ લાગેલુ રહે છે, નમાઝમાં એકાગ્રતા નથી થતી.

**૨.** હાથ વડે અથવા કપડાથી. કેમ કે જો નમાઝમાં મોં પર હાથ કે કપડુ રાખેલ હોય તો ક઼િરાઅત સહીહ ન થઈ શકશે. અમુકે ફર્માવ્યું છે અમામાનો શિમ્લો મોં પર લપેટવો મના છે કે એ યહૂદીનુ કામ છે. હા ! જેના મોંથી ગંધ આવતી હોય અથવા બદબૂદાર ઓડકાર આવતા હોય મારે તેને જાઈઝ છે.

*હઝરત શદ્દાદ બિન અવસ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે યહૂદીઓથી વિરૂધ્ધ કરો, તેઓ ન જોડાઓમાં નમાઝ પઢે છે ન મોજાઓમાં.૨ (અબૂ દાઊદ)*

**૧.** આપ અન્સારી છે હઝરત હસ્સાન رضی اللہ عنہ ના ભત્રીજા છે. કુન્નિયત અબૂ યઅલા છે. શામ (સીરિયા)માં વસવાટ કર્યો. ૭૫ વરસની વયે હિ.સ. ૫૮માં બયતુલ મુક઼દસમાં વફ઼ાત પામ્યા.

**૨.** એટલે કે યહૂદી જોડા તથા મોજામાં નમાઝ જાઈઝ નથી સમજતા, તમે જાઈઝ સમજો. યાદ રાખશો કે મોજાઓમાં નમાઝ અદા કરવી સુન્નત છે. **પરંતુ જોડા જો પાક હોય અને એટલા નરમ કે સિજદામાં કોઈ વાંધો ન થાય કે પગોની આંગળીઓ સારી રીતે વળીને કિબ્લા રૂ થઈ શકે તો એમાં નમાઝ જાઈઝ છે.** આપણા દેશના જોડા નમાઝના લાયક નથી તેમજ **હવે લોકો સહાબીઓ જેવા બાઅદબ નથી.** જો તેમને જોડા સાથે નમાઝ પઢવાની ઈજાઝત આપી દેવામાં આવે તો મુસલ્લા તથા મસ્જિદો ગંદકીથી ભરી દેશે. **એટલા માટે હવે જોડા ઉતારીને જ મસ્જિદમાં આવવું જોઈએ** અને નમાઝ પઢવી જોઈએ. (અર્ઝ મિર્ક઼ાત, શામી) આ પરથી જાણવા મળ્યું કે બેદીનોના વિરોધ માટે જાઈઝ કામ જરૂર કરવું જોઈએ, જેમ કે વર્તમાનકાળમાં મીલાદ શરીફ તથા ગ્યારવીં શરીફ. મિર્ક઼ાતે ફર્માવ્યું કે કેમ કે હવે **યહૂદી આપણા ઈલાકામાં રહ્યા નથી એટલા માટે હવે જોડા પહેરીને નમાઝ પઢવાની જરૂરત નથી.** યાદ રાખશો કે મસ્જિદ તથા નમાઝના અદબના માટે જોડા ઉતારવા કુર્આન શરીફથી સાબિત છે. રબ ફર્માવે છે, فَاخْلَعْ نَعْلَيْكَ ۚ اِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ﴿١٢﴾ "હે મૂસા ! તમે ઈજ્જતવાળા જંગલમાં છો, જોડા ઉતારી નાખો." *(સૂ. તાહા, આ. ૨૦/૧૨)* અમુક બાઅદબ મુરીદ પોતાના શયખના શહેરમાં જોડા નથી પહેરતા. ઈમામ માલિક رضی اللہ عنہ મદીનાની જમીનમાં કદી ઘોડા કે કોઈ અન્ય સવારી પર સવાર ન થયા. તેમના આદાબનો માખઝ આ આયત છે અને હદીષ આ આયતની વિરૂધ્ધ નથી. *(ક્રમશઃ)*




❑ (કિતાબ) : **કુર્આન મજીદ કે ગલત વ ગુસ્તાખાના તરાજિમ**

❑ **સંપાદક : મલિકુત્તહરીર અલ્લામા મૌલાના યહયા અન્સારી અશરફી**

❑ **પ્રકાશક : મોહસિને આ'ઝમ મિશન સેન્ટ્રલ કમીટી (અહમદાબાદ)**

પેજીસ : ૬૪

મઝકૂર કિતાબ ઉર્દૂ બોલી ગુજરાતી લિપિમાં એક ઈમાન અફરોઝ કિતાબ છે જેમાં વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, મૌદૂદી વગેરે બાતિલ ફિર્ક઼ાવાળાઓએ કુર્આન શરીફમાં કેવા ગલત તર્જુમા કરીને અલ્લાહ વ રસૂલની શાનમાં કેવી ગુસ્તાખીઓ કરી છે તેનો અભ્યાસ કરો અને મુસ્લિમ એકતાની વાતો કરનારાઓએ 'મુસ્લિમ એકતા'માં કેવી ફાચરો મારી છે તે જુઓ. અને સાથે સાથે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના તર્જુમા (કન્ઝુલ ઈમાન) તથા હુઝૂર મુહદ્દિષે આ'ઝમ رحمۃ اللہ علیہ ના તર્જુમા (મઅરેફુલ કુર્આન)ઓની સરખામણી કરો કે ખુદા વ રસૂલની શાનને લાયક કેવા ઈમાન અફરોઝ તર્જુમા સુન્ની ઉલમાએ કર્યા છે, તે જુઓ અને હક્ક઼ તથા બાતિલને પહેચાનો. નમૂના રૂપે બાતિલ ફિર્ક઼ાઓના તર્જુમામાં અલ્લાહ માટે : *ઠટ્ઠા કરતા હૈ, અલ્લાહને માલૂમ નહીં કિયા, અલ્લાહ ઉનકો દગા દેગા, અલ્લાહ ઉનકો ભૂલ ગયા... લખ્યું છે.* (મઆઝલ્લાહ !) બાતિલોની બદ્અક઼ીદગીથી વાકેફ થાવ અને તેમનાથી દૂર રહો, અને તમારા ઈમાનની રક્ષા કરો. સંપાદક, પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**સંપર્ક કરો : હાજી ઈબ્રાહીમભાઈ વડીયાવાલા**
કીર્તિકુંજ સોસાયટી, શાહેઆલમ ટોલનાકા,
શાહે આલમ, **અમદાવાદ**, Mob. 9624221212

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**મુફલિસ ઔર ઐસે દરસે ફિરે બેગની હુએ**
**ચાંદી હર એક તરહ તો યહાં ગદયહગર કી હૈ**

*(ગદયહગર = ફકીર, માંગનારો)*

**અર્થાત :** દરબારે રિસાલત હોય અને પછી કોઈ માગનારો માલદાર થયા વિના ખાલી પરત આવે અને તેની મુરાદ પૂરી ન થાય ?! જ્યારે કે અલ્લાહનો પોતાના મહબૂબને હુકમ પણ થયો : واما السائل فلا تنهر, (અને માંગનારે ન તતડાવો. સૂરએ દુહા, ૯૩/૧૦) પછી દરેક ફકીરની દરેક રીતે દરેક તમન્ના પૂરી કેમ નહીં થાય ?

*યહ દરબારે મુહમ્મદ હૈ યહાં મિલતા હૈ બિન માગે—અરે નાદાં યહાં દામન કો ફેલાયા નહીં કરતે*

*યહ દરબારે મુહમ્મદ હૈ યહાં અપનોંકા ક્યા કહના—યહાંસે હાથ ખાલી ગૈર ભી જાયા નહીં કરતે*

**જાનાં પે તકિયા ખાક નિહાલી હૈ દિલ નિહાલ**
**હાં ! બેનવાઓ ! ખૂબ યહ સૂરત ગુઝરકી હૈ**

*(જાનાં = હે મહબૂબ. તકિયા = તકીયો. નિહાલી = રઝાઈ. નિહાલ = કામયાબ. બેનવા = ફકીર. ગુઝર = ગુજારો)*

**અર્થાત :** હે કરીમ આકા ! આપના દરે અકદસની ખાકનો તકીયો કેટલો આરામદાયક છે અને આપના દરબારની માટીની નરમ તથા નાઝુક રઝાઈ કેટલી સુકૂન આપનારી છે કે દિલ દરેક ગમથી આઝાદ થઈ જાય છે અને જાનને સુકૂન નસીબ થઈ જાય છે. દુનિયાના નરમ તથા નાઝુક બિસ્તરોમાં તે લિજ્જત તથા સુકૂન ક્યાં જે આપના દરબારમાં જમીન પર સૂવામાં છે. હે બેસરો સામાનો ! માગનારાઓ ! ગુજારો કરવાની આ કેટલી સરસ રીત તથા પધ્ધતિ છે ?! એ જ કારણે મદીનાવાસી ગમે તેટલા નાદાર તથા મુફલિસ હોય પણ અખ્લાકના પયકર તથા સકૂનના બાદશાહ જોવા મળે છે.

**હૈં ચત્તર વ તખ્ત સાયએ દીવારો ખાકે દર**
**શાહોંકો કબ નસીબ યહ દહજ કર્રો ફરકી હૈ**

*(ચત્તર = મોટી શાહી છત્રી. દહજ = શાનો શૌકત તથા શકલો સૂરત. કર્રો ફર = રુઆબ તથા દબદબો)*

**અર્થાત :** મોટા મોટા શાહી મહેલોની મોટી મોટી છત્રીઓ તથા શાહી તખ્તની લિજ્જતો મદીનાની એક દીવાલના છાંયડાનો મુકાબલો નથી કરી શકતી. ભલા બાદશાહોના દરબારોને રૂઆબ તથા દબદબાની સજ ધજ ક્યાં નસીબ છે જે દરબારે મુસ્તફા ﷺના મંગતા (ફકીરો)ને હાંસલ છે, કેમ કે એમના જેવો આકા કોઈને નસીબ નથી.

**ઉસ પાક કૂ મેં ખાક બસર સર બખાક હૈં**
**સમઝે હૈં કુછ યહી જો હક઼ીક઼ત બસર કી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપના દરબારના ખાકસાર તથા ખાક નશીન ફક઼ીર જિંદગીની કામયાબીનું રાઝ પામી ચૂક્યા છે, ત્યારે જ તો આપના દરે પાકની ખાક પર માથુ રાખીને દુનિયાને બતાવી રહ્યા છે કે હક઼ીક઼ી જિંદગીની હક઼ીક઼ી કામયાબીનું રાઝ આ જ છે, એટલા માટે અમે : દરે *નબી પર પળે રહેંગે—પળે હી રહને સે કામ હોગા*

**ક્યૂં તાજદારો ! ખ્વાબમેં દેખી કભી યહ શય**
**જો આજ જોલિયોંમેં ગદાયાને દરકી હૈ**

**અર્થાત :** હે દુનિયાના બાદશાહો ! જરા ઈમાનથી બતાવો કે તમે કદી ખ્વાબમાં પણ તે આરામ તથા સુકૂન જોયો છે જે મદીનાના ગદાઓ (ફક઼ીરો) બલ્કે સગાને કૂએ મદીના (મદીનાની ગલીઓના કૂતરાંઓ)ને નસીબ છે ? બોલો બોલો ! ચુપ કેમ થઈ ગયા છો ? શું મારા આ સવાલનો જવાબ એ જ નથી કે કદાપિ નહીં ! કદાપિ નહીં ! વલ્લાહ નહીં ! વલ્લાહ નહીં !

**જારૂ કશોં મેં ચેહરે લિખે હૈ મલૂક કે**
**વો ભી કહાં નસીબ ફક઼ત નામ ભર કી હૈ**
*(જારૂ કશ = ઝાડુ મારનારા. મલૂક = દેશોની બાદશાહી)*

**અર્થાત :** દુનિયાના બાદશાહોનું નામ જો મદીનાની ગલીઓમાં સફાઈ કરનારાઓની યાદીમાં લખી દેવામાં આવે તો તેઓ એને પોતાની ખુશનસીબી સમજે અને ડયૂટીને નિભાવતાં ખુશી અનુભવે. પરંતુ જેમની ડયૂટી લાગેલી છે એ કામ તો તે ખુશનસીબો જ અંજામ આપી રહ્યા છે. બાદશાહ તો કેવળ સફાઈ કામદારોમાં નામ લખાવીને ફખ્ર મેહસૂસ કરી રહ્યા છે કે : *યહ મર્તબા બુલંદ મિલા જિસકો મિલ ગયા*

પરંતુ આ બાદશાહો જેઓ પોતપોતાના દેશોમાં હુકૂમત કરી રહ્યા છે, એ તેમનો પગાર છે, સરકારે મદીના ﷺ તરફથી જે કેવળ નામ લખાવવા પર મળી રહ્યો છે, તો એ ગલીઓની સફાઈ કરીને ડયૂટી બજાવવાવાળાઓનો પગાર કેટલા પ્રમાણમાં હશે એનો તમે પોતે અંદાઝો કરી લો અને સાથોસાથ મદીનાની ગલીઓની શાન પણ સમજી જાવ.

*મદીનેસે હોતી હૈ તક઼સીમ નેઅમત—વહીંસે બટા કરતી હૈ સારી દૌલત*
*ફિદા ઉસપે હોતી હૈ હર વક્ત જન્નત—બરસતી હૈ દિન રાત વાં હક઼્ક઼ી રહમત*
*અજબ દિલ કશા હૈં મદીનેકી ગલિયાં—મોઅત્તર હૈ યૂં જૈસે ફૂંલોંકી કલિયાં*

**તયબહ મેં મરકે ઠંડે ચલે જાઓ આંખેં બંદ**
**સીધી સળક યહ શહરે શફાઅત નગર કી હૈ**

**અર્થાત :** હે મદીનાના ઝાઈરો ! અહીં મદીનામાં બેઠેલા રહો અને આ જ ચોખટ પર બેઠા બેઠા મરી જાવ અને સંતુષ્ઠ થઈને, આંખો બંધ કરીને અને હુઝૂર ﷺ ના ફર્માનના પ્રમાણે સીધા જન્નતમાં ચાલ્યા જાવ. فادخلی فی عبادی ودخلی جنتی (પછી મારા ખાસ બંદાઓમાં દાખલ થાવ. અને મારી જન્નતમાં આવો. સૂરએ ફજર, ૮૯/૨૯)કેમ કે આ જ તે સીધી સડક છે જે હુઝૂર ﷺના શફાઅતના શહેરમાં જાય છે.

હદીષ શરીફમાં છે : مَنِ اسْتَطَاعَ مِنْكُمْ اَنْ يَّمُوْتَ بِالْمَدِيْنَةِ فَلْيَمُتْ بِهَا فَاِنِّىْ اَشْفَعُ لِمَنْ يَّمُوْتُ بِهَا ''તમારામાંથી જેનાથી થઈ શકે મદીનામાં મરી શકે તો મદીનામાં જ મરે, કેમ કે જે એમાં મરશે હું એની શફાઅત કરીશ.''

*(હાશિયા હદાઈકે બખ્શિશ)*

**આસી ભી હૈં ચહીતે યહ તયબહ હૈ ઝાહિદો**
**મક્કા નહીં કે જાંચ જહાં ખૈરો શરકી હય**

**અર્થાત :** હે ઈબાદત ગુઝાર ! પાછો હટ ! ગુનેહગારોના ગુનાહોના હિસાબ તથા કિતાબના ચક્કરમાં પડવાની જરૂરત નથી, આ મક્કા નથી જ્યાં દરેક નેકી તથા ગુનાહનો દરજ્જો એક લાખ થઈ જાય, બલ્કે મદીના છે જ્યાં એક ગુનાહ પર એક જ ગુનોહ થશે અને બની શકે છે કે એ પણ ન થાય ! કેમ કે હુઝૂરને પોતાના ગુનેહગાર પણ ખૂબ પ્યારા છે. (તૌબાની તૌફીક઼ મળે ને માફ થઈ જાય.)

**શાને જમાલે તયબહ જાનાં હૈ નફઅ મહઝ**
**વુસ્અતે જલાલે મક્કામેં સૂદો ઝરરકી હૈ**

**અર્થાત :** મદીના મુનવ્વરાની શાન એ છે કે ત્યાં મહબૂબ ﷺની શાને જમાલી વરસી રહી છે અને ઝાઈરીનના માટે શરૂથી અંત સુધી લાભ જ લાભ છે, નુકસાનની શક્યતા સુધ્ધાં નથી, કેમ કે ત્યાં કેવળ ગુનાહોની માફીના માટે જ હાજરી થાય છે એટલા માટે એક ગલતીનો એક જ ગુનોહ થાય છે. તે પણ કુર્આની હુકમ : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ۔۔الی اخرہના પ્રમાણે હુઝૂર ﷺના કરમથી માફ થઈ જાય છે જ્યારે કે મક્કા મુકર્રમામાં જલાલે ઈલાહીનું ચલણ છે જેથી લાભની સાથે નુકસાનનો પણ ખતરો છે. એટલા માટે એક ગુનોહ એક લાખ થઈ જાય છે, એ જ કારણે સહાબાએ કિરામ મદીના તયબહમાં રહેવાનું પસંદ કરે છે.

**કા'બા હૈ બેશક ! અંજુમને આરા દુલ્હન મગર**
**સારી બહાર દુલ્હનોંમેં દુલ્હા કે ઘરકી હૈ**

**અર્થાત :** મક્કા મોઅઝ્ઝમા બેશક ! એવી દુલ્હનની જેમ છે જે મેહફિલની રોનકનો દરજ્જો ધરાવે છે. પરંતુ શબે અસ્રાના દુલ્હા હુઝૂર ﷺ એવા દુલ્હા છે કે તમામ દુલ્હનોની સર્વ બહારો આ જ દુલ્હાના ઘરની બરકતથી છે. અને દુલ્હનનો સાજ શણગાર દુલ્હા માટે જ હોય છે અને તેના ઘરે જઈને તે દુલ્હન બને છે એટલા માટે જો કા'બા મેહફિલની રોનક છે તો મદીના કાઈનાતની મેહફિલની જાન છે, કેમ કે મદીનાનો ચાંદ કાઈનાતની જાન છે જેનું રહેઠાણ ગુંબદે ખદરા છે.

**કા'બા દુલ્હન હૈ તુર્બતે અત્હર નઈ દુલ્હન**
**યહ રશ્કે આફતાબ વો ગૈરત ક઼મર કી હૈ**

**અર્થાત :** જો કા'બા કેવળ દુલ્હન છે તો આ'કાએ દો જહાંની ક઼બ્રે અન્વર નવી દુલ્હન છે, એટલા માટે સવાર તથા સાંજ સિત્તેર સિત્તેર હજાર નવા ફરિશ્તા ત્યાં હાજર થઈને પોતાની પાંખો વડે પોતાના જઝબાતને પ્રદર્શિત કરે છે. જો કા'બા પર સૂરજ રશ્ક કરે છે તો માહે તયબહ (તયબહના ચાંદના) રોઝએ અન્વર પર આસ્માનનો ચાંદ કુર્બાન થઈ જાય છે, અને રોઝાએ પાકના હુસ્નની સામે શર્મિંદો થઈ રહ્યો છે. *(ક્રમશઃ)*

Web.:www.barkatekhwaja.net

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

# પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દૃષ્ટિએ

હપ્તો : ૦૪

**સવાલ ૩ : જે લોકો આ વિષયોને પબ્લિકમાં લાવીને વસવસા પેદા કરી રહ્યા છે તો શરીઅતની રૂએ એમની આ કાર્યપદ્ધતિ કેવી છે ?**

### :: અલ્‌જવાબુ બિઅવનિલ વહ્‌હાબ ::

જે લોકો આ વિષયને લઈને પબ્લિકમાં શંકા કુશંકા તથા વસવસા પેદા કરીને વિના કારણે ફિત્ના ફસાદ ફેલાવી રહ્યા છે, તેમનો આ અમલ સખત નાજાઈઝ તથા હરામ છે. એ લોકો શૈતાનની પયરવી (અનુસરણ) કરનાર અને ગુમરાહ છે. તેમની સાથે મેલજોલ, સલામ કલામ ત્યજી દેવું શરીઅતની રૂએ લાઝિમ છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

وَاِمَّا یُنْسِیَنَّكَ الشَّیْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ

"જો તમને શૈતાન ભૂલાવી દે તો પછી યાદ આવ્યા બાદ જાલિમ પાસે ન બેસો." *(સૂરએ અન્આમ, આ. ૬૮)*

હદીષે પાકમાં છે :

اَلْفِتْنَةُ نَائِمَةٌ لَعَنَ اللّٰهُ مَنْ اَیْقَظَهَا "ફિત્નો સૂતેલો હોય છે, તેને જગાડનારા પર અલ્લાહની લઅનત."

*(અલ જામિઉસ્સગીર લિલ્‌સુયૂતી, ૫૯૭૫)*

હદીષે પાકમાં છે : "હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : (હે લોકો !) ગુમરાહોથી પોતે પોતાને બચાવો કે ક્યાંક તમને ગુમરાહ ન કરી દે અને તમને ફિત્નામાં નાખી દે." *(સહીહ મુસ્લિમ : ૭)*

અને હદીષે પાકમાં છે : "હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, બશારત (ખુશખબરી) આપ્યા કરો, નફરત ન અપાવ્યા કરો." *(સહીહ બુખારી : ૬૯)*

**સવાલ ૪ : અહલે બયતે અત્હાર અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બત તથા તા'ઝીમના મામલામાં સહીહ તથા મધ્યમમાર્ગી માન્યતા પણ સ્પષ્ટ દર્શાવી આપો જેથી વધારા કે ઘટાડા તથા ગુમરાહીથી અમો મહેફૂઝ રહી શકીએ.**

### :: અલ્‌જવાબુ બિઅવનિલ વહ્‌હાબ ::

અલ્લાહ તબારક વ તઆલાએ આ ઉમ્મતને 'ઉમ્મતે વસ્ત' (એટલે સૌથી અફઝલ અને ઘટાડા તથા વધારાથી પાક) બનાવી છે. (સૂરએ બક્‌રહ : ૧૪૩) બાકી ઉમ્મતોમાંથી યહૂદીઓ તથા ઈસાઈઓ છે જેઓ એકથી અધિક ખુદા માને છે અથવા નાસ્તિકો જેઓ ખુદાના વજૂદના મુન્કિર છે. તેઓમાં મુસલમાન મધ્યમમાર્ગી છે જેઓ ખુદાના અસ્તિત્વની સાથોસાથ એક ખુદાને માનનારા છે. અને હિંદુ નબુવ્વતને માનનારા નથી અને ક્‌દયાની ક્‌યામત સુધી નબુવ્વતને ચાલુ માને છે અને મુસલમાન નબુવ્વતને માનનારા છે અને સૈયદના મુહમ્મદ ﷺ પર નબુવ્વતને ખત્મ માને છે. એ જ પ્રમાણે ઈસ્લામના ફિર્કાઓમાં અહલે સુન્નત વ જમાઅત મધ્યમમાર્ગી છે. કેમ કે રાફઝી સહાબાએ કિરામને બુરૂભલુ કહે છે તથા તબર્રા કરે છે, નાસબી અને ખારજી અહલે બયતે એઝામ અને સહાબાએ કિરામથી અદાવત રાખે છે. અને અહલે સુન્નત વ જમાઅત બંનેવ ગિરોહની પવિત્ર હસ્તીઓની તા'ઝીમ તથા ઈજ્જત અને તેમનાથી મહોબ્બત કરે છે, જેથી દુનિયાના સર્વ ધર્મોમાં ઈસ્લામ મધ્યમમાર્ગી છે અને ઈસ્લામના સર્વ ફિર્કાઓમાં અહલે સુન્નત વ જમાઅત મધ્યમમાર્ગી છે. અને મધ્યમમાર્ગી હોવું એ અફઝલ હોવાનું લાઝિમ ઠરાવે છે.

❑ સંપાદક : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

Web: www.barkatekhwaja.net

સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામ બંનેવની તા'ઝીમ તથા ઈજ્જત કરવું અનિવાર્ય છે. બંનેવ સાથે મહોબ્બત રાખવામાં આવે અને બંનેવ સાથે સંબંધિત રહેવામાં આવે. અને એ બંનેવમાંથી કોઈ એકની સાથે કીનો તથા અદાવત ગુમરાહી, બેઅદબી અને જહન્નમની આગના હક્કદાર થવું છે.

આ કેવળ એહલે સુન્નત વ જમાઅતની વિશિષ્ટતા છે કે તે સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામ બંનેવથી અક઼ીદત રાખે છે, તેનાથી ઉલ્ટુ રાફઝી અહલે બયતથી મહોબ્બત તો રાખે છે, બલ્કે એમાં હદ ઉપરાંત અતિશયોક્તિ કરે છે, પરંતુ સહાબાએ કિરામ પર તબર્રા કરે છે અને તેમની સાથે કીનો રાખે છે. અને નાસબી સહાબાએ કિરામની તા'ઝીમ તથા ઈજ્જત કરે છે અને અહલે બયતની બુરાઈ કરે છે. અને ખારજી સહાબા તથા અહલે બયત બંનેવની બુરાઈ કરે છે. એ નાદાનોએ એ ન સમજ્યું કે અસલ તો રસૂલે પાક ﷺની નિસ્બત છે અને આ નિસ્બત જેવી રીતે અહલે બયતે અત્હાર رضی اللہ عنہم اجمعین ને છે તેવી જ રીતે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને પણ હાંસલ છે.

આપણા એક કિનારા પર દુનિયા છે બીજા કિનારા પર આખેરત છે અને દરમ્યાનમાં અંધાર્યો સમુદ્ર છે અને અંધારી રાતમાં માણસે સલામતીની સાથે બીજા કિનારે પહોંચવું હોય તો તેની સાથે સહી સલામત નાવડી પણ હોવી જોઈએ અને તેની નજર તારાઓ પર હોવી જોઈએ, કે જેથી અંધારામાં તેને તારાઓનું માર્ગદર્શન હાંસલ થાય. બંનેવમાંથી એક ચીજ પણ હાંસલ ન હોય તો તે સલામતી સાથે બીજા કિનારે નથી પહોંચી શકતો. એ જ પ્રમાણે એવું સમજો કે અત્યારે આપણે શરીઅતના હુકમોના સમુદ્રમાં સફર કરી રહ્યા છીએ અને શૈતાન તથા નફ્સે અમ્મારાની મોજો આપણી સાથે ટકરાઈ રહી છે અને તેમની તોફાની લહેરોના સપાટા આપણને સલામતીના કિનારાથી દૂર રાખવાની પૂરી કોશિશ કરી રહ્યા છે. એવામાં રસૂલુલ્લાહ ﷺએ આપણી આખેરતની સફરની સહૂલત તથા આસાનીના માટે આપણને અહલે બયતે અત્હારથી મહોબ્બત તથા લગાવની કશ્તી (નાવ) પૂરી પાડી છે અને ગુનાહોના અંધારાંઓમાં માર્ગદર્શન માટે સહાબાએ કિરામને તારા ઠરાવીને તેમની હિદાયતની રોશની પૂરી પાડી છે.

જેથી અહલે સુન્નત વ જમાઅતની નિશાની એ રહી છે કે તે ખુલફાએ રાશિદીન, અશ્રએ મુબશ્શિરા, સર્વ અહલે બયતે અત્હાર, ઉમ્મહાતુલ મો'મિનીન તથા સર્વ સહાબાએ કિરામને આદિલ માને છે અને એ સર્વથી મહોબ્બત કરે છે. તે સૌની તા'ઝીમ કરે છે અને તેમની તારીફ તથા વખાણ કરે છે. કોઈ એકની પ્રશંસા અથવા તેની ફઝીલત વર્ણન કરવાનો હરગિઝ હરગિઝ એ અર્થ નથી થતો કે બીજાની ટીકા મુરાદ હોય. પરંતુ સાવધાનીનું પાસુ એ છે કે એક સહાબીની પ્રશંસાની સાથે બાકીના સર્વ અન્ય સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામની પણ તારીફ કરવામાં આવે. બુઝુર્ગોની તા'ઝીમના બારામાં અહલે સુન્નત વ જમાઅતની નિશાની આ જ છે. અમુક લોકો મહોબ્બત તથા મન્ક઼બતથી સંબંધિત હદીષોમાંથી કોઈ એકની સાથે લગાવ રાખે છે અને બીજા પ્રતિ ધ્યાન ન ધરવાનો રવૈયો અપનાવીને વક્ર દ્દષ્ટિવાળા લોકોને ગુમરાહ કરે છે અથવા અતિશયોક્તિમાં વધારા કે ઘટાડાની તરફ લઈ જાય છે. કુર્આને કરીમની રૂએ તમામ અંબિયાએ કિરામ علیہم السلامની મહોબ્બત તથા તા'ઝીમ લાઝિમ છે, પરંતું ખુદ અંબિયાએ કિરામ علیہم السلامના દરમિયાન તફઝીલે દરજાત (દરજાઓમાં અફઝલપણા)નો ફરક કુર્આનની રોશનીમાં સ્પષ્ટ છે, તેમ છતાં કોઈની પણ ટીકા કે તૌહીનની કદાપિ કોઈ ગુંજાઈઝ નથી. બલ્કે આ જ

પ્રમાણે સહાબાએ કિરામના દરમિયાન પણ દરજાઓ તથા મર્તબાઓનો ફરક મૌજૂદ છે, પરંતું કોઈની ટીકા ટીપ્પણ કે બેઅદબીની ઈજાઝત નથી.

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین માં "અફઝિલયતે મુત્લક઼ા" ખિલાફતના ક્રમના પ્રમાણે હઝરત અબૂબક્ર, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને હાંસલ છે. અલ્બત્ત વિવિધ ક્ષેત્રો તથા પાસાંઓથી અલ્લાહ તઆલાએ વિવિધ સહાબાએ કિરામને વિશિષ્ટતા તથા ફઝીલતથી નવાઝયા છે. અને તે ખૂબીઓ તથા વિશિષ્ટતાઓમાં અમીરુલ મો'મિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہની શાન સૌથી વિશિષ્ટ છે, અને એનો ન્યાયપ્રિય મિજાઝવાળા, ઈલ્મવાળા તથા દષ્ટિવાનને ઈન્કાર ન હોવો જોઈએ.

"અફઝલિયતે મુત્લક઼ા"થી મુરાદ એ છે કે કોઈ ઈમાનવાળાને સવાલ કરવામાં આવે કે તમામ સહાબાએ કિરામમાં અફઝલ કોણ છે ? તો તેનો જવાબ હશે : હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ. પરંતું એને પોઝિટિવ અર્થમાં લેવામાં આવે, નકારાત્મક અર્થમાં ન લેવામાં આવે. તો "અફઝલિયતે મુત્લક઼ા" અને "અફઝલિયતે મિન કુલ્લિલ વજૂહ" સમાનઅર્થી નથી.

અન્ય વિવિધ સહાબીઓના વિવિધ ફઝાઈલ આવેલા છે અને અહલે બયતના મુસ્તકિ઼લ ફઝાઈલ આવેલા છે. અને એમની સાથે મહોબ્બત ઈમાનની નિશાની છે અને અહલે બયત પણ સહાબાએ કિરામમાં જ દાખલ છે. અને સામાન્ય સહાબીઓના દરજાના ક્રમમાં સૌ પ્રથમ ચારેવ ખુલફાએ રાશિદીન ક્રમસર આવે છે, પછી અશ્રએ મુબશ્શિરા (દસ તે સહાબીઓ જેમને દુનિયામાં જ હુઝૂરે જન્નતી દર્શાવ્યા), પછી બદરના સહાબીઓ (જે જંગે બદરમાં હતા), ત્યાર બાદ ઓહદના સહાબીઓ (જે જંગે ઓહદમાં હતા), અને પછી બયઅતે રિદ્‌વાનમાં જેઓ શરીક હતા અને ત્યાર બાદ ફતહે મક્કામાં સામેલ અને ત્યાર બાદ મુસલમાન થનારા સહાબાએ કિરામની ગણના થાય છે. અને સૌની સાથે અલ્લાહ તઆલાએ અચ્છાઈ (જન્નત)નો ઈરાદો કર્યો છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સામાન્ય ફઝાઈલ તથા ક્રમસર સર્વ દરજાઓમાં જે અહલે બયત સામેલ છે તે ફઝાઈલ તેમના પણ છે.

## કુર્આન તથા સુન્નતની સ્પષ્ટતાઓ પ્રમાણે સહાબીઓના બારામાં અહલે સુન્નતનો અકી઼દો

અહલે સુન્નત વ જમાઅતનો અકી઼દો છે કે સહાબાએ કિરામ અંબિયાએ કિરામ પછી ક઼યામત ક઼ાયમ થતા સુધી પૃથ્વીના પટ પરથી સૌથી અધિક મુત્તકી઼ (ખુદાથી ડરનારી), સાલેહ તથા અફઝલ જમાઅત છે. તેમની પ્રશંસા તથા વખાણમાં ડઝનબંધી કુર્આની આયતો તથા સેંકડો હદીષો નક઼લ થયેલ છે. જો તેમની ફઝીલત તથા પ્રશંસા અને અદાલતની ખૂબીમાં એક પણ આયત કે હદીષ મૌજૂદ ન હોત અને કુર્આન તથા હદીષ તેમની તારીફથી ખાલી હોત તો પણ બુદ્ધિના તકાઝા હેઠળ સહાબાએ કિરામની ઈજ્જત કરવું અને તેમની શાનમાં ગુસ્તાખીથી બચવું અને તેમનું અનુસરણ કરવું લાઝિમ થાત. કેમ કે તે રસૂલુલ્લાહ ﷺના સાથી હતા અને ખુદ હુઝૂર ﷺ તેમની સફાઈ કરતા હતા અને તેમને તા'લીમ આપતા હતા. પણ અહીં ન કેવળ એ કે ખામોશી નથી બલ્કે કુર્આન તથા હદીષો બંનેવ અતિશય ખૂબ સૂરત અંદાઝમાં ઠેક ઠેકાણે એમની તારીફમાં બોલે છે. જેને પઢીને માણસ ઝુમી ઉઠે. તેમના માટે જન્નતની બશારત સંભળાવી રહ્યા છે. તેમના ઈમાનને ક઼યામત સુધી આવનારા મુસલમાનોના માટે અનુસરવાને પાત્ર બનાવવામાં આવી રહ્યું છે. અને રબ તઆલાનો હુકમ

થાય છે : آمِنُوْا كَمَا آمَنَ النَّاسُ "જે પ્રમાણે સહાબીઓનું ઈમાન છે એ પ્રમાણે ઈમાન લાવો." તેમની સાથે મહોબ્બત કરવાનો હુકમ આપવામાં આવી રહ્યો છે. અને અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં સાફ સાફ એલાન કરી રહ્યો છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ "અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી." આવી સ્થિતિમાં સહાબીઓ તથા અહલે બયતની વિરુદ્ધ નફરત તથા અદાવતને પ્રદર્શિત કરવું અને વઅઝ તથા લખાણો થકી મુસ્લિમ પબ્લિકને તેમનાથી નફરત તથા અદાવતની તા'લીમ આપવું અત્યંત આશ્ચર્યનું તથા ઈમાનસોઝ કામ છે. સહાબીઓ તથા અહલે બયતની વિરુદ્ધ અદાવત તથા નફરત પર આધારિત આવી વિચાર શ્રેણી રાખવી અને તેનો પ્રચાર કરવો કોઈ મોટી આઝમાઈશ તથા મુસીબત એટલે સ્પષ્ટ કુફ્રની પૂર્વ ભૂમિકા બની શકે છે.

અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો કુર્આની આયત : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ. كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى "એટલે સહાબીઓ તક઼્વા તથા વિશ્વાસપૂર્ણતાના ઉચ્ચ મક઼ામ પર બિરાજમાન છે.

સહાબીઓ યક઼ીનન માસૂમ અનિલ્ ખતા (ખતાથી માસૂમ) નથી પણ તેઓ બાક઼ી અલલ્ ખતા (ખતા પર બાકી) પણ નથી એટલે મેહફૂઝ અનિલ ખતા (ખતાથી મહફૂઝ છે. તેમના થકી જો બશરી (માનવી હોવાના) તકાઝા હેઠળ કોઈ ખતા થઈ પણ તો તેઓ અલ્લાહની હુઝૂરમાં તુરંત જ તૌબા કરીને પોતાને પાક સાફ પણ કરતા રહ્યા છે. જાહેર છે કે તૌબા પછી ઈન્સાન ખતાથી પાક થઈ જાય છે. اَلتَّائِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لَّا ذَنْبَ لَهٗ તેમના બાકી અલલ ખતા (ખતા પર બાકી) ન હોવાની કુર્આની આયતથી દલીલ અન્ય વિવિધ દલીલો ઉપરાંત કુર્આને કરીમનું આ એલાન છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ "અલ્લાહ એમનાથી રાજી તેઓ અલ્લાહથી રાજી."

જાહેર છે કે અલ્લાહ તઆલાએ સહાબીઓથી પોતાની રઝામંદી તથા ખુશ હોવાની જાહેરાત ભૂતકાળ વાચક રીતે કરી જે યક઼ીની હોવાનુ તથા તાક઼ીદી હોવાનું દર્શાવે છે. અલ્લાહ તઆલાના ઈલ્મમાં નુઝૂલે કુર્આનની પૂર્ણતા બાદ ઉષ્માન ગની رضی اللہ عنہ ના ક઼ાતિલોથી કેસાસ લેવાના મામલામાં સહાબાએ કિરામના દરમિયાન ઉપસ્થિત થનારા મતભેદો, હઝરત મુઆવિયહનું હઝરત અલીના હાથ પર બયઅતનું ઈન્કાર કરવું, હઝરત અલી તથા હઝરત મુઆવિયહનું અન્ય સહાબીઓ સાથે હઝરત ઉષ્માનના કે઼સાસના મામલામાં લડાઈ લડવું અને હઝરત મુઆવિયહનું યઝીદને વલી અહદ (અનુગામી) બનાવવું આ સર્વ કાંઈ હતું. એમાંની કોઈ પણ ચીજ અલ્લાહ તઆલાના ઈલ્મથી બહાર કદાપિ ન હતી. પણ એ સર્વ કાંઈ હોવા છતાં રબનું એલાન "رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ"، "وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى" હોવાનો મતલબ એના સિવાય કોઈ નથી કે સહાબીઓ ભલે ખતાથી માસૂમ નથી પણ તેમના તરફથી બાક઼ી અલલ ખતા (ખતા પર બાક઼ી) પણ ન રહેશે, જેથી હું એમનાથી રાજી છું અને એનું એલાન પણ કરી રહ્યો છું જેથી અન્ય મુસલમાન પણ તેમનાથી રાજી રહે, તેમના વિરૂધ્ધ દિલમાં કીનો ન રાખે. અલ્લાહ તઆલાના તરફથી આ વાતને બતાવવા માટે وَرَضُوْا عَنْهُ વધારવાની જાહેરી રીતે જોતાં જરૂરત ન હતી, પણ આ વધારીને અલ્લાહ તઆલાની નજીક સહાબીઓ ઘણા જ અધિક લાડલા તથા પ્યારા હોવાને પુખ્તા રીતે જાહેર કરવામાં આવ્યુ. તો હવે કોઈ મુસલમાન માટે ક્યાં અવકાશ રહ્યો કે તે કોઈ સહાબી સાથે અદાવત તથા નફરત કરે અને તેમને ટીકાનું નિશાન બનાવે ? જેથી અહલે સુન્નત વ જમાઅતની નજીક સહાબાના આપસના વિવાદો ઝઘડાઓમાં પડવું અને સહાબીઓ તથા અહલે બયતમાંથી કોઈ એક

Web: www.barkatekhwaja.net

હસ્તીને પણ ટીકાનું નિશાન બનાવવું હરામ છે અને એવું કરનાર બદ બાતિન, ગુમરાહ તથા બદદીન છે. કુર્બાન જાવ રિસાલત મઆબ ﷺની ફસાહત તથા બલાગત (ઉમદા વાણી) પર ! વાક્યના શરૂમાં કોઈ ફેઅલ ન વાપરવામાં આવ્યો અને ઈસ્મે જલાલતને વારંવાર દોહરાવીને કરીને કેટલા તાકીદી અંદાઝમાં બયાન કર્યુ : "મારા સહાબીઓના બારામાં અલ્લાહથી ડરો ! તેમની શાનમાં કોઈ ગુસ્તાખી ન થાય, કોઈ અયોગ્ય શબ્દો જીભેથી ન નીકળે. અને મારા વિસાલ બાદ એમને નિશાન ન બનાવશો." તેમજ રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતના માટે સહાબીઓ જેમનામાં હઝરત મુઆવિયહ પણ સામેલ છે, એમનાથી મહોબ્બતને શર્ત ઠરાવી દેવામાં આવી અને સહાબીઓ જેમનામાં હઝરત મુઆવિયહ પણ સામેલ છે, તેમનાથી અદાવત તથા નફરતને ખુદા વ રસૂલથી અદાવત તથા નફરત ઠરાવી દેવામાં આવી અને ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં અલ્લાહના રસૂલ ﷺએ આ વાતો વર્ણવી.

ખુલફાએ રાશિદીન તથા અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી અદાવત મુનાફિક્ત છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "અબૂ બક્ર તથા ઉમરની મહોબ્બત ઈમાનની નિશાની છે અને તેમનાથી અદાવત કુફ્રની નિશાની છે."

*(ફઝાઈલે સહાબા, પેજ–૪૮૭)*

તેમજ અન્સાર સહાબીઓ વિશે ફર્માવ્યું : "અન્સાર સહાબાએ કિરામની મહોબ્બત ઈમાનની નિશાની છે અને તેમની અદાવત મુનાફિક્તની નિશાની છે." *(સહીહ બુખારી : ૧૭, સહીબ મુસ્લિમ : ૨૩૫)*

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી રિવાયત કરે છે કે :

"(આપ ﷺએ ચાર વાર ફર્માવ્યું :) મારા સહાબીઓના બારામાં અલ્લાહથી ડરો ! મારા બાદ તેમને નિશાનો ન બનાવતા કે જે એમને દોસ્ત રાખે છે તે મારી મહોબ્બતના કારણે દોસ્ત રાખે છે અને જે એમનાથી અદાવત રાખે છે તે મારી સાથે અદાવત રાખવાના કારણે અદાવત રાખે છે. અને જેમણે એમને ઈજા આપી તેમણે મને ઈજા આપી અને જેમણે મને ઈજા આપી તેમણે વિના શંકાએ અલ્લાહને ઈજા આપી, અને જેણે અલ્લાહને ઈજા આપી તો નજીક છે કે અલ્લાહ તેને પકડશે." *(તિર્મિઝી, ૩૮૬૨)*

સહાબાએ કિરામથી આપણને મહોબ્બત છે, કેમ કે આપ ﷺએ તેમને ઉમ્મતે મુસ્લિમાના અમ્ન તથા ચૈનનો સબબ ઠરાવેલ છે.

જેમ કે ફર્માવે છે : "તારાઓ આસ્માનના માટે અમાન છે. જ્યારે તારાઓનું નીકળવું બંધ થઈ જશે તો પછી આસ્માન પર તે આવશે જેને વાયદો કરવામાં આવ્યો છે. હું મારા સહાબીઓના માટે અમાન છું અને જ્યારે હું ચાલ્યો જઈશ તો મારા સહાબીઓ પર તે આવશે જેનો વાયદો કરવામાં આવ્યો. મારા સહાબીઓ મારી ઉમ્મતના માટે અમાન છે." *(મુસ્લિમ, ૨૫૩૧)*

સૈયદના મૂસા અલી તથા અન્ય અહલે બયતે અત્હાર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની અદાવત પણ મુનાફિક્ત છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું : અલીથી કેવળ મોમિન જ મહોબ્બત કરશે અને કેવળ મુનાફિક જ તેમની સાથે અદાવત રાખશે. *(સહીહ મુસ્લિમ, ૨૪૦)*

અને તિર્મિઝીમાં છે : "મારી મહોબ્બતનો તકાઝો છે કે મારા અહલે બયત સાથે મહોબ્બત કરો." *(તિર્મિઝી : ૩૭૮૯)*

એક અન્ય રિવાયતમાં છે : "અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા અલીની મહોબ્બત અલ્લાહે તમારા પર લાઝિમ કરી દીધી છે." *(તબક઼ાતુલ હનાબિલા, ૧/૮૨)*

અલ્લામા ઈબ્ને હજર હયતમી લખે છે : નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "તમારાં બાળકોને ત્રણ ચીજો શીખવાડો : તમારા નબીની મહોબ્બત અને

અહલે બયતની મહોબ્બત અને કુર્આને પાકને પઢવાનું." *(અસ્સવાઈકુલ મુહરિકા, પેજ-૧૭૨)*

"હઝરત અબૂ ઝરથી રિવાયત છે. તેમણે કાબાનો દરવાજો પકડીને ફર્માવ્યું, મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યું, સાવધાન થઈ જાવ ! કે તમારામાં મારા અહલે બયતનું દષ્ટાંત જનાબ નૂહની કશ્તીની જેમ છે, જે એમાં સવાર થઈ ગયો તે નજાત પામી ગયો અને જે એનાથી પાછળ રહી ગયો તે હલાક (બર્બાદ) થઈ ગયો." *(મિશ્કાતુલ મસાબીહ : ૬૧૮૩)*

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નતનો બેડો પાર છે કે એ અહલે બયત તથા સહાબા બંનેવના કદમથી સંબંધિત છે. ખારજી તથા નવાસિબની પાસે કશ્તી નથી અને રાફઝીઓની નજર એ તારાઓ પર નથી. એઓ બંનેવ આ સમંદરથી પાર નથી લાગી શકતા.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ હદીષની તર્જુમાની કરતાં ફર્માવ્યું :

*અહલે સુન્નતકા હૈ બેળા પાર, અસ્હાબે હુઝૂર*
*નજ્મ હૈં ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ કી*

જેથી એવો શખ્સ જે હઝરત અલી رضی اللہ عنہ તથા અહલે બયતે અત્હાર અથવા કોઈ પણ સહાબીયે રસૂલ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી અદાવત રાખે તે ગુમરાહ તથા બદદીન છે. સહાબીઓના આપસના ટકરાવના સંબંધે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં કાદરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

"હઝરત મુર્તઝવી (અમીરુલ મો'મિનીન સૈયદના અલીયે મુર્તઝા) સાથે જેમણે વિવાદ તથા ટકરાવ કર્યા અને આ હક્ક મઆબ સાહિબુર્રાયની રાયથી અલગ થયા અને એ મતભેદના કારણે તેમના વચ્ચે જે બનાવ ઉપસ્થિત થયા કે એકબીજાના મુકાબલામાં આવ્યા. દા.ત. જંગે જુમલમાં હઝરત તલ્હા તથા ઝુબૈર તથા સિદ્દીકા આઈશા, અને જંગે સિફફીનમાં હઝરત અમીર મુઆવિયહ, મૌલા અલી رضی اللہ عنہના મુકાબલામાં. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ આપણે અહલે સુન્નત એમાં હક્કની તરફ મૌલા અલીને (માનીએ છીએ) અને તેઓ સૌને (લગઝિશ કરનારા) ગલતી તથા ખતા પર માનીએ છીએ. અને હઝરત શેરે ખુદાને તેમના કરતાં અનેક ગણા અકમલ તથા આ'લા જાણીએ છીએ. પણ આ બધા છતાં મજકૂર હદીષના લેહાઝથી (કે જે આ હઝરાતની પ્રશંસા તથા ફઝાઈલમાં આવેલી છે) એ બીજા હઝરાત માટે મહેણા ટોણા માટે જીભને નથી ખોલતા અને તેમને તેમના મર્તબાઓ પર જે એમના માટે શરીઅતમાં સાબિત છે રાખીએ છીએ. કોઈના પર કોઈને પોતાની નફસની ઈચ્છાથી ફઝીલત નથી આપતા અને તેમના આપસી વિવાદોમાં દખલઅંદાઝીને હરામ જાણીએ છીએ. અને તેમના મતભેદોને અબૂ હનીફા તથા શાફઈ જેવા મતભેદ સમજીએ છીએ. જેથી આપણે અહલે સુન્નતની નજીક એમનામાંથી કોઈ અદના સહાબી પર પણ ટીકા ટીપ્પણ જાઈઝ નથી તો કઈ રીતે થઈ શકે કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા તૈયબા તાહિરા رضی اللہ عنہا અને ઝુબૈર તથા તલ્હા, તેમનાથીય અફઝલ કે અશરાએ મુબશ્શિરામાંથી છે તે (એટલે ઝુબૈર બિન અવામ) રસૂલુલ્લાહ ﷺના ફોઈના પુત્ર અને હવારી (જાંબાઝ, સપોર્ટર તથા સહાયક) અને એ (એટલે તલ્હા) રસૂલુલ્લાહ ﷺના ચહેરાએ અન્વર માટે ઢાલ, જાંનિષારીના સમયે (જાણે એક જાંનિષાર, નીડર સિપાહી તથા સરફરોશ રક્ષક) રક્ષક રહ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ તો એમનો દરજો એ સૌના પછી છે. અને હઝરત મૌલા અલી (મુર્તઝા کرم اللہ وجہہ الکریم)ના ઉચ્ચ મકામ (ઉચ્ચ મર્તબા) તથા અઝવાળી શાન તથા આ'લા મંઝિલત સુધી તો એમનાથી તે દૂર દરાઝ મંઝિલો છે જે હજારો હજાર એવા વિશાળ પહોળા કદવાળા ઘોડાઓ જાણે વધુ પેજ 35 પર..

# અવામી ગલતફ્હેમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૮

**૧૫. સજદે મેં નાક ઝમીન પર સિર્ફ રખ દેના ઔર ઉસે ઝોર દેકર ન દબાના કૈસા ?**

અકષર મુસલમાન યે સમજતે હૈં કે સજદા કરતે વક્ત ઝમીન પર નાક કો સિર્ફ રખ દેના હૈ. નાક કો દબાને કી કોઈ ઝરૂરત નહીં, જબ કે શરીઅત ને ઈસ કો વાજિબ ક્રાર દિયા હૈ કે સજદે મેં નાક કો ઉસ કી હડ્ડી તક દબાયા જાએ ઔર યે નાક પર ઝોર દેને હી સે હોગા, ન કે સિર્ફ રખ દેને સે.

''બહારે શરીઅત'' મેં હૈ :

''(સજદે મેં) ફકત નાક કી નોક લગના કાફી નહીં, બલ્કે નાક કી હડ્ડી ઝમીન પર લગના ઝરૂરી હૈ.''

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૧૩)*

**૧૬. અગર ઈમામ સજદે મેં હૈ ઔર કોઈ નમાઝ પળ્હને આયા તો ક્યા વોહ સજદે મેં ઈમામ કે સાથ શામિલ નહીં હો સકતા ? ક્યા ઈમામ કે ખળે હોને કા ઈન્તિઝાર કરના પળેગા ?**

અગર ઈમામ સાહબ સજદે મેં હૈં ઔર કોઈ નમાઝ પળ્હને આયા તો અકષર અવામ મેં યે ગલત બાત રાઈજ હૈ કે વોહ આનેવાલા શખ્સ ઈમામ કે સાથ સજદે મેં શામિલ નહીં હો સકતા, બલ્કે ઈમામ કે ખળે હોને કા ઉસે ઈન્તિઝાર કરના પળેગા, હાલાં કે શરીઅત કે એ'તેબાર સે બેહતર યે હૈ કે વોહ સજદે હી મેં ઈમામ કે સાથ શામિલ હો જાએ, અગર ચે ઈમામ દુસરે સજદે મેં હો. જૈસા કે, ''બહારે શરીઅત'' મેં હૈ :

''ઈમામ કો રુકૂઅ યા પેહલે સજદે મેં પાયા, તો અગર ગાલિબે ગુમાન હૈ કે ષના પળ્હ કર પા લેગા તો પળ્હે ઔર ક્અદા યા દૂસરે સજદે મેં પાયા તો બેહતર યે હૈ કે બગૈર ષના પળ્હે શામિલ હો જાએ.''

(અગર ચે ઉસકી વો રકાત ગિની ન જાએગી)

**૧૭. અગર ભૂલ કર પેહલા ક્અ્દા કિયે બગૈર ઈમામ મુકમ્મલ ખળા હો ગયા તો ક્યા અબ ભી મુક્તદી લુક્મા દે સકતે હૈં ?**

અગર ભૂલ કર પેહલા ક્અ્દા કિયે બગૈર ઈમામ સાહબ મુકમ્મલ ખળે હો ગએ તો ક્યા ઈસ સૂરત મેં મુક્તદિયોં કો લુક્મા દેના હૈ યા નહીં (યા'ની ઈમામ કો યાદ દિલાના હૈ યા નહીં) ઈસ કે તઅલ્લુક સે અકષર મુસલમાન યહી સમજતે હૈં કે મુકમ્મલ ખળે હોને કે બા'દ ભી ઈમામ કો લુકમા દેના હૈ, ચુનાંચે દેખા જાતા હૈ કે કભી ઈમામ સે ઐસી ગલતી હો જાતી હૈ તો મુકમ્મલ ખળે હોને કે બા'દ ભી મુક્તદી લુક્મા દેતે હૈં, જબ કે શરઅન ઈસ સૂરત મેં લુકમા દેને કી ઈજાઝત નહીં, બલ્કે નમાઝ કે આખિર મેં સજદએ સહ્વ કર લેને સે નમાઝ મુકમ્મલ હો જાએગી ઔર અગર ઈમામ ઉનકા લુકમા લેકર વાપસ ક્અદા મેં બેઠેંગા તો ઉન કી સબ કી નમાઝ ટૂટ જાએગી.

ઈમામ પેહલા ક્અદા કિયે બગૈર ખળે હોને લગે તો કિસ સૂરત મેં લુક્મા દેના હૈ ઔર કિસ સૂરત મેં નહીં દેના, ઈસ કે હવાલે સે મુકમ્મલ તફસીલ હુઝૂર અશ્રફુલ ફુક્હા મુફતી મુહમ્મદ મુજીબ અશ્રફ સાહબ ક્બ્લા عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ને અપની કિતાબ ''મસાઈલે સજદએ સહ્વ''મેં બયાન ફર્માઈ હૈ. જો કે યે હૈ :–

''ઈમામ ક્અદએ ઉલા (પેહલા ક્અદા) ભૂલ ગયા ઔર ખળા હોને લગા અભી પૂરા ખળા ન હુવા બલ્કે બેઠને કી હાલત કે ક્રીબ થા યા'ની બદન કે નીચેકા હિસ્સા સીધા ન હોને પાયા થા, કિસી મુક્તદીને

**અઝ : હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ક્ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

Web.: www.barkatekhwaja.net

લુક઼મા દિયા યા ઈમામ કો ખૂદ યાદ આ ગયા ઔર બેઠ ગયા તો ઈસ સૂરત મેં ઉસ પર સજદએ સહ્‌વ વાજિબ નહીં. ઈમામ ઔર મુક઼તદી સબ કી નમાઝ હો ગઈ.

ઔર અગર પૂરા ખળા ન હુવા યા બલ્કે સીધા ખળા હોને કે ક઼રીબ થા યા'ની બદન કા આધા નિચલા હિસ્સા સીધા હો ગયા થા મગર પીઠ મેં અભી ટેળ્હાપન બાક઼ી થા ઈસ હાલત મેં મુક઼તદીને લુકમા દિયા યા અઝ ખૂદ પલટ આયા તો ઉસ પર સજદએ સહવ વાજિબ હૈ, આખિર મેં સજદએ સહ્‌વ કરે નમાઝ હો ગઈ, ઔર લુક઼મા દેનેવાલે કી ભી હો ગઈ.

**અગર પૂળા ખળા હો ગયા કે પીઠ ભી સીધી હો ગઈ તો અબ પલટને કી ઝરૂરત નહીં** બલ્કે હુકમ યે હૈ કે બગૈર પલટે હુએ નમાઝ પૂરી કરે, અખીર મેં સજદએ સહવ કરે ઔર અગર ઈસ સૂરત મેં ક઼અદા કી તરફ પલટેગા તો ગુનેહગાર હોગા.

*(મસાઈલે સજદએ સહ્‌વ, સફ્હા : ૯૫)*

"ફતાવા રઝવિય્યહ્‌"મેં હૈ : "અગર ઈમામ પૂરા ખળા હો ગયા થા ઉસ કે બાદ મુક઼તદીને બતાયા તો મુક઼તદી કી નમાઝ ઉસી વક઼્ત જાતી રહી ઔર જબ ઉસ કે કેહને સે ઈમામ લોટા તો ઉસી કી ભી ગઈ ઔર સબ કી ગઈ."

*(ફતાવા રઝવિય્યહ્‌, જિલ્દ : ૮, સફ્હા : ૨૧૪)*

### ૧૮. અગર વિત્ર કી તીસરી રકઆત મેં ઈમામ દુઆએ કુનૂત પળ્હના ભૂલ જાએ ઔર રુકૂઅ મેં ચલા જાએ તો ક્યા મુક઼તદી ઉસે લુક઼મા દેંગે ?

રમઝાન કે મહીને મેં જબ વિત્ર કી નમાઝ જમાઅત સે હોતી હૈ તો કભી કબાર ઐસા હોતા હૈ કે તીસરી રકઆત મેં ઈમામ દુઆએ કુનૂત પળ્હને કે બજાએ ભૂલ કર રુકૂઅ મેં ચલે જાતે હૈં તો અબ ક્યા ઈમામ કો રુકૂઅ સે વાપસ લોટને કે લિયે લુક઼મા દિયા જાએ યા નહીં ? અકષર અવામ યહી સમજતી હૈ કે લુક઼મા દિયા જાએગા અગરચે ઈમામ રુકૂઅ મેં પહોંચ ચુકે હોં, હાલાં કે શરીઅત કા હુકમ યે હૈ કે જબ તક ઈમામ રુકૂઅ મેં નહીં પહોંચે લુક઼મા દિયા જાએગા લેકિન જબ વોહ રુકૂઅ મેં પહોંચ ચુકે તો અબ લુક઼મા દેને કી ઈજાઝત નહીં, બલ્કે ઈમામ કે સાથ રુકૂઅ મેં શામિલ હો જાએં ઔર અખીર મેં સજદએ સહવ કર લેં નમાઝ મુકમ્મલ હો જાએગી, **અગર ઈમામ કે રુકૂઅ મેં પહોંચને કે બા'દ કિસી મુક઼તદીને લુક઼મા દિયા તો ઉસ કી નમાઝ ગલત લુક઼મા દેને કી વજહ સે ટૂટ ગઈ ઔર અગર ઈમામ સાહબ ઉસ કે બતાને કી વજહ સે રુકૂઅ સે વાપસ લોટે તો ઈમામ કી નમાઝ ભી ટૂટ ગઈ ઔર સબ કી નમાઝ ટૂટ ગઈ.** ઐસી નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હૈ.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانْને ઈસી તરહ કે એક સવાલ કે જવાબ મેં તેહરીર ફર્માયા :–

"જિન મુક઼તદિયોંને ઈમામ કો ઈસ ઔદે નાજાઈઝ (યા'ની રુકૂઅ સે વાપસ પલટને) કી તરફ બુલાને કે લિયે તકબીર કહી ઉન કી નમાઝ ફાસિદ હુઈ (અગર) ઈમામ ઉન મુક઼તદિયોં કે બતાને સે પલટા ઔર યે નમાઝ સે ખારિજ થે તો ખૂદ ઉસ (ઈમામ) કી ભી નમાઝ જાતી રહી ઔર ઉસ કે સબબ સબકી ગઈ."

*(ફતાવા રઝવિય્યહ્‌, જિલ્દ : ૮, સફ્હા : ૨૧૯)*

### ૧૯. પેન્ટ યા પા જામા લંબા હોને કી સૂરત મેં ઉસ કો મોળ કર (ફોલ્ડ કર કે) નમાઝ પળ્હના કૈસા ?

કુછ નવજવાનોં કો દેખા જાતા હૈ કે જબ નમાઝ પળ્હને ખળે હોતે હૈં તો પેન્ટ લંબા હોને કી વજહ સે નીચે સે ઉસ કે પાઈચે ફોલ્ડ કર કે નમાઝ પળ્હતે હૈં ઔર સમજતે હૈં કે યે હમ સહીહ કર રહે હૈં ઔર પાઈચોં કો ઐસે હી રેહને દેંગે તો યે ગલત હોગા.

Web : www.barkatekhwaja.net

શરીઅત કે એ'તેબાર સે ઈન નવજવાનોં કી સોચ બિલ્કુલ ગલત હૈ. હુકમ યે હૈ કે અગર કિસી કા પેન્ટ યા પા જામા ઈતના લંબા હૈ કે ટખનોં (પગની ઘૂંટી)સે નીચે તક લટકા હુવા હૈ ઔર યે ઉસને તકબ્બુર ઔર ઘમંડ કી નિય્યત સે પેહના હૈ તો ઐસા પેન્ટ યા પા જામા પહન કર નમાઝ પળ્હને સે નમાઝ મકરૂહે તેહરીમી હોગી, જિસે દોબારા સહીહ તરીકે પર પળ્હના વાજિબ હોગા. લેકિન ! અગર ઉસને ઈતના લંબા પેન્ટ યા પા જામા ઘમંડ કી નિય્યત સે નહીં પેહના બલ્કે ઐસે હી તવજ્જોહ ન હોને કી વજહ સે યા લોગોં કી આદતો ઉર્ફ કી વજહ સે પેહન લિયા જૈસા કે આજકલ બહોત સારે લોગોં કા યહી હાલ હૈ તો ઐસી હાલત મેં નમાઝ પળ્હને સે નમાઝ મકરૂહે તંઝીહી હોગી યા'ની બેહતર યે થા કે ઈસ તરહ નમાઝ ન પળ્હતા લેકિન ફિર ભી નમાઝ હો જાએગી, ન સજદએ સહ્વ વાજિબ હોગા, ન નમાઝ કો દબારા પળ્હના ઝરૂરી હોગા. ઔર અગર ઈતને લંબે પેન્ટ યા પા જામેવાલા નીચે સે પાઈચે ફોલ્ડ કરકે નમાઝ પળ્હતા હૈ તો ઉસ કી નમાઝ મકરૂહે તેહરીમી હોગી, જિસે દો બારા સહીહ તરહ પળ્હના વાજિબ હોગા.

**તઅજ્જુબ હૈ કે કુછ લોગ મકરૂહે તંઝીહી સે બચને કે લિયે મકરૂહે તેહરીમી પર અમલ કર લેતે હૈં ! જો કે સરાસર ગલત હૈ.** "મો'મિન કી નમાઝ" કિતાબ મેં હૈ :–

"પાઈચોં કા કઅબૈન યા'ની ટખ્નોં સે નીચે હોના જિસે અરબી મેં ઈસ્બાલ કેહતે હૈં અગર બરાહે ઉજબો તકબ્બુર હૈ તો કતઅન્ મમ્નૂઅ્ વ હરામ હૈ ઔર ઈસ પર વઈદે શદીદ વારિદ હૈ ઔર અગર ઈસ્બાલ તકબ્બુર કી વજહસે નહીં તો સિર્ફ ખિલાફે ઔલા હૈ. હરામ યા મુસ્તહિક્કે અઝાબો વઈદ નહીં. ઈસ મસ્અલે મેં અવામ મેં બહોત ઝયાદા ગલતફહમી ફેલી હૂઈ હૈ. બહોત લોગોં કો દેખા ગયા હૈ કે વોહ નમાઝ પળ્હતે વક્ત પાજામા યા પતલૂન કો ઉપર ચળ્હાને કે લિયે ઉસ કે પાઈચોં કો મોળતે હૈં. નમાઝ મેં ઈસ તરહ પાઈચોં કો મોળ કર ઉપર ચળ્હના ખિલાફે મોઅતાદ હૈ ઔર નમાઝ મકરૂહે તેહરીમી હોતી હૈ. અગર પા જામા યા પતલૂન ઈતની લંબી હૈ કે પાઉં કે ટખને ધક જાતે હૈં, તો ટખનોં કો ખોલને કે લિયે પાજામા યા પતલૂન કે પાઈચોં કો હરગિઝ મોળના નહીં ચાહિયે બલ્કે કમરબંદ કે હિસ્સે સે ઉપર કી તરફ ખીંચ લેના ચાહિયે ઔર ઈસ તરહ ખીંચને કે બાવજૂદ ભી અગર ટખને નઝર નહીં આતે, તો ટખનેં ઢકી હૂઈ હાલત મેં નમાઝ પળ્હ લેની ચાહિયે. ઈસ તરહ નમાઝ પળ્હને સે નમાઝ મકરૂહ ઝરૂર હોગી મગર મકરૂહે તંઝીહી હોગી, **લેકિન અગર ટખનોં કો ખોલને કે લિયે પાજામા યા પતલૂન કે પાઈચોં કો મોળા તો નમાઝ મકરૂહે તેહરીમી હોગી ઔર જો નમાઝ મકરૂહે તેહરીમી હૂઈ ઉસ કા ઈઆદા યા'ની દોબારા પળ્હના વાજિબ હૈ. હૈરત ઔર તઅજ્જુબ કી બાત હૈ કે મકરૂહે તંઝીહી સે બચને કે લિયે મકરૂહે તેહરીમી કા ઈર્તિકાબ કરતે હૈં.** ઔર અપને ગુમાન મેં સુન્નત પર અમલ કરને કા ઈત્મિનાન કર લેતે હૈં ! અલ્બત્તા પાજામા ટખ્નોંસે સે ઉપર તક હો ઔર ટખને ખુલે રહેં યે સુન્નત હૈ."

*(મો'મિન કી નમાઝ, સફહા : ૧૭૯, ૧૮૦, ૧૮૧)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૭

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

એ જ મોકા પર એક અન્ય હિકાયત ઝબાને ફયઝ તર્જુમાનથી વર્ણન કરી કે એકવાર હું બગદાદ શરીફની તરફ સફર કરી રહ્યો હતો. દજલાના કિનારે મેં બુઝુર્ગાને દીનમાંથી એકને પાણીની સપાટી પર મુલ્લો બિછાવીને નમાઝ અદા કરતાં જોયા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો સજદામાં માથુ રાખ્યું અને દુઆઓ શરૂ કરી, હે અલ્લાહ ! ખિઝર علیہ السلام ગુનાહે કબીરામાં પડી રહ્યા છે તેમને તૌબાની તૌફીક્ અતા ફર્માવ. એ જ દરમ્યાન હઝરત ખિઝર علیہ السلام જાહેર થયા અને પૂછયું, હે બુઝુર્ગ ! મેં કયો ગુનાહે કબીરા કરી નાખ્યો ! મને બતાવો જેથી હું એનાથી તૌબા કરી લઉં. બુઝુર્ગે ફર્માવ્યું કે, હે ખિઝર ! તમે જંગલમાં એક ઝાડ લગાડયું, અને તેના છાંયડામાં આરામ કરો છે અને દાવો એ કરો છે કે ખુદાની મખ્લૂક્ની રહનુમાઈ તથા મદદ કરું છું. હઝરત ખિઝર علیہ السلامએ તરત જ તૌબા તથા ઈસ્તિગફાર કર્યું. (જેમના જેવા મર્તબા. અલ્લાહવાળાઓને મામૂલી ચીજ પણ મોટો ગુનોહ જણાય છે.–*અનુવાદક*)

ત્યારબાદ તર્કે દુનિયા અને દુરવેશના હક્ક્ના બારામાં વર્ણવ્યું કે તમે પણ એવી રીતે રહો જેવી રીતે હું જિંદગી બસર કરું છું. હઝરત ખિઝર علیہ السلامએ પૂછયું, આપ કેવી રીતે જિંદગી ગુજારી રહ્યા છો ? ફર્માવ્યું, હું એ રીતે જિંદગી ગુજારી રહ્યો છું કે જો મને કહેવામાં આવે કે આ આખી દુનિયા અને તેની માલ સંપત્તિ લઈ લો, તમારો કોઈ હિસાબ કિતાબ લઈશ નહીં. અને જો કૂબૂલ નહીં કરો તો તમને દોઝખમાં નાખી દેવામાં આવશે. તો હું દોઝખ કૂબૂલ કરી લઈશ અને આ દુનિયા લેવાથી ઈન્કાર કરી દઈશ. એટલા માટે કે આ દુનિયા મારા ખુદાની તિરસ્કૃત છે, અને જેને ખુદાએ ગઝબ તથા નફરતની નજરથી જોયી હોય તેને હું કબૂલ કરીશ નહીં, બલ્કે દોઝખને અગ્રતા આપીશ.

શયખુલ ઈસ્લામ ફર્માવે છે કે હું એમની નજીક ગયો. સલામ અર્ઝ કરી. જવાબ આપ્યો અને ફર્માવ્યું, આગળ આવી જાવ ! મારા દિલમાં ખયાલ ગુજર્યો કે આગળ તો પાણી છે તો એને કેવી રીતે પાર કરું ! તરત જ રસ્તો બની ગયો અને હું સૂકામાં જ એમના કદમોમાં પહોંચી ગયો. થોડીવાર પછી તેમણે મારા તરફ ધ્યાન કર્યું અને કહ્યું, હે ફરીદ ! ચાલીસ વરસો થવા આવ્યાં છે કે મેં મારા પાસાને જમીનથી નથી લગાડયું અને ઊંઘ નથી લીધી. પણ હે દુરવેશ ! મારી જે રોજી નિશ્ચિત છે જો તેને મારી સામે કોઈ આવનાર પર ખર્ચી ન કાઢું તો મારા દિલને આરામ નથી થતો. કેમ કે દુરવેશી તો એ જ છે કે જે તમારી કિસ્મતમાં

Web: www.barkatekhwaja.net

હોય તેને બીજાઓને આપી દો. તે દિવસે તેમના દરરોજ મુજબના બે પ્યાલા રસો અને ચાર પાતળી રોટલીઓ આલમે ગયબથી જાહેર થઈ. એક પ્યાલો મારી સામે રાખ્યો અને બીજો પોતાની સામે રાખ્યો. અમે ખાવા ખાય લીધું. જ્યારે રાત થઈ અમે ઈશાની નમાઝથી ફારિગ થયા તો મૌસૂફ બુઝુર્ગે નફલ નમાઝ શરૂ કરી દીધી. મેં પણ તેમની ઈકતેદા કરી. તેમણે બે રકાતોમાં ચાર વાર કુર્આને પાક ખત્મ કર્યું. એક રકાતમાં બે કુર્આન ખત્મ કર્યા ત્યાર બાદ સલામ ફેરવી અને માથુ સિજદામાં નાખ્યું અને રડવા લાગ્યા અને કહેવા લાગ્યા, હે અલ્લાહ ! મેં તારી શાનને લાયક કોઈ ઈબાદત ન કરી કે જેથી ખબર પડત કે મેં કોઈ કામ અંજામ આપ્યું છે. સવારની નમાઝ અદા કર્યા બાદ મને વિદાય આપી. મેં જોયું કે હું નદીના કિનારે ઉભો છું અને તે બુઝુર્ગ ગાયબ થઈ ગયા. મને ખબર ન પડી કે તે ક્યાં ગયા. એનુ નામ દુરવેશી છે કે એક તૂટેલા ઘડા સિવાય તેમની કોઈ પૂંજી ન હતી. જ્યારે રાત થતી તો તેનું પાણી પણ ધોળી દેતા અને દિવસ રાત (પોતાનો) હિસાબ કરતા રહેતા અને એકાંત અવસ્થામાં જિંદગી ગુજારતા. એક ઘણા જ મહાન બુઝુર્ગ હતા જેઓ એ પ્રમાણે એકાંત અવસ્થામાં જિંદગી પસાર કરતા હતા કે માલ તથા દૌલતનું એક રજકણ પણ તેમની પાસે ન હતું. ફર્માવતા હતા કે કયામતમાં જ્યારે સવાલ થશે કે તારી જિંદગી કેવી રીતે પસાર થઈ ? તો કહીશ કે એકાંત અવસ્થામાં.

ફર્માવ્યું, પૂરાણા કાળમાં એક બુઝુર્ગ હતા. કેટલાય વરસો થયાં ખાવા પીવા બંધ હતું. તેમના જમાઅતખાનાના તાખલામાં એક ખારેકનો ટુકડો રાખેલ હતો. જ્યારે ભૂખની સખ્તી થતી તો તેને ચૂસી લેતા, અને પછી ત્યાં જ રાખી દેતા. પચાસ વરસો વહી ગયાં પણ તે ખારેક ખત્મ ન થઈ. તેમના વિસાલ પર પણ થોડી સરખી રહી ગઈ.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! એકવાર હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ એક જગાએથી પસાર થઈ રહ્યા હતા. એક કૂતરો રસ્તામાં બેઠેલો હતો. ખ્વાજા બાયઝીદે પોતાની કમીઝનો છેડો સમેટીને ઉપર કરી લીધો કે જેથી કૂતરા સાથે અડી ન જાય. કૂતરાએ ઝબાને હાલથી અવાજ આપ્યો કે હે ખ્વાજા ! આપે દામન કેમ સમેટી લીધો છે ? ત્રણ વાર પાણીના ઉપયોગથી મારી તથા તમારી વચ્ચે સુલહ થઈ શકે છે. મારી નજાસત (નાપાકી) જાહેરી છે જે ત્રણવાર કપડાને ધોવાથી પાક થઈ શકે છે, પરંતું હે ખ્વાજા ! તે નજાસત જે તમારા અંતરમાં છે તે તો બદતર છે. જો તેને સાત સમુદ્રોનાં પાણીથી ધોવાની કોશિશ કરશો તેમ છતાં પણ પાક થશે નહીં. આવો ! હું તમને બતાવું કે દાવો તો સુલ્તાનુલ આરિફીન હોવાનો કરો છો, પોતે પોતાને દુરવેશ કહેવડાવો છો અને હાલ એ છે કે એક આખી કોથળી ઘઉંના દાણાઓની તમારા ઘરમાં ભરેલી પડી છે ! દુરવેશી તો એ છે કે હું કૂતરો થઈને એક હાડકુ જો મને મળે છે તો તેને ખર્ચી કાઢુ છું અને કાલના માટે સંગ્રહ નથી કરતો. અને તમે દુરવેશીના આટલા મોટા ઊંચા દાવાઓ છતાં અનાજનો સંગ્રહ કરેલ છે કે જેથી કાલે વપરાશમાં લાવી શકો. શું આ જ દુરવેશી છે ?! જ્યારે કૂતરાએ આ વાત કહી તો ખ્વાજા બાયઝીદની ચીસ નીકળી ગઈ અને ફર્માવવા લાગ્યા કે આજે હું આ કૂતરાના સાથના લાયક પણ નથી કેમ કે તેને મારાથી શરમ મેહસૂસ થાય છે. કાલે કયામતમાં સુલુકવાળાઓનો સાથ તથા દરબારે ખુદાવંદીના લાયક કેવી રીતે બનીશ?! જેવા કે શયખુલ ઈસ્લામે આ શબ્દો કહ્યા તો ઝહોરની અઝાન થઈ ગઈ. હઝરત નમાઝમાં વ્યસ્ત થઈ ગયા અને ખાદિમો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

# لَیۡسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૪

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## માતમ (હાયપીટ) કરનાર અમારામાંથી નથી

ઈન્સાનને ઈન્સાન એટલા માટે જ કહેવાય છે કે તેમનામાં એકબીજા માટે ઉન્સિયત (લગાવ) અને મહોબ્બત હોય છે. એકબીજાના દર્દને મહેસૂસ કરવું, એકબીજાની તકલીફ પર દુ:ખી થવું અને એકબીજાની ખુશીમાં સહભાગી થવું ઈન્સાનની વિશિષ્ટતાઓમાંથી છે. પછી ઈન્સાનની એક ખાસિયત એ પણ છે કે તે સામૂહિક જીવન પસાર કરવાનું પસંદ કરે છે. ઈન્સાનની આ ખાસિયતને હઝરત શૈખ સઅ્દી رحمۃ اللہ علیہએ ઘણી જ સરસ રીતે વર્ણન કરી છે :–

*બની આદમ અઅ્ઝાએ યક દીગર અંદ*
*કે દર આફરીનશ ઝે યક જોહર અંદ*
*ચું અઝ્વે બદર્દ આવરદ રોઝગાર*
*દિગર અઝ્વહા રા ન માનદ કરાર*

(અર્થાત) : "હઝરત આદમ علیہ السلامની ઔલાદ એકે બીજા માટે અવયવની જેમ છે એટલા માટે તેમની પેદાઈશ એક જ પદાર્થ (માટી)થી થઈ છે. જ્યારે જમાનો કોઈ અંગને તકલીફ પહોંચાડે છે તો બીજા અંગોને સુકૂન નથી રહેતું.

અર્થાત ઈન્સાનિયત અને શરાફત એ છે કે કોઈ ઈન્સાનને તકલીફ પહોંચે તો તે તકલીફ બીજો ઈન્સાન પણ પોતાના દિલમાં મહેસૂસ કરે. જો આ અહેસાસ ન હોય તો તેના માટે કહે છે :–

*તૂ કઝ મહનતે દીગરાં બેગ઼મી*
*ન શાયદ કે નામત નહંદ આદમી*

(અર્થાત) : તું જો બીજાની તકલીફથી બેપરવા છે તો તું એ લાયક નથી કે તને ઈન્સાન કહેવામાં આવે.

પછી કોઈ ઈન્સાનનું જે વધુ નજીકનું હશે તેની તકલીફ પર તેને ઘણી જ તકલીફ થશે. આવી સ્થિતિમાં માયૂસ થઈ જવું ઈન્સાની સ્વભાવ છે. પરંતુ ઈસ્લામે દરેક બાબતને કાનૂન હેઠળ રાખી છે અને ઈસ્લામી તા'લીમાતમાંથી એ પણ છે કે કોઈ ઈન્સાનને કોઈ તકલીફ પહોંચે તો તે અલ્લાહ તઆલા તરફથી નક્કી થયેલ હોય છે અને ઘણી બધી મુસીબતો ઈન્સાનના પોતાના બુરા અમલોના પરિણામે આવે છે.

કુર્આનનું ફર્માન છે : مَاۤ اَصَابَ مِنۡ مُّصِیۡبَۃٍ اِلَّا بِاِذۡنِ اللّٰہِ

"કોઈ મુસીબત નથી પહોંચતી પરંતુ અલ્લાહના હુકમથી." *(સૂરએ તગ઼ાબુન, આ. ૧૧)*

એક સ્થળે ફર્માવે છે :–

وَ مَاۤ اَصَابَکُمۡ مِّنۡ مُّصِیۡبَۃٍ فَبِمَا کَسَبَتۡ اَیۡدِیۡکُمۡ

"અને તમને જે મુસીબત પહોંચી તો તેના કારણે છે જે તમારા હાથોએ કમાયું." *(સૂરએ શૂરા, આ. ૩૦)*

માટે મુસીબતના સમયે ઈસ્લામી તા'લીમ એ છે કે ઈન્સાન હાયપીટ ન કરતાં સબ્રથી કામ લે. જે આમ કરે છે તેના પર ઈન્આમ રૂપે અલ્લાહની રહ્‌મતો છમાછમ વરસે છે, અને તેને અલ્લાહ તઆલા પોતાના ફઝ્‌લો કરમથી કામયાબ બનાવે છે. પરંતુ આનાથી વિપરિત જો કોઈએ મુસીબતના સમયે હાયપીટ કરે તો તેના વિશે આકાએ રહ્‌મત ﷺએ ચેતવણી વર્ણન ફર્માવી છે :–

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَیۡسَ مِنَّا مَنۡ لَطَمَ الۡخُدُوۡدَ، وَشَقَّ الۡجُیُوۡبَ، وَدَعَا بِدَعۡوَی الۡجَاهِلِیَّةِ۔

"જેણે પોતાના ગાલો પર તમાચા માર્યા, પોતાનાં

Web: www.barkatekhwaja.net

કપડા ફાડયા અને જાહિલિયતના જમાના જેવી પોકાર કરી તે અમારામાંથી નથી." *(સહીહ બુખારી, ૨/૮૧)*

આ હદીષમાં ત્રણ વાતો પર ચેતવણીનું વર્ણન છે : (૧) મુસીબતના સમયે પોતાના ચહેરા પર તમાચા મારવા. (૨) પોતાના કપડાં ફાડવાં (૩) જાહિલિયતની પોકાર પોકારવી. એટલે યા વયલાહ, યા મુસીબતાહ (હાય મુસીબત !) વગેરે જેવા શબ્દોમાં હાયપીટ કરવી.

## સોગ અને નોહ઼ાના શરઈ હુકમ

★ 'નોહા' એટલે મૈયતના ગુણ વધારી વધારીને બયાન કરી અવાજ સાથે રડવું જેને "બયન" (મુર્દાનાં ગુણો બયાન કરીને રડવું તથા રડાવવું) કહે છે. ઈજમાઅથી હરામ છે. એ જ પ્રમાણે واویلا،وامصیبتا વાવેલા અથવા યા મુસીબતાહ (હાય મુસીબત) કહી ચિલ્લાવું.

★ ગરેવાન ફાડવું, મોઢા પર મારવું, વાળો ખોલવા, માથા પર માટી નાખવી, છાટી કૂટવી, જાંઘ પર હાથ મારવા, આ સર્વ જાહિલિયતનાં કામો અને હરામ છે.

★ અવાજથી રડવું મના છે અને અવાજ ઊંચો ન થાય તો મનાઈ નથી. *(બહારે શરીઅ઼ત, ૪/૮૫૪, ૮૫૫)*

**નોહા અને હાય વોય કરનારની સજા :** હઝરત અબૂ માલિક અશ્અ઼રી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહ઼મતે આ઼લમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, મારી ઉમ્મતમાં જાહિલિયતના ચાર કામ એવાં છે જેને લોકો નહીં છોડે : (૧) હસબ નસબ (વંશ) પર અભિમાન કરવું. (૨) નસીબના કારણે ટોણા મારવા. (૩) તારાથી વરસાદ માગવો (અર્થાત એ માન્યતા રાખવી કે ફલાણા નક્ષના કારણે વરસાદ થશે.) (૪) નોહા કરવા. આગળ ફર્માવે છે કે નોહા કરનાર સ્ત્રીએ જો મૃત્યુ પહેલાં તૌબા ન કરી તો ક઼યામતના દિવસે એ રીતે ઊભી કરવામાં આવશે કે તેના પર એક કુર્તો ક઼તિરાનનો હશે અને એક ખારિસનો. *(સહીહ મુસ્લિમ, ૨/૬૪૪)*

અલ્લાહુ અકબર ! ક઼તિરાન જેને તારકોલ (Tarcoal) અને ખારિશ્ત બંનેવ ઘણા તકલીફ દેવાવાળા હોય છે. અનુમાન લગાડો કે કેટલી તકલીફ થશે જો તેમના કપડાં બનાવી પહેરાવવામાં આવે.

**મુસીબત પર સબ્ર કરવાના ફાયદા :** મુસીબત પર બેસબ્રી જાહેર કરવી અને હાય વોય કરવી અઝાબનું કારણ છે પરંતુ તેના બદલે જો કોઈ મુસીબતમાં સબ્ર કરે તો અલ્લાહ તઆલા સવાબના સાથે બેહતર બદલો પણ અતા ફર્માવે છે.

હઝરત ઈમામ હુસૈન બિન અ઼લી رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર રહ઼મતે આ઼લમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "જે મુસલમાન પુરૂષ અથવા સ્ત્રી પર કોઈ મુસીબત આવી, તેને યાદ કરી اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَيْهِ رٰجِعُوْنَ કહે ભલે એ મુસીબત લાંબા સમય પહેલાં આવી હોય તો અલ્લાહ તઆલા તેના પર નવો સવાબ અતા ફર્માવે છે. અને એવો જ સવાબ અતા ફર્માવે છે જેવો એ દિવસે અતા ફર્માવ્યો હતો જ્યારે મુસીબત આવી હતી." *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૪૨૯)*

اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَيْهِ رٰجِعُوْنَનો અર્થ છે કે અમે અલ્લાહના બનાવેલ છે અને અમારે અલ્લાહના તરફ જ વળવાનું છે. જ્યારે દિલમાં એ કલ્પના બેસી જશે કે દરેક ઈન્સાન અને દુનિયાની દરેક વસ્તુ અલ્લાહની પેદા કરેલ છે અને દરેકને એક ન એક દિવસ અલ્લાહ તરફ પાછુ વળવાનું છે તો કોઈના મૃત્યુ પર અથવા કોઈ વસ્તુના નુકસાન પર કોઈ હાય વોય નહીં મચાવે, બલ્કે સબ્રથી કામ લઈ સવાબનો હક્ક઼દાર થઈ જશે." કુર્આનનો હુકમ છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ

"હે ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ ચાહો, બેશક ! અલ્લાહ સબ્ર કરવાવાળાઓની સાથે છે." *(સૂરએ બક઼રહ, આ. ૧૫૩)*




**હપ્તો : ૦૫**

**લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી**
*(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)*
**અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા**

### ★ કયામ એટલે નમાઝમાં ઊભા થવું ★

નમાઝના ફર્ઝોમાં સૌ પ્રથમ ફર્ઝ કયામ છે જે નમાઝની શરૂઆત છે. જો કોઈ બીમાર છે કે ઊભો થવાથી મજબૂર છે તો એના માટે શરીઅતનો હુકમ છે કે તે નિયત બાંધીને થોડીવાર ઊભો રહે પછી બેસી જાય અને બેસીને આખી નમાઝ અદા કરે. ઊભા રહેવાથી શરીર સ્થિર થઈ જાય છે જેનાથી માણસના શરીર પર સારી અસરો પડે છે. કયામથી શરીરને રાહતની કેફિયત મહસૂસ થાય છે અને કુર્આનની કિરાઅત નમાઝમાં કરે છે કે સાંભળે છે તો એનું શરીર એક નૂરના વર્તુળમાં એકધારું ઘુમરાયા કરે છે અને જ્યાં સુધી તે એ હાલતમાં રહે છે તે એક અભેદ રોશનીથી ઘેરાયેલો રહે છે. કયામમાં નમાઝી જે હાલતમાં હોય છે જો દરરોજ પાંચ મિનિટ એ હાલતમાં ઊભા રહે તો દિમાગ અને રગોમાં ભારે તાકાત પેદા થાય છે અને માણસ એક એવી ખતરનાક બીમારીથી બચેલ રહે છે જેનાથી માણસ પોતાનુ સ્વાસ્થ્ય બરાબર નથી રાખી શકતો.

કયામથી શરીર અને દિલનો ભાર હલકો થાય છે. કેમ કે, પ્રેશર બંને ફેફસાઓ પર ક્રમસર પડે છે, કરોડરજ્જુનાં હાડકાં સીધાં રહે છે, આંખો સજદાની જગા પર તાકી રહેવાથી વિચારો કાબૂમાં રહે છે, દિલને એકાગ્રતા તથા સંતોષ મળે છે.

### ★ સ્ત્રીઓનું છાતી પર હાથ બાંધવું ★

સ્ત્રીઓ નિયતના પછી જ્યારે છાતી પર હાથ બાંધે છે તો દિલની અંદર તંદુરસ્તી આપતી હુંફ પસાર થાય છે અને તે ગ્રંથિ પરવરિશ પામે છે જે બાળકોના ખોરાકના માટે છે. નમાઝ કાયમ કરવાવાળી માંઓના દૂધમાં એક ખાસ પ્રકારની તાષીર પેદા થઈ જાય છે જેનાથી બાળકોની અંદર અન્વારનો સંગ્રહ થતો રહે છે જે બાળકોની સમજ શકિતને નૂરાની બનાવતી રહે છે.

વિજ્ઞાનની અર્વાચીન શોધમાં એ વાત સાબિત છે કે સ્ત્રીઓ જ્યારે છાતી પર હાથ રાખીને એક ખાસ મુરાકિબા કરે છે એટલે કે દુનિયાથી સંબંધ કાપીને અલ્લાહની તરફ ધ્યાનિષ્ટ થાય છે તો એવી હાલતમાં એક ખાસ પ્રકારનાં કિરણો (RAYS) પેદા થાય છે, જે ડોકટર ડાર્વિનની શોધનાં પ્રમાણે હલકા લીલા કે સફેદ રંગનાં હોય છે અને જે એના શરીરમાં પ્રવેશતાં તથા બહાર નીકળતાં રહે છે અને એના શરીરની અંદર પ્રતિકારક શકિત (IMMUNITY) ના વધવાથી તે શરીર કદી પણ કોશોના કેન્સર (CANCER OF CELLS) માં તે સપડાતુ નથી.

### ★ ગ્રંથિઓનો ઈલાજ કયામ દ્વારા ★

ગ્રંથિઓ કે સાંધાઓના દર્દનો ઈલાજ નમાઝમાં જ થઈ શકે છે. જ્યારે આપણે વુઝૂ કરીને નમાઝના માટે ઊભા થઈએ છીએ તો પહેલાં આપણુ શરીર બિલકુલ ઢીલું હોય છે પરંતુ જ્યારે નિય્યત કરીને હાથ ઉઠાવીએ છીએ તો કુદરતી રીતે શરીરમાં તણાવ પેદા થઈ જાય છે. એ હાલતમાં માણસની ઉપરથી સિફલી જુસ્સાનું જોર તૂટી જાય છે. સીધા ઊભા રહેવાથી દિમાગમાંથી રોશની ચાલીને કરોડરજ્જુના હાડકામાં થઈને આખા શરીરની રગોમાં ફેલાઈ જાય છે. આ વાત બધા જાણે છે કે શરીરની તંદુરસ્તીના માટે કરોડરજ્જુના હાડકાને એક ખાસ સ્થાન મળેલ છે અને ઉમદા

Web. www.barkatekhwaja.net

તંદુરસ્તીનો આધાર કરોડના હાડકાની લચક પર છે.

ડોકટર પાવેલ સ્ટીફનની શોધ છે કે હાડકાની વચમાં એક કાર્ટીલીઝ હોય છે, જો તે હલનચલન ન પામે તો ખરાબ થઈ જાય છે. મેડિકલ સાયન્સના સંશોધન પ્રમાણે કાર્ટીલીઝ ઓછુ થવાના કારણે આપણી ગરદનમાં દર્દ થઈ શકે છે એના માટે બેહતરીન કસરત નમાઝ છે.

નમાઝનો કયામ ગુથણો, ઘૂંટીઓ, પિંડલીઓ અને હાથના સાંધાઓને મજબૂત કરે છે, ગુથણોના દર્દને મૂળમાંથી ખતમ કરે છે પણ શરત છે એ કે માણસ સીધો ઊભો રહે. *(સાઈન્સી દુનિયા)*

**રુકૂઅ** : મેડિકલ સાયન્સની શોધના પ્રમાણે રુકૂઅથી કિડનીમાં પથરી બનવાનું કામ સુસ્ત પડી જાય છે અને પથરીનો દર્દી જેની કિડનીઓમાં પથરી બની ગઈ હોય તે નમાઝી હોય તો રુકૂઅની હરકત થકી પથરી જલદી નીકળી જાય છે.

રુકૂઅથી પગોના લકવાવાળો બીમાર ઘણો જલદીથી ચાલવા ફરવાના લાયક થઈ જાય છે. રુકૂઅથી દિમાગ અને આંખોની તરફ ખૂન વહેવાના કારણે દિમાગ અને નજરોની કાર્યદક્ષતામાં વધારો થઈ જાય છે. રુકૂઅથી કમરના દર્દના બીમાર ઘણા જલદી તંદુરસ્તી થઈ જાય છે. રુકૂઅની હાલતમાં અડધુ શરીર નમવાના કારણે વધારે લોહી પમ્પ થાય છે. પિંડલી, દૂટી અને ગરદનને તણાવથી તાકાત મળે છે અને પેટમાંની નસોના દબાણથી જિગર, આંતરડાઓ, ગુર્દાઓ (કિડનીઓ) અને મૂત્રપિંડની માલિશ થાય છે જેનાથી એ અંગોને રાહત મળે છે.

રાવલપિંડી મેડિકલ કોલેજના પ્રિન્સીપાલ ડોકટર મુહમ્મદ નવાઝની પાસે એક સર્જન જેની પત્ની પણ સર્જન હતી કહેવા લાગ્યો, ડોકટર સાહેબ ! ગુથણો અને કમરોનું દર્દ ખૂબ થાય છે. ઈલાજ ઘણા જ કર્યા પણ કોઈ ફાયદો ન થયો. ડોકટર નવાઝે સર્જન ડોકટરને પૂછયું કે આપ નમાઝ પઢો છો ! સર્જન કહેવા લાગ્યો, હા ! પાંચેવ વખતની નમાઝ પઢું છું ! તો પછી ડોકટર નવાઝ કહેવા લાગ્યા કે તો પછી આપ સારી રીતેથી રુકૂઅ નહીં કરતા હોય. અને પછી એમને સારી રીતે રુકૂઅ સજદા સુન્નતના પ્રમાણે કરવાનું જણાવ્યું. થોડાક સમયના પછી એ ડોકટર સર્જનને સારુ થઈ ગયું અને પોતે તેને કબૂલ કર્યું છે કે જ્યારથી મેં સુન્નતના પ્રમાણે રુકૂઅ સજદા કરવાનું શરૂ કર્યું ત્યારથી મારી બીમારી હમેશાંના માટે ખતમ થઈ ગઈ.

### ★ રુકૂઅથી જિગરની બીમારીનો ખાતમો ★

ઝુકીને રુકૂઅમાં એ રીતે બંને હાથ ગુથણો પર રાખવામાં આવે કે કમર બિલકુલ સીધી રહે અને ગુથણો નમેલા ન હોય તો એ અમલથી પેટને તાકાત તથા શકિત મળે છે તથા હજમશકિતની વ્યવસ્થા સારી બને છે, કબજીયાત દૂર થાય છે, આંતરડાંઓ અને પેટની નસોનું ઢીલાપણું દૂર થઈ જાય છે. રુકૂઅથી જિગર અને કડીનીઓની ક્રિયા દુરુસ્ત થાય છે. આ અમલથી કમર તથા પેટની ચરબી ઓછી થઈ જાય છે, લોહીનું ભ્રમણ તેજ થઈ જાય છે. રુકૂઅમાં દિલ અને માથુ દરેક સીધમાં થઈ જાય છે એટલા માટે દિલના માટે લોહીને માથાની તરફ પમ્પ કરવું સહેલું થઈ જાય છે, એ જ રીતે દિલનું કામ ઓછું થઈ જાય છે અને થોડીવારના માટે એને આરામ મળે છે. જેનાથી દિમાગની તાકતો ઉત્તેજીત થવા લાગે છે. રુકૂઅ કરવાથી હાથ નીચેની તરફ જાય છે એટલા માટે બાઝુઓથી લઈને હાથની આંગળીઓ સુધી આખા શરીરની કસરત થઈ જાય છે એનાથી બાઝુઓની રગો તાકાતવર થઈ જાય છે અને જે ખરાબ તત્વો સાંધાઓમાં ભેગા થયેલ છે તે આપમેળે નીકળી જાય છે.

**સજદહ્‌** : શરીરની કોઈપણ હાલતમાં લોહી દિમાગની તરફ વધારે નથી જતું પણ જ્યારે નમાઝી સજદો કરે છે તો એના દિમાગની શુધ્ધ લોહી ભ્રમણ

Web. www.barkatekhwaja.net

કરનારી રગો (ARFRIES)ની તરફ લોહી વધારે થઈ જાય છે, જેના કારણથી દિમાગ અને નજરોની માણસની રોશની ઘણી જ તેજ થઈ જાય છે, નમાઝી માણસના ચહેરા પર તાજગી રહે છે. એનાથી ઊલટું જે નમાઝ નથી પઢતો એના ચેહરા પર સુસ્તી છવાયેલી રહે છે. જે નમાઝ પઢે છે એના ચેહરા પર સાલેહીનનુ નૂર હોય છે જેના કારણે ચેહરામાં આકર્ષણ અને પ્રભાવ પેદા થાય છે.

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે એક સેકન્ડમાં રોશની એક લાખ છયાસી હજાર બસો બ્યાસી માઈલની ઝડપથી સફર કરે છે અને પૃથ્વી ફરતે એક સેકન્ડમાં આઠ વાર ભ્રમણ કરે છે. જ્યારે નમાઝી સજદાની હાલતમાં જમીન પર માથુ રાખે છે તો એના દિમાગના અંદરની રોશનીઓનો સંબંધ જમીનથી મળી જાય છે અને તેના દિમાગની ગતિ પ્રકાશની ગતિ બની જાય છે.

### ★ સજદહ્ અને વોશિંગ્ટનનો ડોક્ટર ★

ડોકટર વિલિયમ્સનું સંશોધન છે કે જ્યારે નમાઝી સજદામાં જાય છે તો સજદામાં જતા પહેલાં બંને હાથોને જમીન પર રાખે છે. તેનો એ અમલ કરોડરજ્જુને મજબૂત અને લચકદાર બનાવે છે. સજદહ્ની હાલતમાં એક કસરત છે જે જાંગોના વધારાના ગોશ્તને ઘટાડે છે અને સાંધાઓને ખોલે છે. જો સીટોના સાંધાઓમાં ખુશ્કી આવી જાય અથવા ચીકણાપણું ઓછું થઈ જાય તો સજદો કરવાથી એ ઉણપ પૂરી થઈ જાય છે અને વધેલ પેટ ઓછુ થઈ જાય છે. ડોકટર મુહમ્મદ તારિક કહે છે કે મારો એક મિત્ર અમેરિકામાં પોતાના શરીરને પાતળુ કરવાના ઈલાજના માટે ગયો. અમેરિકાના એક નિષ્ણાંત ડોકટરે કહ્યું કે, તમે મુસલમાન છો અને તમારો ઈલાજ નમાઝ છે ! નમાઝ પઢો એનાથી તમારું શરીર સ્માર્ટ થઈ જશે અને તેમાં પણ કોઈ કમી રહી જાય તો તહજ્જુદની નમાઝ પઢો !

### ★ અલ્સરનો ઈલાજ સજદહ્થી ★

જે લોકોના આંતરડાઓમાં જલન રહે છે અને ઝખ્મ થઈ જાય છે તો સહીહ સજદહ્ના અમલથી આ બીમારી બિલકુલ જ ખતમ થઈ જાય છે. સજદહ્માં પેશાની જમીન પર રાખવામાં આવે છે અને એ અમલથી દિમાગી લહેરો જમીનની અંદર દોડનાર વીજળીક કરંટ સાથે ડાટરેકટ મળીને દિમાગની તાકાતમાં કેટલાય ગણો વધારો કરી દે છે. જેના કારણે દિમાગ એકદમ શાંત થઈ જાય છે અને સંતોષી દિમાગ પેટની તેજાબી ગ્રંથિઓને વધારે તેજાબ પેદા કરવાથી રોકે છે અને આ રીતે પેટનું એસીડિકપણુ ખતમ થઈ જાય છે અને તેના પરિણામ સ્વરૂપે ઝખ્મ ભરવાનું શરૂ થઈ જાય છે.

### ★ ડિપ્રેશન (નિરાશા) ★

વૈજ્ઞાનિકોએ લાંબો સજદો કરવો દિમાગની બીમારીઓનો ઈલાજ બતાવ્યો છે. દિમાગ પોતાની જરૂરિયાતના પ્રમાણે લોહીથી જરૂરી તત્વો મેળવીને બેકાર વસ્તુને લોહી દ્વારા કિડનીઓ પાછી મોકલી આપે છે. જેથી કિડનીઓ એમને પેશાબની શકલમાં બહાર કાઢી નાખે છે. સજદહથી ઉઠતી વખતે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે માથું નમેલું હોય અને ખભાઓ સીધા અને એમાં થોડુ તણાવ હોય, ઊઠતી વખતે જાંગ પર હથેળીઓ પણ રાખો, કમરને પૂરી કોશિશથી ઉપર ઉઠાવો અને ધીમેથી ઊભા થઈ જાઓ કે બેસી જાઓ. આમ કરવાથી ડિપ્રેશન, પાગલપન, ગાંડપણ અને તમામ દિમાગની બીમારીઓથી માણસ બચેલો રહે છે.

### ★ વોશિંગ્ટનનો નમાઝને માનનારો ડોક્ટર ★

ડોકટર મુહમ્મદ તારિક કહે છે કે વોશિંગ્ટનના એક ડોકટર સાથે મારી મુલાકાત થઈ તો તે કહેવા

લાગ્યો કે મારું દિલ ઈચ્છે છે કે આખા અમેરિકામાં નમાઝ લાગુ કરી આપુ ! મેં પૂછયું, આમ કેમ ? કહેવા લાગ્યો કે એની અંદર એટલી હિકમતો છે કે કોઈ હદ નથી. તે બ્લડ સ્પેશ્યાલિસ્ટ હતો, કહેવા લાગ્યો કે માણસનું દિલ એ પમ્પ છે જે લોહીને લઈ પણ રહ્યું છે એટલે તે ઈનપુટ (**INPUT**) પણ છે અને આઉટપુટ (**OUTPUT**) પણ છે. આખા શરીરમાં તાજુ લોહી ફ્રેશ થઈને જઈ રહ્યું છે અને બીજુ પાછું આવી રહ્યું હોય છે. જ્યારે માણસ બેઠેલ હોય છે કે ઊભો હોય છે તો શરીરના જે ભાગો નીચે છે એમાં દબાણ ઉપલા ભાગો કરતાં વધારે થઈ જાય છે. જેમ કે ત્રણ માળનું મકાન હોય અને નીચે પમ્પ લાગેલ હોય તો નીચે તો પાણી હશે અને બીજા માળ પર પણ થોડુંક પાણી પહોંચી જશે અને ત્રીજા માળ પર પાણી પહોંચવાની શકયતા ઘણી ઓછી હશે. જેથી એ જ પમ્પ છે જે નીચે બરોબર પાણી આપી રહ્યો છે પરંતુ એની શકિત એટલી નથી કે તે પાણીને ઉપરના સ્થળે પહોંચાડી શકે.

આ દ્રષ્ટાંત સામે રાખીને વિચારો ! માણસનું દિલ લોહી પમ્પ કરી રહ્યું છે અને એ લોહી શરીરના તમામ અંગોમાં પહોંચી રહ્યું છે, પણ નીચેના અંગોની સરખામણીમાં ઉપર એટલુ નથી પહોંચતું. જ્યારે કોઈ એવી હાલત આવે છે કે માણસનું માથુ નીચે હોય છે અને દિલ ઉપર હોય છે તો લોહી માથાના અંદર ફોર્સથી (**FLOODED**) થઈને પહોંચે છે.

જ્યારે માણસ સજદામાં હોય છે તો અનુભવ કરે છે કે જાણે આખા ચેહરામાં લોહી ભરાઈ ગયું છે. માણસ સજદો થોડો લાંબો કરે તો અનુભવ કરે છે કે ચેહરાની બારીક નસો સુધી સંપૂર્ણ લોહી પહોંચી ગયું છે, એ કારણથી નમાઝી માણસના ચેહરા પર તાજગી રહે છે કેમ કે સજદહ્‌ના કારણથી એની તમામ રગોમાં લોહી પહોંચતુ રહે છે. *(ક્રમશઃ)*

**પેજ 24 નું ચાલુ..** વીજળી ચમકે, હવાથી વાતો કરનારા તેજ ગતિવાળા થાકી જાય અને અંતર ન કાપી શકે. (એવો મહાન તેમનો એટલે હઝરત અલીનો મર્તબો છે.)

પણ સોહબતનો ફઝ્‌લ (તથા સહાબિયતનો શરફ—બુઝુર્ગી તથા ફઝ્‌લ) તથા શરફે સયાદત ખુદાઈ દૈન છે જેનાથી મુસલમાન આંખ બંધ નથી કરી શકતા, તો એમના પર લઅન તઅન (ભલુ બુરુ કહેવું) અથવા તેમની તૌહીન તથા ટીકા કેવી રીતે માન્ય રાખીએ, અને કેવી રીતે સમજી લઈએ કે મૌલા અલીના મુકાબલામાં તેમણે જે કાંઈ કર્યું તે નફસાનિયતના કારણે હતું. ઈમાનવાળા મુસલમાનના ખ્વાબો ખયાલમાં પણ એ વાત નથી આવી શકતી. અહલે સુન્નત મુસલમાનો પોતાનું ઈમાન તાજુ કરી લે અને સાંભળી લે કે જો સહાબાએ કિરામના દિલોમાં ખોટ, નિય્યતોમાં ખામી અને મામલાઓમાં ફિત્ના ફસાદ હોય તો رَضِیَ اللّٰہُ عَنْہُمْ નો કોઈ અર્થ જ નથી બાકી રહેતો.

સહાબાએ કિરામ અલ્લાહની નજીક પસંદીદા હોવાનો અર્થ એ જ તો છે કે મૌલા કરીમ તેમના જાહેર તથા બાતિનથી (અંતરથી) રાજી છે, તેમની નિય્યતો તથા દિમાગના વિચારથી ખુશ છે અને તેમના અખ્લાક તથા અમલો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં પસંદીદા છે. એટલા માટે ઈર્શાદ ફર્માવ્યો કે : وَلٰکِنَّ اللّٰہَ حَبَّبَ اِلَیْکُمُ الْاِیْمَانَ وَزَیَّنَہٗ فِیْ قُلُوْبِکُمْ. الاٰیۃ "અલ્લાહ તઆલાએ તમને ઈમાન પ્યારુ કરી આપ્યું છે અને તેને તમારા દિલોમાં સજાવી દીધું છે, અને કુફ્ર તથા હુકમની અવગણના અને નાફર્માની તમને નાપસંદ કરી દીધી છે." હવે જે કોઈ આની વિરૂધ્ધ કહે તે પોતાનુ ઈમાન ખરાબ કરે અને પોતાની આખેરત બર્બાદ કરે. વલ્અયાઝુબિલ્લાહ !

*(ટૂંકાવીને : ફતાવા રઝવિય્યહ, ૨૯/૩૭૫ થી ૩૮૦, રઝા ફાઉન્ડેશન—લાહોર)*

web. www.barkatekhwaja.net

# હું મુસલમાન થઈને



# કુર્આન વિશે શું જાણું છું ?!

હપ્તો ૦૪


**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


## કુર્આનના ઈલ્મો (વિદ્યાઓ)

કુર્આને હકીમ ઈલ્મો તથા વિદ્યાકલાઓનો એક એવો અસીમ સમુદ્ર છે કે સર્વ ઈલ્મો વિદ્યાકલાઓની નહેરો એના થકી વહેતી થાય છે. દુનિયાનો કોઈ ઈલ્મ કે વિદ્યાકલા એવી નથી જે કુર્આનમાં ન હોય. ખાલિકે અર્દો સમા (જમીન તથા આસ્માનનો સર્જનહાર) પોતાના પવિત્ર કલામમાં ખુદ ઈર્શાદ ફર્માવે છે : وَ نَزَّلْنَا عَلَیْكَ الْكِتٰبَ تِبْیَانًا لِّكُلِّ شَیْءٍ "હે રસૂલ ! અમે તમારા પર આ કુર્આન નાઝિલ કર્યું કે જેમાં દરેક ચીજનું રોશન વર્ણન છે." *(સૂરએ નહ્‌લ, આ. ૮૯)*

બીજે ઠેકાણે છે :–

مَا فَرَّطْنَا فِی الْكِتٰبِ مِنْ شَیْءٍ "અમે આ કિતાબમાં કાંઈ બાકી નથી રાખ્યું." *(સૂરએ અન્આમ, આ. ૩૮)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :

مَا كَانَ حَدِیْثًا یُّفْتَرٰی وَ لٰكِنْ تَصْدِیْقَ الَّذِیْ بَیْنَ یَدَیْهِ وَ تَفْصِیْلَ كُلِّ شَیْءٍ

"આ કોઈ બનાવટની વાત નથી પરંતુ આપણાથી આગલા કામોનું સમર્થન છે અને દરેક ચીજનું વિગતવાર વર્ણન છે." *(સૂરએ યૂસુફ, ૧૨/૧૧૧)*

જાણવા મળ્યું કે કુર્આને પાક એવી મહાન ઈલ્મો હિક્મતથી ભરપુર કિતાબ છે કે જેમાં દરેક ઈલ્મ, દરેક વિદ્યા દરેક ચીજની વિગત અને તેનું સ્પષ્ટ રોશન બયાન મૌજૂદ છે. તિર્મિઝી શરીફની હદીષે પાકમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ભાવિમાં ઉપસ્થિત થનારા ફિત્નાઓની ખબર આપી. સહાબાએ કિરામે તેનો ખુલાસો તથા સ્પષ્ટતા કરતાં ફર્માવ્યું, કિતાબુલ્લાહમાં તમારાથી અગાઉના બનાવોની પણ ખબર છે અને તમારા પછીના બનાવોની પણ અને તમારા દરમ્યાનનો ઈલ્મ પણ છે. *(કન્ઝુલ ઈમાન ફી તર્જુમા કુર્આન, ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૪૯૮, સૂરએ નહ્‌લ, આ. ૮૯)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہمાથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, જે ઈલ્મ ઈચ્છે તે કુર્આન લાઝિમ કરી લે એમાં અવ્વલીન તથા આખરીનની ખબરો છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સૂરએ નહ્‌લ, આ. ૮૯)*

હકીકત એ છે કે કુર્આન ઈલ્મો વિદ્યાઓ તથા હિદાયત તથા હિક્મતનો ખજાનો છે જેની જેટલી ઈલ્મી તથા ફિક્રી (ચિંતનાત્મક) કાબેલિયત હોય છે તે એના પ્રમાણે આ કિંમતી ખજાનાથી ઈલ્મી તથા વિદ્યાના જવેરાત ચૂંટી કાઢે છે. મહાન મુહદ્દિષો તથા મુફસ્સિરો અને ફકીહોમાંની અગ્રગણ્ય હસ્તી જણાવે છે કે, "દરેક ચીજ કુર્આનમાં છે અને કોઈ ચીજ જો કુર્આનમાં રહી ગઈ તે હમેશાં સુધી રહી ગઈ."

*(અલ્ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ૨/૧૨૬)*

આપે ત્યાં સુધી જણાવ્યું :

لو ضاع منی اعقال بعیر لو جدته فی کتب اللہ

"જો મારા ઊંટની રસ્સી ક્યાંક ગુમ થઈ જાય તો હું એને પણ કુર્આને પાકમાં મેળવી લઈશ."

*(અલ્ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ૨/૧૨૬)*

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે ઉમ્મતના સર્વ ઈલ્મો હદીષ શરીફની શરહ છે અને હદીષ કુર્આનની. અને એ પણ ફર્માવ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ જે પણ કોઈ હુકમ ફર્માવ્યો એ તે જ

Web :www.barkatekhwaja.net

હતો જે આપને કુર્આનથી હાંસલ થયો.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સૂરએ નહ્લ, આ. ૮૯)*

હઝરત અબૂબક્ર મુજાહિદે ફર્માવ્યું કે આલમમાં કોઈ ચીજ એવી નથી જે કિતાબુલ્લાહ એટલે કુર્આન શરીફમાં વર્ણન પામેલ ન હોય. એના પર કોઈએ એમને કહ્યું કે સરાઓ (મુસાફખરખાનાં)નું વર્ણન ક્યાં છે ? તો ફર્માવ્યું, આ આયતમાં છે :

لَیۡسَ عَلَیۡکُمۡ جُنَاحٌ اَنۡ تَدۡخُلُوۡا بُیُوۡتًا غَیۡرَ مَسۡکُوۡنَۃٍ فِیۡهَا مَتَاعٌ لَّکُمۡ ؕ

''એમાં તમારા પર કોઈ ગુનોહ નથી કે એ ઘરોમાં જાવ જે ખાસ કોઈના રહેઠાણ નથી, અને તેમને વાપરવાનો તમને અધિકાર છે.''

*(સૂરએ નૂર, ૨૪/૨૯, હવાલો ઉપર મુજબ)*

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ લખે છે કે કેવળ ''અઊઝુબિલ્લાહ'' તથા ''બિસ્મિલ્લાહ''થી હજારો નહીં, લાખો મસાઈલ કાઢી શકાય છે.

*(અલ્ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ૨/૧૨૮)*

રિસાલતકાળથી લઈને આજ સુધી કુર્આની ઈલ્મો વિદ્યાઓ પર કેટલીય કિતાબો લેખો લખવામાં આવ્યા જેની ગણના જૂએ શીર લાવવા (અશક્ય કામ) બરાબર છે. દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયાએ લગભગ ૫૦૦ વરસ અગાઉની કુર્આનના ઈલ્મો પર ૨૦૮ અરબી કિતાબોની યાદી રજૂ કરી છે.

*(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, ૧૬/૬૦૯)*

અને કાઝી અબૂ બકર ઈબ્ને અરબીનો કૌલ છે કે કુર્આને કરીમમાં ૭૭૪૫૦ ઈલ્મો છે.

*(અલ્ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન, ૨/૧૨૮)*

*ઝબાનો લફ્ઝ કા દા'વા ફક્ત હદ્દે બયાં તક હૈ*
*તસવ્વુર મૌજે મઅના કા ખુદા જાને કહાં તક હૈ*

અને એક અરબી શાયરે તો આ કલ્પના રજૂ કરીને મસ્અલાને તદ્દન સ્પષ્ટ કરી આપ્યો છે કે :—

جمیع العلم فی القرآن لکن۔تقاصر عنه اذهان ارجال

''સર્વ ઈલ્મો કુર્આનમાં છે પરંતુ લોકોની બુદ્ધિઓ તેને સમજવાથી લાચાર છે.''

આજે સાયન્સનો દૌર છે. સાયન્સ થકી માણસ નવી નવી ખોજો તથા શોધો પ્રદર્શિત કરી રહ્યો છે. ચાંદ પર પહોંચવાની વાતો કરી રહ્યો છે, ત્યાં દુનિયા વસાવવાની કોશિશ કરી રહ્યો છે. અજીબો ગરીબ આશ્ચર્યજનક કારનામાંઓ અંજામ આપવાની કોશિશ કરી રહ્યો છે. પરંતુ એ સર્વ સાયન્સી હકીકતો તથા કારનામાંઓનો જ્યારે કુર્આને કરીમની રોશનીમાં અભ્યાસ કરવામાં આવે છે તો મહાન શાનવાળા (ઉચ્ચ કક્ષાના) વૈજ્ઞાનિકો તેની હક્કાનિયતને સ્વીકારતા જોવા મળે છે. જેમ કે **Maurice Buekaille** પોતાની મશ્હૂર કિતાબ **Bible, Quran & Science**માં લખે છે કે, ''નુત્ફો (વિર્ય) ઠહરવા અને તેના ઉછેર અને ત્યાર બાદ બાળ જન્મના બારામાં જે કાંઈ કુર્આને વર્ણન કર્યું છે તે સત્ય છે અને જે કાંઈ વર્તમાનકાળના બાયબલમાં વર્ણન થયું છે હકીકતથી નજીક નથી.''

પ્રોફેસર કેથ એલ મૂર (**Prof. Keith L. Moor**) કેનેડામાં ટોરોન્ટો યુનિવર્સિટીથી જોડાયેલ છે. જેમની ગણના **Anatomy** (શરીર રચના) અને પેટના બાળક સંબંધી માલૂમાતના ક્ષેત્રે મહાન વૈજ્ઞાનિકોમાં થાય છે. અને જેમનું પુસ્તક **The developing Human**નો અનુવાદ દુનિયાની વિવિધ ભાષાઓમાં થઈ ચૂક્યો છે. ઈ.સ. ૧૯૮૧માં દમામ સઊદી અરબમાં સાતમી મેડિકલ કોન્ફ્રોન્સને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું : ''મારા માટે એ અત્યંત ખુશીની વાત છે કે મેં કુર્આનમાં આપવામાં આવેલા માનવોના ઉછેરના વર્ણનની સ્પષ્ટતા કરી (જેના કારણે) મારા પર એ જાહેર થયું કે આ વિગતો મુહમ્મદ ﷺ પર અલ્લાહે નાઝિલ કરી છે. કેમ કે આ સૌ ઈલ્મી જાણકારી અનેક સદીઓ પહેલાં જાહેર ન થઈ શકી

હતી. એણે મારા પર સાબિત કર્યુ કે મુહમ્મદ અલ્લાહના રસૂલ છે. *(www.islam-guide.com)*

**History of Science** આપણને બતાવે છે કે એ માન્યતા કે પહાડોના મૂળો પણ ઊંડા હોય છે એ ઈ.સ. ૧૮૬૫માં સર જ્યોર્જ એરી **(Sir George Airy)** એ દાખલ કરી હતી. જ્યારે કે ઈસ્લામ અને કુર્આન એ વાત દુનિયાને ઘણા પહેલાં બતાવી ચૂકેલ છે. ખુદા તઆલાનો ઈર્શાદ છે : وَاَلْقٰى فِى الْاَرْضِ رَوَاسِىَ اَنْ تَمِيْدَ بِكُمْ "અને એણે જ પહાડોને જમીનમાં ખોસી દીધા જેથી જમીન તમને લઈને ઝુકી ન જાય." *(સૂરએ નહ્લ, આ. ૧૫)*

આ હકીકતોને લક્ષમાં રાખીને આપોઆપ શાઈરે મશ્રિક ડૉ. ઈકબાલની ઝબાન પર આ શેઅર આવી ચઢે છે : **(અર્થાત)** : "સેંકડો આલમ અલ્લાહની રોશનીમાં ઝિંદા તથા રોશન છે તમામ જમાના તેની નિશાનીઓમાં ગુમ છે."

ટૂંકમાં એ કે કુર્આને હકીમમાં કેટલા ઈલ્મો વિદ્યાઓ જોવા મળી શકે તેનો સહીહ પતો લગાડવો અને તેની ગણત્રી કરવી એક અશક્ય બાબત છે. અન્ય ઈલ્મો વિદ્યાઓની વાતો તો દૂર રહી કેવળ કુર્આનના સંબંધી ઈલ્મોનું એક વિશાળ વર્તુળ છે. જેમ કે ઈલ્મે ક઼િરાઅત, ઈલ્મે તફસીર, ઈલ્મે રસ્મુલ કુર્આન, ઈલ્મે અસ્બાબ, નુઝૂલે કુર્આન, ઈલ્મે અઅ્રાબુલ કુર્આન, ઈલ્મે અજાઈબુલ કુર્આન, ઈલ્મે એ'જાઝુલ કુર્આન, ઈલ્મે ગરાઈબુલ કુર્આન, ઈલ્મે તારીખુલ કુર્આન, ઈલ્મે અક઼સામુલ કુર્આન, ઈલ્મુલ વક઼ફ વલ વસ્લ, ઈલ્મે ફઝાઈલુલ્ કુર્આન, ઈલ્મે ક઼સસુલ કુર્આન, ઈલ્મે અસ્લુબુલ કુર્આન, ઈલ્મે લુગતુલ કુર્આન, ઈલ્મે અર્દુલ કુર્આન, ઈલ્મુન્નાસિખ વલ મન્સૂખ, ઈલ્મે અહકામુલ કુર્આન, ઈલ્મે હુરૂફે મુક઼ત્તેઆત, ઈલ્મુલ મોહકમ વલ્મુતશાબેહાત, ઈલ્મે જમઉલ કુર્આન, ઈલ્મુલ ઈશ્તિક઼ાક઼, ઈલ્મે મઝામિનુલ કુર્આન, ઈલ્મુલ મક્કી વલ્મદની, ઈલ્મે શાને નુઝૂલ, ઈલ્મે કિતાબુલ કુર્આન.... વગેરે. *(આખરી પયગામ, પેજ–૧૩૮)*

ઉપરોક્ત કુર્આની ઈલ્મો ઉપરાંત અન્ય ઈલ્મો તથા વિદ્યાઓ જે કુર્આની ઈલ્મોના વિશે વિવિધ કિતાબોનો અભ્યાસ કર્યા બાદ અમારા અભ્યાસમાં આવેલ છે, એમનામાંથી અમુક નીચે મુજબ છે : (૧) ઈલ્મે અજાઈબુલ્ મખ્લૂક઼ાત (૨) ઈલ્મુલ અસ્મા (૩) ઈલ્મુત્તવારીખ (૪) ઈલ્મુલ હિંદસા (૫) ઈલ્મે અખ્બારુલ ઉમમિસ્સાબિક઼ા (૬) ઈલ્મુલ અવ્વલીનો આખરીન (૭) ઈલ્મે મઆશિયાત (૮) ઈલ્મે તિબ્બ વ મુઆલિજા (૯) ઈલ્મે હયઅત (૧૦) ઈલ્મે તૌક઼ીત (૧૧) ઈલ્મે જદૂલ (૧૨) ઈલ્મુલ લુગત (૧૩) ઈલ્મુલ ક઼સસ વલ્ મિષાલ (૧૪) ઈલ્મુલ અહકામ (૧૫) ઈલ્મે મુનાઝરા (૧૬) ઈલ્મે મુક઼ાબિલા (૧૭) ઈલ્મુલ જબ્ર (૧૮) ઈલ્મુન્નજામ (૧૯) ઈલ્મુલ ફરાઈઝ (૨૦) ઈલ્મુન્નુજૂમ (૨૧) ઈલ્મુશ્શમ્સ વલ્ક઼મર (૨૨) ઈલ્મુલ બુરૂજ (૨૩) ઈલ્મુશ્શેઅરો અદબ (૨૪) ઈલ્મુલ બદાએઅ્ વ દ઼ાએઅ્ (૨૫) ઈલ્મુલ મઆની વલ્બયાન (૨૬) ઈલ્મે કલામ (૨૭) ઈલ્મુલ અક઼ાઈદ (૨૮) ઈલ્મુલ ઈન્સો જિન્ન (૨૯) ઈલ્મુલ હૈવાન વલ વહશત (૩૦) ઈલ્મુલ ક઼બ્ઝ અલ બસ્ત (૩૧) ઈલ્મુલ ફલસફા વલ્ હિક્મત (૩૨) ઈલ્મુલ મન્તિક (૩૩) ઈલ્મુલ જોગરાફિયા (૩૪) ઈલ્મુલ અબ્દાન (૩૫) ઈલ્મે મા બઅ્દલ મૌત (૩૬) ઈલ્મુલ હિસાબ વલ્અક઼ાબ (૩૭) ઈલ્મુલ ઈજતિહાદ (૩૮) ઈલ્મુશ્શરહ વલ્ ફિક઼્હ (૩૯) ઈલ્મુત્તિજારત (૪૦) ઈલ્મુત્તહારત (૪૧) ઈલ્મુલ માકૂલાત વલ્મશરૂબાત (૪૨) ઈલ્મુલ મઆરિફત (૪૩) ઈલ્મુઝ્ ઝાહિર વલ્બાતિન (૪૪) ઈલ્મુલ જઝા વસ્ સઝા (૪૫) ઈલ્મુલ હુદૂદ (૪૬) ઈલ્મુત્તફસીર (૪૭) ઈલ્મે સીરત (૪૮) ઈલ્મુલ મલકૂતુસ્સમાવાત વલ્અર્દ઼ (૪૯) ઈલ્મે ક઼િફાયા (૫૦) ઈલ્મુલ આ'લા ઈલ્લાહ (૫૧) ઈલ્મે ઐયામિલ્લાહ (૫૨) ઈલ્મે સાઈન્સ (૫૩) ઈલ્મે તા'મીરાત (૫૪) ઈલ્મે નબાતાત વ જમાદાત (૫૫) ઈલ્મુત્તહક઼ીક઼ વત્તન્ક઼ીદ વગેરે *(અલ્ઈત્ક઼ાન ફી ઉલૂમિલ કુર્આન, ભાગ–૨, અરબી પેજ ૧૨૭ થી ૧૩૦)*



# આવો.....! એક પ્લેટફોર્મ પર થઈ જઈએ !

કાર્યાલય

**વેલ્ફેર હાઈસ્કૂલ (ભરૂચ)**ના એક પ્રોગ્રામની ક્લિપ હાલમાં જોવા મળી જેમાં **કહેવાતા સુન્ની બરેલ્વી મોલ્વી** તથા **કહેવાતા પીર,** દેવબંદી તથા અન્ય ફિર્કાના મોલ્વીઓ સાથે મુસ્લિમ એકતાના નામે જોવા મળ્યા, જેમાં મોટીવેશનલ સ્પીકર સ્ટેજ પર તેમની ખૂબ પ્રશંસા કરી રહેલ છે. અને મુસ્લિમ એકતાના મહત્વ પર ખૂબ જોર આપી રહેલ છે. અમો પણ મુસ્લિમ એકતાના સમર્થક છીએ પણ દીન ઈમાનના ભોગે નહીં. જે એકતામાં સૌને સરખા સમજી, સૌને ઈમાનવાળા સમજી ભળી જવામાં આવે તો ઈમાન જ નથી રહેતું ! હા ! આવો આ લેખ વાંચો. આ રીતે આપણે સૌ ભાઈ ભાઈ થઈ જઈએ એના માટે અમો તૈયાર છીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ 'ફિર્કાબંધી દૂર કરો !'ની પોકાર ! ★

*મુકર જાનેકા કાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ !*
*હર એકસે પૂછતા હૈ કે ઈસકો કિસને મારા ડાલા હૈ ?!*

આજે હિંદુસ્તાનભરમાં મુસ્લિમોની સલામતી, મુસ્લિમોના હક્કની રક્ષા, મુસ્લિમોની ભલાઈના માટે જાહેરમાં ઘણી બધી સંસ્થાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. આ જમાઅત તે જમાઅત, આ કમિટી તે કમિટી, મુસ્લિમ સમાજ સેવા ટ્રસ્ટ વગેરે... અને તેઓ રાત દિવસ મુસ્લિમ કૌમને સલાહો આપી રહેલ છે કે મુસલમાનોએ આવું કરવું જોઈએ અને આવું ન કરવું જોઈએ. એમની રાત દિવસની પ્રવૃત્તિઓ એ જ છે કે જરાક ક્યાંક કૌમી તોફાન થયું કે કોઈક કુદરતી આપત્તિ ભૂકંપ, રેલ કે સુનામી તો તેના નામે કરોડો અબજો રૂપિયા દેશ વિદેશથી જમા કરી લે છે, જાહેરી રીતે એમાંથી અમુક ખર્ચ કરી લોકોની સહાય થઈ રહ્યાના દેખાવો પણ થતા હોય છે, ક્યાંક મકાનો બનાવી આપ્યાં તો હપ્તાથી રકમ પાછી પણ ઉઘરાવવામાં આવી રહી છે, તો ક્યાંક મસ્જિદ બાંધી આપી અને જબરદસ્તી પોતાનો ઈમામ તથા પોતાના તરીકા પર મુસલમાનોને ખેંચવા બ્લેકમેલિંગ થઈ રહ્યું છે ! તબ્લીગી જમાઅતના કાર્યકર્તા થકી મદદ હશે તો જમાઅતમાં જવાની કે ત્યાં જમાઅત લાવવાની શર્તે સહાયો થાય છે તો બીજા ફિર્કાવાળા તેની રીતે પોતાના પ્રચારની ગરજે કામ કરે જાય છે.

મુસ્લિમ સમાજ સેવાના નામ પર અવનવા ટ્રસ્ટો બને છે અને તેમાં માલદાર મુસ્લિમ લાગણશીલ લોકોના પાસેથી અઢળક નાણા ભંડોળ એકત્ર કરીને ક્યાંક સામાજિક તો ક્યાંક દુનિયાવી એજ્યુકેશનનાં સેન્ટરો ઉભાં કરીને લોકોમાં છાપ ઉભી કરવામાં આવે છે કે મુસ્લિમ ભલાઈના નિઃસ્વાર્થ સેવકો આ જ લોકો છે. કૌમની ભલાઈના નામે સેમિનારો યોજાય છે, કોન્ફરન્સો થાય છે અને મુસ્લિમોની ભલાઈની મીઠી મીઠી વાતો થાય છે. અને દરેક ઠેકાણેથી મુસ્લિમોના કહેવાતા શુભેચ્છકો મીટિંગોમાં, પ્રવચનોમાં તથા મીડિયા થકી જાહેરાતો કરી રહ્યા છે કે :–

**"ફિર્કાબંધી દૂર કરો ! વાડાબંધી દૂર કરો ! મુસ્લિમ સમાજ એક થઈ જાવ ! એક પ્લેટફોર્મ પર આવી જાવ ! આજે હાલત તો જુઓ ! એક મંચ પર આવી જાવ !.... વગેરે વગેરે."**

ઉપલક દૃષ્ટિએ જોનારનું એમનાં સમાજની ભલાઈનાં કામો અને સર્વને એક પ્લેટફોર્મ પર કરવાની કોશિશોથી દિલ દ્રવી જશે કે જગતમાં મુસલમાનોના સાચા હમદર્દો કોઈ રહી ગયા હોય તો આ જ લોકો છે ! એ ન હોત તો મુસલમાનોનું શું થાત ?! પણ દરેક સમજુ વ્યક્તિ સમજે છે કે કોઈપણ વ્યક્તિ વિશે અભિપ્રાય આપવાનો હોય તો ઉડતી મુલાકાત કે એક થોડીકવારના પરિચયમાં નથી આપી શકાતો બલ્કે તેની કારકિર્દીને

web: www.barkatekhwaja.net

જોવી પડે છે, તેમ આ મુસ્લિમોના હમદર્દ વિવિધ ફિર્કાવાળા જેઓ **એક પ્લેટફોર્મ પર થઈ જાવ ! વાડાબંધી દૂર કરો ! ફિર્કાબંધી દૂર કરો !**ની બૂમો પાડી રહ્યા છે તેઓ કોણ છે ? તેમનું બેક ગ્રાઉન્ડ શું છે ? તેમનું મૂળીયું ક્યાં પહોંચે છે ? તે સમજવું જરૂરી છે.

મોટાભાગે **એક પ્લેટફોર્મ પર થઈ જાવ !**ની બૂમો પાડનારા **શીઆ, વહાબી, દેવબંદી, જમાઅતે ઈસ્લામી, અહલે હદીષ વગેરે ફિર્કાવાળાઓ** છે **અથવા તો કોઈ ફિર્કામાં નહીં એવા "સુલેહકુલ્લી" કે જે કોઈ પ્લેટફોર્મ પર નથી !** જેમનો કોઈ મઝહબ જ નથી ! એવા લોકો જોવા મળે છે.

## ★ જાણો છો ?! સર્વ મુસ્લિમ પહેલાં ક્યા એક પ્લેટફોર્મ પર હતા ?! ★

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી** رحمۃ اللہ علیہ ને કોણ નથી જાણતું કે જેમણે અકબરના દીને ઈલાહી નામના ભેળસેળિયા ધર્મની ધજ્જીઓ ઉડાવી દીધી હતી. આજે બની બેઠેલા કૌમના પેશ્વાઓ મિનિસ્ટરો તથા હોદ્દેદારોની ચાપલૂસીમાં રહીને ઈસ્લામી માન્યતામાં ગોળ ગોળ વાતો કરીને કૌમને ગુમરાહ કરી રહ્યા છે તેવા જૂઠા પેશ્વાઓએ ઈબ્રત લેવા જેવા આ બુઝુર્ગ કે જેમણે સમ્રાટ અકબર સામે એકલા હાથે ટક્કર લીધી હતી અને ઈસ્લામની હક્કાનિયતનો ઝંડો બુલંદ રાખ્યો હતો. તેમના સમયમાં પણ હાલ જેમ ચાપલૂસ મુલ્લાઓ હતા પણ જીત હમેશાં હક્કની જ થાય છે, અને થઈ. તે હક્કનો ઝંડો લહેરાવનાર મહાન બુઝુર્ગ **હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી** رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ "રિસાલા રદ્દે રવાફિઝ"માં લખ્યું છે કે :–

**"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો (૫૦૦) વરસો સુધી "અહલે સુન્નત વ જમાઅત"ના સિવાય કોઈ બીજો ફિર્કો પેદા થયો ન હતો. અને તમામે તમામ હનફી મસ્લકના પાબંદ હતા."** *(રિસાલા રદ્દે રવાફિઝ, અઝ : મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہ)*

આ પુસ્તકનો અરબી તર્જુમો દેવબંદીઓ પણ જેમને માને છે તે બુઝુર્ગ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ પોતાની કલમથી 'અલ મુકદ્દમતુસ્સુન્નિયહ્ શિકારતિલ ફિર્કાતિસ્સુન્નિયહ' નામથી કર્યો છે. તર્જુમા હેઠળ શાહ સાહબ ઉમેરો કરતાં લખે છે કે : "પછી હિંદના મુસલમાનો એ જ પ્રમાણેની વિચારધારા તથા અમલની એકરૂપતા સાથે સદીઓ સુધી જિંદગી પસાર કરતા રહ્યા, ન તેમનામાં કોઈ મતભેદ ન વિવાદ હતો ન તેમના દીનમાં મુશ્કેલી ઉપસ્થિત થઈ હતી અને ન બીજા અકીદાના લોકો સાથે તેમની ભેળસેળ હતી. જાણે કે તેઓ એવું જાણતા જ ન હતા કે પૃથ્વીના પટ પર માતુરીદી અકીદા (અહલે સુન્નત વ જમાઅત) સિવાય પણ કોઈ અકીદો છે અથવા હનફી ફિકહ સિવાય કોઈ ફિક્હી મસ્લક પણ છે." *(હવાલો : 'અલ્‌મુકદ્દમતુસ્સુન્નિયહ્ શિકારતિલ ફિર્કાતિસ્સુન્નિયહ' પેજ–૪૮, પ્રકાશક : ઈદારા મઆરિફે નોઅમાનિયા–લાહોર)*

આ પરથી સાબિત થયું કે વિશ્વમાં અમુક ઠેકાણે અન્ય ફિર્કા શીઆ, ખારજી હતા પણ **હિંદુસ્તાનમાં તો કેવળ એક જ પ્લેટફોર્મ પર સર્વ મુસલમાનો હતા અને તે એક પ્લેટફોર્મ "હનફી અહલે સુન્નત વ જમાઅત"**નું જ હતું.

## ★ હિંદમાં જુદાં જુદાં પ્લેટફોર્મોની રચના ક્યારથી થવા લાગી ? ★

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી 'રદ્દે રવાફિઝ' કિતાબમાં લખે છે કે :–

"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો (૫૦૦) વરસો સુધી અહલે સુન્નત વ જમાઅતની બહારો રહી અને કોઈ ફિર્કાબંદી ન થઈ હતી. પરંતુ જયારે ખાકાને આઝમ અબ્દુલ્લાહખાં અઝબકે ખુરાસાન દેશ પર હુમ્લો કર્યો અને ત્યાં સત્તા કબજે કરી તો તેણે ખુરાસાનના કેટલાક શીઆઓને કત્લ કર્યા અને કેટલાકને તડીપાર કર્યા તો તેમાંથી કેટલાક **શીઆ** હિંદુસ્તાનમાં પ્રવેશી ગયા અને ઘણી ચાલાકીપૂર્વક સત્તાધારીઓ તથા હિંદના સુલ્તાનો સાથે જોડાઈ ગયા અને હિંદુસ્તાનની પ્રજાને પોતાના બાતિલ (ખોટા) અકીદાઓ વડે ગુમરાહ કરવા લાગ્યા. આ રીતે ખુરાસાનમાં તો એ ફિત્નો ઠંડો પડી ગયો પરંતુ

Web: www.barkatekhwaja.net

હિંદુસ્તાનમાં આ કિયામતખેઝ ફિત્નો ખડો થઈ ગયો."
*(હવાલો : રદ્દે રવાફિઝ, પેજ-૯, ૧૦)*

**શીઆ ફિર્કાનો અકીદો** : છે કે, "કુર્આનમાં ૪૦ પારા હતા તેમાંથી દસ પારા ગાયબ કરી દેવામાં આવ્યા જેમાં અહલે બૈતની ફઝીલતોનું વર્ણન હતું." એટલે કે તેમણે કુર્આનમાં શંકા કરી અને એવું કરનાર કાફિર છે. બીજું ચાર ખલીફા હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن થઈ ગયા, પણ શીઆઓ પ્રથમ ત્રણને માનતા નથી, જ્યારે તેના માટે ઉમ્મતનો ઈજમાઅ છે, તેમજ હુઝૂર સૈયદુલ બશર ﷺ કરતાં હઝરત અલી کَرَّمَ اللّٰہُ تَعَالٰی وَجْهَهُ الْکَرِیْم ને અફઝલ (ચઢિયાતા) માને છે, બલ્કે તેમની માન્યતા છે કે નબી તો અસલમાં હઝરત અલી જ હતા પરંતુ હઝરત જિબ્રઈલ علیہ السلام એ ભૂલ કરી અને તે મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થયા. વગેરે ઘણા બધા કુફ્રી અકીદા તેમના છે.

## ★ મુસ્લિમ એક્તામાં સૌથી મોટી ફાચર કોણે મારી ?! ★

તનના ગોરા મનના કાળા અંગ્રેજાએ પોતાનું સામ્રાજ્ય ફેલાવવા તથા મજબૂત કરવા વિશ્વભરમાં ધોકાબાજીઓ કરી, તે જ પ્રમાણે હિંદુસ્તાનમાં પણ વેપારના બહાને પગપેસારો કરીને છેવટે આખા હિંદુસ્તાનને તેમણે ગુલામ બનાવ્યું. પોતાની સત્તાને મજબૂત રાખવા માટે તેમણે વિવિધ પ્લાનો બનાવ્યા. હિંદુ મુસ્લિમને પણ લડતા રાખવાનાં કાવતરાં કર્યાં. અને મુસ્લિમો તરફથી તેમને ખૂબ જ ભય હતો જેથી જેહાદના જોશને ખતમ કરવા મુસલમાનોમાંથી એવા માણસો ચૂંટી કાઢયા અને તેમને પોતાના મકસદની કામયાબી કાજે કામે લગાડયા જેમણે ઈસ્લામથી બગાવત કરીને નવા નવા અકીદા ઘડીને મુસલમાનોને આપસમાં લડાવ્યા અને મુસ્લિમોની તાકાતને ખતમ કરી નાખી.

મુસલમાનોનું મજબૂત ધાર્મિક તથા કૌમી માળખુ અંગ્રેજોની આંખોમાં કણાની જેમ ખૂંચતું હતું. તેમણે સતત શોધખોળને અંતે એ હકીકતને સારી રીતે સમજી લીધી કે **મુસલમાનોની ધાર્મિક એક્તા અને જેહાદના જોશનું મૂળ મદની તાજદાર ﷺ ના મહાન દરબારથી જઈને મળે છે. તેમની દીની તથા કૌમી મહાનતા તથા શાનો શૌકતનો તાજમહલ ઈશ્કે રસૂલ અને મહબ્બતે ઔલિયાના પાયાઓ પર રચાયેલ છે, એ પાયાઓને ડગમગાવી દો તો બધું જ વેરવિખેર થઈ જશે.**

*યે ફાકા કશ કે મૌતસે ડરતા નહીં ઝરા*
*રૂહે મુહમ્મદ ﷺ ઉસ્કે બદનસે નિકાલ દો*

લખાણને સંક્ષિપ્તમાં રજૂ કરતાં એટલું જણાવું કે લોકોના દિલોમાંથી ઈશ્કે નબી ﷺ એટલે ઈમાનની રૂહને ખત્મ કરવા માટે તેઓને અનેક મીટિંગો, પ્લાનો, મશ્વેરાઓ થકી મુસલમાનોમાંથી એવા ઝમીરફરોશ માણસો મળી ગયા અને તેમના મકસદને હલ કરવા માટે તેમણે કામ કરી બતાવ્યું તેમાં એક મશ્હૂર નામ "મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી" કે જેમણે અંગ્રેજોના પ્લાન હેઠળ શાને રિસાલતમાં શાને ઔલિયામાં ગુસ્તાખી કરતાં પુસ્તકો લખ્યાં અને **વરસોથી એક પ્લેટફોર્મ પર રહેલા મુસ્લિમોમાં હિંદભરમાં વિખવાદ અને વિવાદ ઉભો કરી જંગો શરૂ કરી દીધા.** ગુસ્તાખે રસૂલ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની કિતાબોના તર્જુમા કરીને હિંદમાં ફેલાવી અને અંગ્રેજોએ તેમને ભરપૂર સહકાર કર્યો. "તકવિયતુલ ઈમાન" નામની કિતાબમાં મુસ્લિમ એકતામાં ફાચર વાગે તેવું ઈસ્લામના કાનૂન વિરૂધ્ધ લખાણ લખ્યું છે એનો ખુદ પોતે જ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ સ્વીકાર કર્યો છે ! લખે છે :–

"મેં આ કિતાબ લખી છે અને હું જાણું છું કે એમાં અમુક જગાએ જરા તીખા શબ્દો આવી ગયા છે અને અમુક ઠેકાણે કડકાઈ પણ થઈ ગઈ છે. કેટલાક ઠેકાણે શિર્કે ખફી (નાના શિર્ક)ને શિર્કે જલી (મોટુ શિર્ક) દર્શાવ્યું છે, એ કારણોને લઈને મને ભય છે કે તેના પ્રસિદ્ધ થતાં વિરોધ વંટોળ જરૂર ઉઠશે, પણ આશા છે કે લડી ઝઘડીને આપોઆપ ઠેકાણે પડી જશે." *(હવાલો : અરવાહે ષલાષા, પેજ-૮૧, અઝ : મોલ્વી અશરફ અલી થાનવી)*

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની "તકવિયતુલ ઈમાન" પહેલાં શીઆ સિવાય સર્વ મુસલમાનો અહલે સુન્નત વ જમાઅત જ હતા અને નબી, વલીથી અકીદતો મહોબ્બતનો જે ક્રમ સહાબાથી ચાલ્યો આવ્યો તેના પર

જ મજબૂતીથી માનનારા હતા. તેવા મુસલમાનો વચ્ચે નવા જ વિરોધી અકીદા ઘડી કાઢીને નબી વલીનું અપમાન કરતાં લખાણો લખી પ્રથમ કિતાબ ''તકવિયતુલ ઈમાન'' ફરતી કરી જેનાથી મુસ્લિમોની શાંતિ એ રીતે દહોરાઈ કે જાણે શાંત સમુદ્રમાં ભૂકંપ સર્જીને એક ભયંકર તોફાન (સુનામી જેમ) ખડુ કરવામાં આવ્યું. અગર તમારી પાસે ઈન્સાફવાળુ દિલ હોય તો નબી વલીની મહોબ્બત ભરી નજરે નીચેનું થોડુક લખાણ વાંચીને ફેંસલો કરો કે મુસ્લિમ એકતામાં પહેલો કુહાડો કોણે ફટકાર્યો !

- ❑ ''અને એ બાબતમાં (ગયબનો ઈલ્મ હોવામાં) વલીઓ, નબીઓ અને જિન્નાત તથા ભૂત અને પરીમાં કંઈ જ ફરક નથી. ગયબનો કોઈને જ નથી.'' *(તકવિયતુલ ઈમાન)*
- ❑ જો કોઈ નબી, વલી અથવા જિન્નાત તથા ફરિશ્તાઓને માટે ઈલ્મે ગયબ હોવાનો અકીદો ધરાવે તો તે મુશ્રિક થઈ જાય છે. *(તકવિયતુલ ઈમાન)*
- ❑ જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કોઈ જ ચીજના માલિક કે મુખ્તાર નથી. *(તકવિયતુલ ઈમાન)*
- ❑ મખ્લૂકના નાની હોય (આમ લોકો) કે મોટી (નબી, વલી) તે અલ્લાહની શાન આગળ ચમારથી પણ અધિક નીચ છે. *(તકવિયતુલ ઈમાન)*
- ❑ હુઝૂર અલ્લાહની નજીક અલ્પ રજકણથી પણ વધુ અશક્ત તથા ઝલીલ છે. *(તકવિયતુલ ઈમાન)*
- ❑ નમાઝમાં રસૂલનો ખયાલ એ ઝિનાના વસવસા, બળદ, ગધેડા તથા ખચ્ચરના ખયાલ કરતાંય અનંતગણો બદ્તર છે.
  *(સીરાતે મુસ્તકીમ, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)*
- ❑ તો તેમણે (એટલે રસૂલે) કહી દીધું કે, ''મને ન તો કાંઈ કુદરત (ઈખ્તિયાર, શક્તિ) છે ન તો કાંઈ ગયબદાની, મારા અધિકારની હકીકત તો એ છે કે હું મારી જાન સંબંધે પણ નફા નુકસાનનો માલિક નથી તો બીજાને માટે શું કરી શકું ?!.. *(તકવિયતુલ ઈમાન)*
- ❑ નબી, વલીની કબર તરફ સફર કરવી અને મૂર્તિઓ તરફ સફર કરવી શિર્ક છે. (એટલે નબી વલીની કબરને મૂર્તિઓ સાથે સરખાવી છે) *(તકવિયતુલ ઈમાન)*
- ❑ અલ્લાહને જ માન ! એના સિવાય કોઈને ન માન !
  *(તકવિયતુલ ઈમાન)*
- ❑ મુહમ્મદ સાહબ મરીને માટીમાં ભળી જનાર છે.
  *(તકવિયતુલ ઈમાન)*
- ❑ આખા જગતનો વહીવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે રસૂલના ચાહવાથી કશું થતું નથી. (આગળ લખે છે) ગૈબની વાત અલ્લાહ જ જાણે છે **રસૂલને એની શી ખબર ?!** *(તકવિયતુલ ઈમાન, ગુજરાતી તર્જુમો : અનુવાદક હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ અરબીયા ઈસ્લામિયા ભરૂચ–કંથારીયા)* લખાણનું તેવર તો જુઓ !
- ❑ ''રસૂલની તા'ઝીમ એટલી જ કરવામાં આવે જેટલી ગામના ચોધરીની.'' *(તકવિયતુલ ઈમાન)* તથા એક ઠેકાણે જણાવે છે કે : ''ઈન્સાન આપસમાં સઘળા ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય તે મોટો ભાઈ છે, તો તેની તા'ઝીમ (માન સન્માન) ''મોટા ભાઈ''ના જેવી કરવી જોઈએ.
  *(તકવિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)*

આ તો મુસ્લિમ એકતામાં ઝીંકાઈ રહેલી કુહાડીના ઘાવોની એક ઝલક જ છે ! અલ્લાહના રસૂલ ﷺ નું ચિત્ર એવું દોરવામાં આવ્યું કે તદન કમજોર, લાચાર અને તુચ્છ માનવને કશીય ખૂબીઓ આપ્યા વિના અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યો ! (અલ્લાહની પનાહ !)

### ★ ઈલ્મે ગૈબ સંબંધે કુર્આનની આયતો ★

હવે સાંભળો ! અલ્લાહે પોતાના રસૂલોને ગૈબનો ઈલ્મ આપ્યો કે નહીં તે કુર્આન શરીફમાં જુઓ :–

- ❑ ''અને તેઓ નથી પામતા તેના (રબના) ઈલ્મોમાંથી, પણ જેટલું તે ચાહે.''
  *(સૂરએ માઈદહ, પારા–૬, આયત–૫૫)*
- ❑ ''અને અલ્લાહની એ શાન નથી કે હે સામાન્ય માનવો ! તમોને ગયબનો ઈલ્મ આપે, હા ! અલ્લાહ ચૂંટી કાઢે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે !'' *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯)*

- "તો (રબ) પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, તેના પસંદીદા રસૂલો સિવાય ! *(સૂરએ જિન, આયત–૨૬, ૨૭)*

## ★ હુઝૂર ﷺના ઈખ્તિયાર સંબંધે કુર્આનની આયતો ★

- **(અર્થ)** : "અને તેઓને બુરૂં લાગ્યું એ જ ને કે એમને **અલ્લાહ વ રસૂલે** ગની (માલદાર) કરી દીધા." *(સૂ. તૌબા, આયત–૭૪, પારા–૧૦)*
- **(અર્થ)** : "કેટલુ સારુ થાત જો તેઓ તેના પર રાજી થઈ જાત જે **અલ્લાહ અને રસૂલે** તેમને આપ્યું." *(સૂ. તૌબા, આયત–૫૯)* એટલે રસૂલ પણ આપી શકે છે, એમને આપવાનો અધિકાર છે એવું કુર્આન ફર્માવે છે.
- **(અર્થ)** : "હે મહબૂબ ! અમે તમોને કૌષર આપ્યું." *(સૂ. કૌષર, આ.૧)* કૌષરનો મતલબ ક્યાં તો "હૌઝે કૌષર" અથવા ખૂબ જ ભલાઈ અથવા ખૂબ જ ઉમ્મત અથવા મકામે મહમૂદ અથવા શફાઅતે કુબરા અથવા વિજયો અથવા સર્વ મખ્લૂક પર મહાનતા....વગેરે. તો અલ્લાહ જેને આટલુ બધુ આપે તે કશી ચીજનો માલિક કે મુખ્તાર ન રહે ?! નહીં નહીં, જરૂર તે અધિકારવાળા જ છે. દેવબંદીનો અકીદો કે "કશોય અધિકાર રસૂલને નથી" તે અકીદો સ્પષ્ટપણે કુર્આનની વિરૂધ્ધ છે.
- **(અર્થ)** : "અને કાફિરો તે ચીજોને હરામ નથી માનતા જે **અલ્લાહ અને તેના રસૂલે** હરામ ફર્માવી." *(સૂ. તૌબા, પારા–૧૦, આયત–૨૯)* એટલે રસૂલે પાકને પણ હરામ ફર્માવવાનો અધિકાર છે. જુઓ કૂતરો, બિલાડી વગેરેનું હરામ હોવું આપણને કુર્આનમાં નથી મળતું તે હદીષોના ફર્માનથી જ મળે છે.
- **(અર્થ)** : "ન કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રીને એ અધિકાર છે કે જ્યારે **અલ્લાહ અને તેના રસૂલ** કાંઈ ફર્માવે તો તેમને તેમની બાબતનો કાંઈ અધિકાર રહે." *(પા. ૨૨, સૂ. અહ્ઝાબ, આયત–૩૬)* આ આયતથી તો મુસલમાનોની **જાન, માલ તથા ઔલાદના** માલિક પણ ખુદાની અતાથી રસૂલ પુરવાર થાય છે. *(જુઓ વધુ માટે કિતાબ 'સલ્તનતે મુસ્તફા')*
- **(અર્થ)** : હે ઈમાનવાળાઓ ! **અલ્લાહ અને રસૂલ**ના બોલાવવા (તેડા) પર હાજર થઈ જાવ ! જ્યારે તમોને બોલાવે." *(પારા–૯, સૂ. અન્ફાલ, આયત–૨૪)*

આનાથી તો સ્પષ્ટ હુઝૂર ﷺ નો અધિકાર સાબિત થાય છે. કુર્આન તો એલાન કરે છે કે હુઝૂર ﷺ અધિકારવાળા છે અને વહાબી, દેવબંદી હુઝૂર ﷺને લાચાર બંદા દર્શાવે છે !

## ★ હુઝૂર ﷺના ઈખ્તિયાર સંબંધે હદીષો ★

**પ્યારા વાંચકો** ! હવે હદીષોમાં પણ જુઓ કે આપણા નબી ﷺ કેટલા ઈખ્તિયારવાળા છે :–

- મિશ્કાત શરીફમાં સૈયદુલ મુરસલીનના ફઝાઈલમાં છે કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી."
- મિશ્કાત શરીફ અખ્લાકે નબીના પ્રકરણમાં છે કે "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે."
- મિશ્કાત શરીફ કિતાબુલ ઈલ્મમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, "અલ્લાહ આપે છે અને હું વહેંચુ છું." ખુદા દરેક ચીજ આપે છે અને હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ તે જ વહેંચશે જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂર ﷺની માલિકી તથા કબજો સાબિત થયો.
- મિશ્કાત શરીફ બાબુસ્સુજૂદે વ ફદ્લિહીમાં છે : એકવાર હુઝૂર ﷺએ રબિઅહ્ ઈબ્ને અબી કઅબ અસ્લમીથી ખુશ થઈને ફર્માવ્યું, **સલ** કંઈક માંગ ! તો તેમણે અર્ઝ કરી, "હું તમારી પાસે એ માંગું છું કે જન્નતમાં તમારી સાથે રહું !" ઈર્શાદ થયો, "વધુ કાંઈક માંગ !" અર્ઝ કરી, બસ !

શું આ સહાબીને તૌહીદનો ઈલ્મ ન હતો ? શું તેમણે શિર્ક કર્યું ? તેમણે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જન્નત જ માંગી લીધી ! અને હુઝૂરે પણ એ નથી કહ્યું કે

''તમે શિર્ક કર્યું ! તૌબા કરો ! મારી પાસે શાનો ઈખ્તિયાર કે આપુ !'' ના ! એવું નથી કહ્યું. તો શું શિર્કથી બચાવવા હુઝૂર આવ્યા ન હતા ? જરૂર આવ્યા હતા ! પણ સહાબીનું ઈમાન હતું કે હુઝૂર ﷺ ઈખ્તિયારવાળા છે. અને હુઝૂર ﷺથી માંગણી કરવી એ શિર્ક ન હતું જેથી હુઝૂરે તેમને રોકયા નહીં. બલ્કે કહ્યું કે, હજી વધુ કાંઈ માંગો !

### ★ હુઝૂર ﷺ ની તા'ઝીમ કેટલી કરવી ?! ★

તે ઉપરાંત ઉપરોક્ત લખાણમાં હુઝૂર ﷺ ની તા'ઝીમ **"મોટાભાઈ''** જેટલી જ કે **"ગામના ચૌધરી"** જેટલી જ કરવામાં આવે એવું માપ દેવબંદી પેશ્વાએ બાંધ્યું છે. જ્યારે કે કુર્આનમાં છે :–

**તર્જુમો** : હે નબી ! બેશક ! અમે તમને ગવાહ (સાક્ષી) તથા ખુશખબરી આપનારા અને ડર સંભળાવનારા બનાવીને મોકલ્યા કે હે લોકો ! તમે **અલ્લાહ** અને **તેના રસૂલ પર** ઈમાન લાવો અને **રસૂલની તા'ઝીમ તથા તૌકીર (જરૂર જરૂર તા'ઝીમ) કરો** અને સવાર સાંજ અલ્લાહની પાકી બોલો.''

*(સૂ. ફતહ, આ. ૮–૯, પા. ૨૬)*

આ આયતમાં તાકીદની સાથે રસૂલની તા'ઝીમ પર ભાર મૂક્યો છે. અહીં માપ નથી દર્શાવ્યું કે આટલી જ કરો ! ઉપરાંત અન્ય ઘણી આયતોમાં આપ ﷺ ની તા'ઝીમની સ્પષ્ટ તાકીદો છે એટલે જ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن રસૂલે પાક ﷺ ની તા'ઝીમ આ પ્રમાણે કરતા હતા જેમ કે હઝરત મસઉદ رضی اللہ عنہ ફર્માવે છે કે ઉરવાએ મક્કાવાસીઓને જણાવ્યું કે :–

**"મેં દરબારીઓને કોઈ બાદશાહની આવી તા'ઝીમ કરતા નથી જોયા જેવી મુહમ્મદ (ﷺ)ના સહાબીઓ દિલો જાનથી તેમની કરે છે."** તો સાબિત થયું કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ કુર્આન તથા હદીષની વિરૂધ્ધ વાત કહી મુસ્લિમોમાં વિખવાદ ઉભો કર્યો.

**દોસ્તો ! હક્કને માનવા માટે એક જ દલીલ પૂરતી હોય છે !** ઉપરની પ્રથમ ત્રણ આયતો સિવાય અગણિત આયતોમાં અલ્લાહ ફર્માવે છે કે તેણે પોતાના પસંદીદા રસૂલોને ગયબનો ઈલ્મ આપ્યો. તો મને બતાવો કે અલ્લાહના સૌથી પસંદીદા તથા મહબૂબ રસૂલ કોણ ? યકીનન ! મહબૂબે ખુદા મુહમ્મદ મુસ્તફા ﷺ જ સૌથી પસંદીદા રસૂલ છે. તો સૌથી વધુ ગયબનો ઈલ્મ કોને મળ્યો ? તથા હુઝૂર ﷺ ના ઈખ્તિયાર બાબતે આયતો તેમજ હદીષોનો તમે અભ્યાસ કર્યો. હવે બતાવો શું આ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી મુસલમાનોના જિગર પર કરવતી નથી ચલાવી રહ્યા ?! અને મુસ્લિમ એકતાનાં ચીંથરાં નથી ઉડાડી રહ્યા ?!

### ★ મુસ્લિમ એકતામાં ફાચરોની હારમાળા ! ★

લખાણને સંક્ષિપ્ત કરતાં આગળ વધીએ કે અંગ્રેજોના ભાડુતીઓમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી સિવાય અન્ય દેવબંદી પેશ્વાઓએ શું લખ્યું તે વાંચતા ચાલો :–

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે :–**

- ❑ જે માણસ અલ્લાહ સિવાય બીજાના માટે ઈલ્મે ગયબ સાબિત કરે તે નિઃશંક ! **કાફિર છે. તેની ઈમામત, તેની સાથે મેળમેળાપ, મહોબ્બત રાખવી હરામ છે.** *(ફતાવા રશીદિયહ્, ભાગ–૨)*

બોલો ! ઉપરોક્ત કુર્આની આયતોને માનશો કે આ મુસ્લિમ એકતામાં હથોડો મારનાર દેવબંદી મોલ્વીની વાતને માનશો ?!

**મોલ્વી અશ્રફ અલી થાનવી લખે છે :–**

- ❑ કોઈને દૂરથી પોકારવો અને સમજવું કે તેને ખબર થઈ ગઈ એ કુફ્ર તથા શિર્ક છે. *(બહિશ્તી ઝેવર)*
- ❑ (હુઝૂર માટે કુલ ગયબના ઈલ્મનો ઈન્કાર કરી, થોડોક ઈલ્મે ગયબે માનીને તેના વિશે લખે છે) એવો ઈલ્મે ગયબ(હુઝૂરના જેટલો કે જેવો) તો **"ઝૈદ"** તથા **"અમ્ર"** (કલ્પિત નામો) બલ્કે **તમામ બાળકો** તથા **પાગલો** બલ્કે **તમામ જાનવરો** તથા **ચોપગાંઓને** પણ પ્રાપ્ય છે. *(હિફઝુલ ઈમાન)*

**મોલ્વી કારી મુહમ્મદ તૈયબ દેવબંદી લખે છે કે :**

- ❑ **રસૂલ** અને **ઉમ્મતી** એટલે સુધી **સરખા** છે કે બંનેને ગયબનો ઈલ્મ નથી.

*–(ફારાન અખ્બારનો તૌહીદ નંબર, પેજ–૧૧૮)*

Web.:www.barkatekhwaja.net

વિચારો ! ખુદાના રસૂલની હૈસિયત દેવબંદી મોલ્વી પાસે કેટલી છે ?!

**દેવબંદી મોલ્વી ખલીલ અંબેઠવી તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છેઃ-**

- "શૈતાન તથા મલકુલ મૌતને વિશાળતા (ઈલ્મની) નસથી (કુર્આની દલીલ)થી સાબિત છે, હુઝૂર ﷺ માટે ઈલ્મની કઈ કુર્આની દલીલ છે ?!"

*(બરાહીને કાતિઆ, પેજ-૫૧)*

દોસ્તો ! અમે કહીએ છીએ કે કુર્આનમાં પુષ્કળ દલીલો છે, ત્રણ આયતો તો ઉપર અમે વર્ણવી તેને જોઈ લો ! વળી મજાની વાત તો એ કે મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ ફતાવા રશીદિયહ, ભાગ-૨ માં (ઉપર દર્શાવ્યું તે વાંચી લો !) ખૂદ લખ્યું કે, "અલ્લાહ સિવાય અન્યના માટે ઈલ્મે ગયબ સાબિત કરે તે નિઃશંક ! કાફિર છે." અને અહીં શૈતાન માટે ઈલ્મે ગયબ માની રહ્યા છે ! **પોતાના જ ફત્વાથી ખૂદ કાફિર ઠરવું એ ખૂબી દેવબંદીઓમાં જ છે !!** વળી નબી તો નબી છે, ખુદા માટે પણ દેવબંદીઓનો અકીદો છે કે, **"ખુદા જૂઠ બોલી શકે છે."** (જહદુલ મિક્લ) જુઓ ! કેવી જૂઠી વાત કરી છે !

**★ મૌલ્વી કાસિમ નાનોત્વીએ ખડો કરેલ ફિત્નો ★**

વળી દેવબંદીઓના પેશવા મોલ્વી કાસિમ નાનોત્વીએ સહાબાથી લઈને આજ સુધી ચાલ્યો આવતો મશહૂર અકીદો કે **હુઝૂર ﷺ આખરી નબી છે અને આપના પછી હવે કોઈ નબી થશે નહીં,** ૧૪૦૦ વરસથી મુસલમાન ઉમ્મત જેના પર ઈમાન રાખતી આવી છે તે અકીદામાં ફાચર મારી દીધી કે, "ધારો કે નબી ﷺ ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં !" *(તહઝીરુન્નાસ)*

અને એક મહાન નવા ફિત્નામાં મુસલમાનોને ઝોંકી દીધા ! અને તેમના બનાવેલા આ પ્લેટફોર્મ પરથી **મિર્ઝા ગુલામ અહમદ કાદયાની** કાદયાનની ભૂમી પરથી પોકારી ઉઠયો કે, "હું નબી છું !" અને તેણે નબીઓની શાનમાં, સહાબા, અવલિયા, કુર્આન, મક્કા, મદીના, હજ્જ.. વગેરેની શાનમાં ભયાનક ગુસ્તાખીઓ કરીને ફિત્નાઓની વણઝાર શરૂ કરી આપી.

ખૈર ! લખાણ ન લંબાવતાં આગળ વધીએ કે કુફ્ર શિર્કના ફત્વાનો વરસાદ હુઝૂર ﷺ ના માટે ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર માનવાવાળા માટે આ મોલ્વીઓએ વરસાવ્યો તો ખરો, પણ એ જ લોકોએ એ જ ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર પોતાના મોલ્વીઓ માટે સાબિત કરતા પ્રસંગો પોતાની કિતાબોમાં વર્ણવ્યા છે ! સમજદારને ઈશારો કાફી છે, નથી સમજવું તેના માટે પુસ્તકોના પહાડ નકામા છે, એમ સમજી લખાણ ટૂંકાવવાના હેતુસર કેવળ એક જ પ્રસંગ વાંચી લો ! અને મુસલમાનોની એક્તાને વિખેરવા માટે અંગ્રેજોના હાથા બનનારા આ મોલ્વીઓને ઓળખી લો ! :-

**★ મૃત્યુ પછી કબરમાંથી મોલ્વી કાસિમ નાનોત્વીનું સદેહે દેવબંદ મદ્રસામાં આગમન !! ★**

કારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ જણાવે છે કે જે સમયમાં મોલ્વી રફીઉદ્દીન સાહબ દા.ઉ. દેવબંદના મોહતમીમ હતા ત્યારે દા.ઉ. ના અમુક મુદર્રિસો વચ્ચે આપસમાં ખેંચતાણ થઈ ગઈ. આગળ જતાં તે હંગામામાં મૌલાના મહમૂદુલ હસન જોડાયા ને ઝઘડો લંબાયો તો એક દિવસ વહેલી સવારે મોલ્વી રફીઉદ્દીને મૌલાના મહમૂદુલ હસનને પોતાના કમરામાં જે દા.ઉ. દેવબંદમાં છે ત્યાં બોલાવ્યા. અને કહ્યું કે પ્રથમ મારાં સુતરાઉ કપડાં જુઓ ! ઠંડીની સીઝન હતી છતાં પરસેવાથી ભીનાં હતાં ! કહ્યું, વાત એમ છે કે હમણાં કાસિમ નાનોત્વી જાહેરી શરીર સાથે મારી પાસે આવ્યા હતા જેથી મને પસીનો છૂટી ગયો ! અને મને કહીને ગયા છે કે મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે ! તો મૌલાના મહમૂદ હસને કહ્યું કે હું તૌબા કરું છું ! હવે પછી આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં !"

*(દેવંબદીની કિતાબ અરવાહે ષલાષા)*

**વિચારો** ! મર્યા પછી દેવબંદી કાસિમ નાનોત્વીને કબરમાં ઝઘડાની ખબર થઈ ગઈ, તે કબરમાંથી નીકળીને દા.ઉ.માં આવ્યા, મૌલાના રફીઉદ્દીનને સૂચના આપી જે ઉપર લખી છે.

આ જ વાત નબી વલી માટે તમે કહો તો તમે

મુશ્રિક થઈ જાવ ! પણ કાસિમ નાનોત્વી માટે ઈલ્મે ગયબ અને તસર્રુફ તથા નફો પહોંચાડવાની વાત પોતે જ તેમના ટોચના મોલ્વીઓ લખે છે છતાં પાકા મુસલમાન તો તેઓ પોતે જ છે ! તો **શું કાસિમ નાનોત્વીને તેઓ ખુદા માને છે ?** કેમ કે **ખુદા સિવાય ગયબનો ઈલ્મ, ઈખ્તિયાર કોઈના માટે સાબિત કરવું તો તેઓ શિર્ક લખી ગયા છે** અને **અલ્લાહના આપવાથી પણ** આ બધું માને તેને પણ **મુશ્રિક** કહે છે ?! જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે.

મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ દેવબંદી મોલ્વીઓના ઉપરોક્ત અકીદા અને બીજી બાજુ આ જણાવ્યો તેવા પ્રસંગો (બંને પાસાંઓ)ને એક કિતાબ ''ઝલઝલા''માં એકત્ર કરી જયારે પ્રસિધ્ધ કર્યા તો ખૂદ દેવબંદના 'તજલ્લી' માસિકના બેબાક તંત્રીએ કહેવું પડયું કે :

આમિર ઉષ્માની દેવબંદી તંત્રી ''તજલ્લી'' દેવબંદ લખે છે : ''અમારી નજીક જાન છોડવવાનો એક જ માર્ગ છે તે એ કે ક્યાં તો તકવિયતુલ ઈમાન અને ફતાવા રશીદિયહ્, ફતાવા ઈમ્દાદિયા તથા બહિશ્તી ઝેવર અને હિફઝુલ્ ઈમાન જેવી કિતાબોને (જેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, ઈખ્તિયાર વગેરે માનનારને કાફિર, મુશ્રિક લખેલ છે) ચોરાહા પર મૂકીને આગ લગાડી દેવામાં આવે અને સાફ એલાન કરી દેવામાં આવે કે એનાં લખાણો કુર્આન તથા હદીષની વિરૂધ્ધ છે અને અમારા દેવબંદીઓના ખરા અકીદા અરવાહે ષલાષા, સવાનેહે કાસમી, અશ્રફુસ્સવાનેહ (જેમાં દેવબંદીઓ મોલ્વીઓ માટે ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર....ની સાબિતી કરતા પ્રસંગો છે) જેવી કિતાબોથી માલૂમ કરવા જોઈએ. અથવા આ (પાછલી) કિતાબો વિશે એલાન કરી દેવામાં આવે કે આ તો કેવળ કિસ્સા કહાનીઓની કિતાબો છે જે ભલી બુરી વાતોથી ભરેલી છે અને અમારા ખરા અકીદા તે જ છે જે પ્રથમ દર્શાવેલ કિતાબોમાં દર્શાવેલા છે.''

*(માહનામા તજલ્લી–દેવબંદ, મે–૧૯૭૩)*

સારાંશ કે ઉપર જણાવ્યા તે દેવબંદી મોલ્વીઓએ કુર્આન હદીષ વિરૂધ્ધ, હુઝૂર તથા સહાબાથી ચાલ્યા આવતા અકીદા વિરૂધ્ધ લખાણો લખીને મુસ્લિમ એક્તાને તોડી કે નહીં એ ખુદ તમે જ ફેંસલો કરી લો !

## ★ સાચા અહલે સુન્નત વ જમાઅત કોણ છે ?! ★

અહલે સુન્નતની હક્કાનિયત માટે કુર્આન હદીષ સાક્ષી છે જેમ કે હદીષોમાં છે :–

''મારી ઉમ્મત ૭૩ ફિર્કાવાળાઓમાં વહેંચાઈ જશે, તમામ ફિર્કા જહન્નમમાં જશે સિવાય એક ગિરોહના. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે નજાત પામનાર ગિરોહ કોણ હશે ? ઈર્શાદ ફર્માવ્યો, જે મારી સુન્નત (તરીકા) અને મારા સહાબાની જમાઅતને અનુસરનાર હશે.''

*(અલ્જામિઉસ્સુન્નહ લિલ તિર્મિઝી, ૯૩/૨)*

અલ્હમ્દુલિલ્લાહ ! અમે બરેલ્વી સુન્નીઓ એ જ તરીકા પર છીએ જે સહાબીઓનો છે, **રસૂલે પાકની તા'ઝીમ તથા આપના માટે ઈલ્મે ગયબ તથા ઈખ્તિયારનું માનવું એ સહાબીઓનો તરીકો છે.** શું કોઈ સાબિત કરી શકે છે કે રસૂલે પાક ﷺ ના માટે જે લખાણો દેવબંદી મોલ્વીઓએ ઉપર જણાવ્યાં તેમ ઈલ્મે ગયબના ઈન્કાર તથા ઈખ્તિયાર બાબતે રિવાયત કર્યા હોય અથવા રસૂલે પાકને પોતાના સમાન ગણ્યા હોય ?! નહીં ! અને હરગિઝ નહીં ! એટલે કે વહાબી દેવબંદી સહાબાના તરીકા પર તથા તેમને માર્ગે નથી જ. ભલે લાંબી દાઢી કે ઝભ્ભા કુભ્ભા ચઢાવીને શો કરે ! બલ્કે સાચા અહલે સુન્નત વ જમાઅત તથા સવાદે આઝમ (મોટી જમાઅત) બરેલ્વી સુન્નીઓ જ છે.

સુન્ની બરેલ્વી જ સાચા અહલે સુન્નત વ જમાઅત છે તેની સાબિતી રૂપે વધુ એક હવાલો જુઓ :

વહાબી, અહલે હદીષ, ગૈરમુકલ્લિદોના પેશ્વા મૌલાના ષનાઉલ્લાહ અમૃતસરી પોતાની કિતાબ **"શમ્એ તૌહીદ"** ના ૪૦ (ચાલીસ)માં પાના પર લખે છે કે, ' 'અમૃતસરમાં મુસ્લિમ આબાદી હિંદુ, શીખ વિગેરે સરખી છે. **૮૦ (એંસી) વર્ષ પહેલાં લગભગ બધા જ મુસલમાન તે જ ખ્યાલના હતા જેમને આજકાલ 'બરેલ્વી, હનફી' ખ્યાલના કહેવામાં આવે છે.** *(–મૌલાના ઈસ્માઈલ ઔર તકવિયતુલ ઈમાન, શમ્એ તૌહીદના હવાલા સહિત)*

એટલે કે સુન્ની બરેલ્વી તે જ છે જેઓ સહાબા, તાબઈનથી ચાલી આવતી માન્યતાવાળા છે. બાકીના બધા પછીથી નીકળ્યા છે. સારાંશ કે **અહલે સુન્નત વ જમાઅત એટલે સહાબા જેવા અકીદાવાળા હોવું** છે, તો સહાબીઓએ કોઈ રિવાયતમાં હુઝૂર ﷺ ના માટે ગયબના ઈલ્મના ઈન્કારની કે આપના ઈખ્તિયારના ઈન્કારની વાતો કે માન્યતાઓ નથી દર્શાવી જેવી કે દેવબંદી મોલ્વીઓએ ઉપર દર્શાવી. બલ્કે હુઝૂર ﷺ નો ઈખ્તિયાર તથા ઈલ્મે ગયબ માનતા હોવાના અસંખ્ય પ્રસંગો સહાબાના છે. અને એને જ અમે સુન્ની બરેલ્વીઓ માનીએ છીએ. માટે એ સિવાયના સર્વ અહલે સુન્નત હોવાના દાવેદાર ફિર્કા ગલત છે એ સૌ સમજી શકે તેવી વાત છે.

## ★ અહલે સુન્નત પર જ રહેવા તાકીદ કરતા બુઝુર્ગો ★

મહાન બુઝુર્ગો હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "દરેક શખ્સે જોઈએ કે અહલે સુન્નતના અકીદાને પોતાના દિલમાં જમાવે કેમ કે આ જ તેની નેકબખ્તીનું બીજ છે."

*(કીમીયાએ સઆદત, પેજ–૮૫)*

હઝરત ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ તોત્તેર ફિર્કાવાળી હદીષ બયાન કર્યા બાદ નજાત પામનાર (નાજી) ફિર્કાનો નિર્દેશ કરતાં લખે છે : "રહ્યો નજાત પામનાર ફિર્કો તો તે અહલે સુન્નત વ જમાઅત છે." *(ગુન્યતુત્તાલિબીન/હુજ્જતુલ્લાહ અલલ આલમીન, પેજ–૩૯૭)*

કુત્બે રબ્બાની ઈમામ અબ્દુલવહાબ શઅરાની قدس سرہ ઔલિયાએ કિરામની નિશાનીઓ વર્ણવતાં લખે છે કે, "અલ્લાહના વલીની બીજી નિશાની એ છે કે તે તરીકતમાં દાખલ થતાં પહેલાં અહલે સુન્નતના અકીદાથી વાકેફ બને."

*(હુજ્જતુલ્લાહ અલલ આલમીન, પેજ–૩૯૭)*

શૈખુલ ઈસ્લામ ખ્વાજા બહાઉલ હક્ક ઝકરિયા મુલતાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે, "જે મારા સિલસિલામાં સામેલ થશે તે સર્વે મારી ઝમાનત હેઠળ છે, અને સિલસિલાથી મુરાદ કુર્આન તથા સુન્નતની પયરવી, મુજતહિદ ઈમામોનાં કથનો, સહાબાના ઈજમાઅ અને અહલે સુન્નત વ જમાઅતનું અનુસરણ છે." *(ખુલાસતુલ આરિફીન)*

એ ઉપરાંત અસંખ્ય બુઝુર્ગો જેમ કે હઝરત ઈમામ મુહમ્મદ સીરીં, હઝરત અલ્લામા સૈયદ તહતાવી, હઝરત ખ્વાજા અબ્દુલ અઝીઝ દબ્બાગ, હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ, આરિફ બિલ્લાહ હઝરત શૈખ ઈસ્માઈલ હક્કી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, હઝરત દાતાગંજ બખ્શ, શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ બરેલ્વી (قُدِّسَتْ اَسْرَارُهُمْ) વગેરેએ અહલે સુન્નત વ જમાઅત એ જ સવાદે આઝમ એટલે નજાત પામનાર ગિરોહ છે તેવું દર્શાવી તેના પર કાયમ રહેવા તાકીદ કરી છે. સર્વ વલીઓ અહલે સુન્નતમાં જ થયા છે.

સારાંશ કે અહલે સુન્નતને માનનાર બુઝુર્ગાને દીનને માનનાર છે, નબી વલીની તા'ઝીમ તથા તેમના મર્તબાને દિલો જાનથી માનનારા છે એ કેવળ અને કેવળ બરેલ્વી સુન્નીઓ જ છે, કેમ કે દેવબંદીઓના અકીદા તો એનાથી વિપરીત છે ઉલ્ટા છે જે આગળ અમે હવાલા સાથે દર્શાવી આપ્યું. જેથી કોઈ પોતાને અહલે સુન્નત વ જમાઅત કહે કે સુન્ની પણ કહે તો તેની ઓળખ તથા પરખ એ જ છે કે તેના અકીદા સુન્ની બરેલ્વી જેવા છે કે નહીં ?! એ ધ્યાન રાખશો.

હવે મૂળ વિષય પર આગળ વધો ! મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ એક સાથે બે ફિર્કાનો પાયો નાખ્યો **દેવબંદી** કે જે પોતાને મુકલ્લિદ કહે છે એટલે કહેવા પૂરતો તો ઈમામે આ'ઝમ અબૂ હનીફાની તકલીદ કરનાર છે, એમના તરીકા પર અમલોનો દાવેદાર છે. જ્યારે બીજો ફિર્કો **ગૈર મુકલ્લિદ** છે જે પોતાને **અહલે હદીષ** કહે છે, તે કોઈપણ ઈમામ હનફી, શાફઈ, માલિકી, હંબલી ચારેવમાંથી કોઈને માનતો નથી અને એના પાયાના અકીદા નબી વલીની ગુસ્તાખી કરતા એક સમાન જ છે જેવા દેવબંદીઓના છે જેથી એ પણ ગમુરાહ ફિર્કો છે અને અહલે સુન્નતના પ્લેટફોર્મથી નીકળીને અલગ પ્લેટફોર્મ પર ગયેલો છે.

એ જ પ્રમાણે **"જમાઅતે ઈસ્લામી"** નામથી

પોતાને ઓળખાવતો એક ફિર્કો છે જેને **"મૌદૂદી"** કહેવાય છે જેના સ્થાપક મૌલાના અબુલ આ'લા મૌદૂદી છે, એ પણ વહાબિયત, દેવબંદિયતની શાખ જ છે. તેમના પાયાના અકીદા પણ કુફ્રી છે જેવા કે દેવબંદી તથા અહલે હદીષ ગૈર મુકલ્લિદના છે. તે ઉપરાંત આ ફિર્કાના સ્થાપકે કુર્આનની, રસૂલે ખુદા ﷺ ની, તમામ નબીઓની, તમામ સહાબાની, મુજદ્દિદોની તથા વલીઓની શાનમાં ટીકાઓ કરીને પોતાના જહન્નમી હોવાનું એલાન કર્યું છે. ખૂબ જ છૂટછાટવાળા આ ફિર્કામાં કહેવાતા એજ્યુકેટેડો કહેવાતા બુદ્ધિશાળીઓ પણ દીની ઈલ્મથી કોરા, નાસમજ લોકો અધિક સપડાયા છે. આ ફિર્કાવાળા પણ અસલ નજાત પામનાર ફિર્કા અહલે સુન્નતના પ્લેટફોર્મ પરથી હટી જઈને અલગ થયેલા છે.

એ જ પ્રમાણે **અહલે કુર્આન, નેચરી, કાદયાની વગેરે ફિર્કાઓ** પણ અહલે સુન્નતથી અલગ માન્યતાઓ રાખવાના હિસાબે અહલે સુન્નતના પ્લેટફોર્મથી નીકળીને દૂર જઈ પડયા છે અને જહન્નમીઓની હરોળમાં ખડા થઈ ગયા છે.

આ સર્વ ફિર્કાઓ નબી વલીની તૌહીન કરવામાં એક જ મંચ પર છે અને વહાબી ફિર્કાની શાખો જ છે અને અહલે સુન્નતથી અલગ પડીને ખૂદ જુદા થયેલા છે.

## ★ 'એક પ્લેટફોર્મ પર આવી જાવ !' એ નારાનો અર્થ શું ?! ★

તમે સર્વ ફિર્કાઓની વાસ્તવિક્તા સંક્ષિપ્તમાં જાણી લીધી તો હવે અમને કોઈ સમજાવે કે એ ફિર્કાઓ તરફથી વર્તમાનકાળમાં જે જોર શોરથી એક પ્લેટફોર્મ પર આવી જાવ ! વાડાબંધી દૂર કરો ! ફિર્કાબંદી દૂર કરો ! ની બુમો પડી રહી છે તેનો અર્થ શો છે ?!

આપે અભ્યાસ કરી લીધો કે **પ્લેટફોર્મ તો એક જ અહલે સુન્નત વ જમાઅતનું હતું ! તેના પરથી ઉતરી ઉતરીને કોઈ દેવબંદીના પ્લેટફોર્મ પર ગયા, કોઈ અહલે હદીષના પ્લેટફોર્મ પર, કોઈ કાદયાનીના પ્લેટફોર્મ પર, કોઈ નેચરીના પ્લેટફોર્મ પર જતા રહ્યા. હવે દૂર જઈને બૂમો પાડી રહ્યા છે કે એક પ્લેટફોર્મ પર થઈ જાવ ! તો આ ભ્રામક નારાનું રહસ્ય શું છે ?!**

અમને તો એટલું સમજાય છે કે તેમનું કહેવું એવું છે કે, **હે સુન્નીઓ ! અમે તમને દુનિયાના લાભો કેટલા આપીએ છીએ તેને જુઓ ! ભલે અમારા અકીદા નબી વલીની ગુસ્તાખી કરનારા છે, ભલે અમે નબીને અલ્લાહની શાન આગળ ચમારથી ઝલીલ કહીએ, નબીના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો જેવો માનીએ, ભલે ઈમામોની તૌહીન કરીએ તેમનો ઈન્કાર કરીએ, ભલે નબી વલીના ગુસ્તાખ મોલ્વીઓને અમે પેશ્વા ગણીએ, ભલે અમે ઈમામ હુસૈનને બાગી અને યઝીદને હક્ક પર કહીએ, ભલે અમે કહીએ, 'બંદા હોવામાં બધા જ સરખા છે જેવી રીતે એક નબી એવી જ રીતે શૈતાન રજીમ' (મૌદૂદી), ભલે અમે તકલીદના મુન્કિર હોઈએ ! પણ તમે એ બધું ધ્યાન પર ન લો ! અને એ બધું ભૂલી જાવ ! અને એમને પણ મુસલમાન જ ગણો ! અને ભાઈ ભાઈ બનીને રહો ! શું આ ઈન્સાફની વાત છે ?! અને ઈસ્લામી શરીઅત શું એ વાતની છૂટ આપે છે કે જે નબી વલીની તૌહીન કરીને કુફ્ર કરે તેને પણ મુસલમાન સમજો ? શું કોઈ સહાબીએ એવું કર્યું હતું ખરું ?! બલ્કે ખલીફાએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક** رضی اللہ عنہ **એ જ્યારે ઝકાતના ઈન્કાર કરનારાઓનો ફિત્નો ઉઠયો હતો** ત્યારે તેમની સાથે જેહાદ કર્યો હતો અને તે ફિત્નાને ખતમ કર્યો હતો, તો પછી નબી વલીની ગુસ્તાખીઓ કરનારાને ક્યો મુસલમાન ગળે લગાડશે ?! તથા દરેક દૌરમાં ઉઠેલા નવા ફિર્કા તથા ફિત્નાનો રદ જે તે સમયના બુઝુર્ગો તથા ઉલમાએ કર્યો છે એના માટે ઈતિહાસ સાક્ષી છે તો હવે શું ઈસ્લામી કાનૂનો બદલાઈ ગયા કે એક પ્લેટફોર્મ પર (મુસલમાન તથા બાગી) સૌ થઈ જાય ?!

## ★ અમે પણ કહીએ છીએ, આવી જાવ એક પ્લેટફોર્મ પર ! ★

હા ! મુસ્લિમ એક્તા જરૂરી છે અને એમાં ટુકડા થવાથી મુસ્લિમોની તાકાત ખત્મ થઈ ચૂકી છે, આપસમાં મહોબ્બત, એક્તાની ભાવના હોવી જોઈએ. રસૂલે ખુદા ﷺ એ પણ ફર્માવ્યું છે કે, **"મુસ્લિમ કૌમ આપસમાં**

**લાગણી, મહોબ્બત અને મહેરબાનીમાં એક શરીરની જેમ છે, કોઈ એક અંગમાં પીડા ઉપસ્થિત થાય છે તો આખુ શરીર બેચૈની તથા તાવનો શિકાર થઈ જાય છે."**

*(સહીહ બુખારી શરીફ, કિતાબુલ અદબ)*

સારાંશ કે એક બીજાના દુ:ખે દુ:ખી થવું, તેને સહકારી બનવું એ મો'મિનની નિશાનીઓમાંથી છે. પણ **મુસલમાન કેવળ કલ્મો પઢનારનું નામ નથી ! તમામ જરૂરિયાતે દીનનો સ્વીકાર કરે તે જ મુસલમાન રહેશે.** અને અલ્લાહને જૂઠ તથા તમામ અમલોથી પાક માનવું તથા નબી કરીમ ﷺ ની તા'ઝીમ કરવી, તૌહીન ન કરવી એ વાતો પણ જરૂરિયાતે દીનમાંથી છે, **માટે જેઓ કોઈ દુનિયાવી લાભ કાજે કે દુનિયાવી લાભ મળતાં કોઈના એહસાનો હેઠળ દબાઈને** એવા ગુસ્તાખોને મુસલમાન સમજી બેઠા હોય તેઓ અસલિયતને સમજીને પોતાની આખેરતને બચાવવા ખાતર તેવાઓથી સાવધાન થઈ ઈમાનની રક્ષા કરે, કેમ કે ઈમાન વિના જે પણ દુનિયાથી જશે તે હમેશાંની જહન્નમમાં જશે એ યકીની વાત છે.

અને **અમો તમામ બાતિલ ફિર્કાવાળાઓને દા'વત આપીએ છીએ કે આવો ! આજથી ૧૪૦૦ વરસ પહેલાં સહાબાના જે અકીદા હતા તેને જ પકડી રાખનાર "અહલે સુન્નત વ જમાઅત" કે જે એક જ નજાત પામનાર જમાઅત છે તેના હતા તેને અપનાવી લો ! અને અહલે સુન્નતથી ક્રમે ક્રમે અલગ થયેલ ગમે તે ફિર્કામાં આપ ચાલ્યા ગયા હોઉ, પણ પલ્ટી આવો ! અને તે અહલે સુન્નતથી અલગ થયેલ તમામ ફિર્કાઓના બાતિલ અકીદાઓથી તૌબા કરીને એ જ અહલે સુન્નત વ જમાઅતના અસલ પ્લેટફોર્મ પર આવી જાવ ! તો આપણે એક જ છીએ! આપણે ભાઈ ભાઈ છીએ ! તમારા માટે અમારી જાનો હાજર છે ! આવી જાવ! તે જ અસલ પ્લેટફોર્મ પર ! કે જ્યાં બંને જહાનની ભલાઈ જ ભલાઈ છે.**

## ★ સુન્નીઓને અંતિમ વિનંતિ ★

પ્યારા સુન્ની ભાઈઓ ! દીની ઈલ્મ સાથે સાથે દુનિયાવી એજયુકેશન બાબતે તરક્કી થવી જ જોઈએ, મુસલમાન બંને રીતે સજજ હોય એ અમે માનીએ જ છીએ પણ દુનિયવી ઉચ્ચ એજયુકેશન કે મુસ્લિમ સમાજ સેવાના નામે દીન ઈમાનને પીઠ પાછળ રાખી દેવામાં શકય છે કે તમારો પુત્ર કે પુત્રી ડોકટર, વકીલ, એન્જીનીયર કે વૈજ્ઞાનિક બની જાય અને દુનિયવી તરક્કી કરીને આંતરરાષ્ટ્રીય વ્યાપારી કે મોટો સત્તાધારી પ્રધાનમંત્રી કે વડાપ્રધાન બની જાય, પણ જો તે અહલે સુન્નત વ જમાઅત સિવાયના માર્ગે ચઢી જાય અથવા ઈસ્લામ ધર્મથી બેઝાર અને બેપરવા થઈ ગુસ્તાખે રસૂલ જેવા અકીદા અથવા તો નાસ્તિક જેવા વિચારોવાળો થઈ જાય તો દુનિયામાં તમારી વાહ વાહ થશે, સુખ સગવડો મળશે, પણ આ ક્ષણિક દુનિયાવી જીવનમાં આંખો બંધ થઈ કે હમેશાંની જહન્નમમાં સળગવા સિવાય કાંઈ જ તેના હાથ આવશે નહીં. પછી એ જ કહેવું પડશે કે :–

*વો અંધેરે હી ભલે થે કે કદમ રાહ પર થે*
*રોશની લાઈ હૈ મંઝિલ સે બહોત દૂર હમેં*

માટે ખોટા ભરમોને ત્યજીને દીન ઈમાન માટે બાબતે સાવધાન રહેશો. જેઓ ગુસ્તાખે નબી છે અથવા જાણવા છતાં ગુસ્તાખે નબીને દીની પેશ્વા કે મુસલમાન જ સમજે છે તેમનાથી મેળ મેળાપ કે દીકરા દીકરી વહેવાર, **તેમની દા'વતો ખાવી કે તેમને દા'વતો આપવી**, તેમની પાછળ નમાઝ સૌ **હરામ** છે, તેમના જનાઝામાં જવું હરામ અને તેમની નમાઝે જનાઝા પઢવી તથા તેમના માટે મગફેરતની દુઆ કરવી કુફ્ર છે. જેમ કે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ **તથા અન્ય ઉલમાએ અહલે સુન્નતનું ફર્માન છે. જેમણે આ બાબતે ભૂલો કરી હોય તેઓ દીન ઈમાનનું મહત્વ સમજી તૌબા કરી લે** અને અહલે સુન્નત પર મજબૂતીથી રહે એમાં જ બંને જહાનની ભલાઈ છે.

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ*
*લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ



Web: www.barkatekhwaja.net

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) હજીયાણી ફાતિમાબેન હાજી અબ્દુલમજીદ દેસાઈ તા. ૨૦–૦૫–૨૦૨૧, ૭ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ ઝુબેદાબહેન અબ્દુલ ખાન તા. ૦૧–૦૬–૨૦૨૧, ૧૯ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **વિલાયત** : મૌલાના આસિફ અશરફી તાંદલજા વડોદરાથી લખી જણાવે છે કે અમારા બનેવી સૈયદ ઐયૂબ ડૉકટર તા. ૨૭–૦૪–૨૦૨૧, ૧૪ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. તેમની દફનવિધિ મુા. વિલાયત (તા.જિ. ભરૂચ) મુકામે કરવામાં આવી.
- **કહાન** : હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા જણાવે છે કે એમના મોટામા હજીયાણી આઈશા મુહમ્મદ ધારીયા તા. ૨૫–૫–૨૦૨૧, ૧૯ શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. તથા મર્હૂમાના પુત્ર હાજી બશીરભાઈ મુહમ્મદ ધારીયા તા. ૧૧–૦૬–૨૦૨૧, ૨૯ શવ્વાલુલ્ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **જાંબુ** : (જિ. બોટાદ)ના અમારા ખાસ હમદર્દ "બરકાતે ખ્વાજા" (માસિક) તથા "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ના જૂના મેમ્બર તથા ચાહક મર્હૂમ ગુલામ રસૂલ દાઊદ કણજા તા. ૧૧–૦૬–૨૦૨૧, ૨૯ શવ્વાલુલ્ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ મોરબી પાસે રોડ અકસ્માતમાં ઈન્તેક઼ાલ કરી ગયા. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત કરે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **મોતીપુરા** : (તા. ડભોઈ) ખાતે પીરે તરીક઼ત હાજી સૈયદ સૈયદઅલી ક઼ાદરી સિદ્દીક઼ીમિયાં અમીનુદ્દીન કુત્બુદ્દીન નિઝામુદ્દીન ઉર્ફે દઅતાનિયા પીર મોભા તા. ૪–મે–૨૦૨૧, ૨૧ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ લગભગ ૧૦૦ વર્ષની વયે આ ફાની દુનિયાને અલવિદા કહી દીધી છે.
- **સાંસરોદ** : મુક઼ામે અબ્દુલ્લાભાઈ સબૂર તથા તેમનાં બહેન મર્હૂમા જુલેખાબેન ઈસ્માઈલભાઈનો ઈન્તેક઼ાલ તા. ૨૮–૦૪–૨૦૨૧ (૧૫ રમઝાન હિ.સ. ૧૪૪૨) બુધવારના રોજ થયો છે. તેમજ તેમનાં પત્ની મર્હૂમા હનીફાબેન અબ્દુલ્લાહ સબૂરનો ઈન્તેક઼ાલ તા. ૧૫–૫–૨૦૨૧ (૨ શવ્વાલ) શનિવારના રોજ થયો.
- **દયાદરા** : ખાતે મુઝ નાચીઝનાં (તંત્રી : બરકાતે ખ્વાજા માસિકનાં) વાલિદા મોહતરમા મહેરબાન, આયશા અલી પટેલનો લગભગ ૮૯–૯૦ વરસની વયે તા. ૩–૦૬–૨૦૨૧, ૨૧–શવ્વાલુલ મકર્રમ હિ.સ.૧૪૪૨, જુમેરાતે ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમાની ભલી દુઆઓથી અમારા કુટુંબ તથા સગાંઓમાં નવાસા નવાસીઓમાં પૌત્રોમાં મુફતી, આલિમો, હાફિઝ તથા આલિમાઓ દીનની ખિદમતમાં સૌ લાગેલાં છે. સર્વ સગાં સ્નેહીઓ, ભાઈઓ બહેનો, તેમની ઔલાદો સર્વથી અતિશય મહોબ્બત રાખતાં અને ખૂબ દુઆઓ આપતાં, સૌની ખબર રાખતાં, જેથી સૌની ઝબાન પર એ જ શબ્દ છે કે અમારો દુઆનો દરિયો જતો રહ્યો. સૌને ભલી દુઆઓ આપનાર મર્હૂમાના ઈન્તેક઼ાલથી જાણે દુઆનો એક શ્રોત અટકી ગયો. રબ્બે કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*